કુમાર

અંક ૮

ઉગતી પ્રજાનું માસિક

તંત્રી
રવિશંકર રાવળ



વર્ષ ૧ :: અંક ૮

શ્રાવણ

વીરપસલી અંક

૧૯૮૦

લવાજમ

વરસના રૂ. ૬ :: છ માસના રૂ. ૩

પરદેશના રૂ. ૭

છૂટક નકલના દસ આના

કુમાર કાર્યાલય

૧૪૮૦, રાયપુરઃ અમદાવાદ

પુસ્તક પહેલું

અંક : ૮

કુમાર

સંવત ૧૯૮૦

શ્રાવણ

ઉગતી પ્રજાનું માસિક

તંત્રી : રવિશંકર રાવળ

કુમાર કાર્યાલય : ૪૪૯૦, રાયપુર : અમદાવાદ

અનુક્રમ

બહારગામના એજન્ટો

નવજીવન કાર્યાલય, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ-૨.
વર્ધમાન ઍન્ડ સન્સ, ૬, પાયધુની, મુંબાઇ-૩.
જેતશી બ્રધર્સ, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબાઇ-૧.
કરાંચી બુકસ્ટોલ, નેપીઅર રોડ, કરાંચી.
યુગાન્તર કાર્યાલય, લાલગેટ સામે, સુરત.



કુમાર
વીરપસલી અંક
૧૯૮૦

મીરાંબાઈ
(ચિત્રકારઃ રવિશંકર રાવળ)



રક્ષાબંધન

મંગળાગૌરીનું વ્રત ઉજવી આજ હું તને રાખડી બાંધવા આવી છું, ભાઈ.

મારા હાથના કાંતેલ સુતરની આ કુંકુમભરી રાખડી છે. પંચગવ્યથી,* મંત્રથી અને દીપધુપથી એને પવિત્ર કરી દેવને ધરી હતી. હવે એને તારે હાથે બાંધું છું.

ચોમાસાનો નાગે તને નહિ કરડે. રોગની શરદ ઋતુ નિરામય ગાળી સો વરસનો થજે, વીરા.

ગુરુજને તને ઉપનયન દઈ બ્રાહ્મણ બનાવ્યો, અને તું અધ્યયન કરવા ગુરુને આશ્રમે જાય છે તેથી હું ક્ષેમ ઈચ્છિવા આવી છું.

સ્વદેશના રક્ષણે તું સૈનિક થઈ યુદ્ધે સીધાવે છે, તો રક્ષાબંધનની સાથે જ તારી બેનની આશિષ છે કે 'તારો જય હો.'

અરે, આ હિંસાની લડાઈ તે કેટલીક લંબાશે ? લાવને, રણમેદાનમાં જઈ આજે જ શત્રુરાજાને ભાઇ કરી રાખડી બાંધી આવું. ધર્મની માનેલ બેન ખાતર પણ એ સલાહસંપ કરી પાછા જશે.

અને તું તો વણજવેપાર માટે વહાણ ભરી સફરે જાય છેને ? ભલે સીધાવ, ભાઈ. સમૃદ્ધ થઈ તું ક્ષેમકુશળ ઘેર વળજે.

શ્રાવણી પુનમના ચંદ્રને વાદળાં વળુંધે છે; તારા જીવનમાર્ગમાં પણ વિઘ્નો નડશે: પણ વીર, બેનની રાખડીએ ચંદ્ર શો તું ફરી અખંડ પ્રકાશશે.

* ગાયથી ઉત્પન્ન થએલા પાંચ પદાર્થ: દૂધ, દહીં, ઘી, છાણ અને મૂત્ર.



આત્માની ભુખ

બાળક, જુવાન, કન્યા કે માતા કોઇ પણ 'કુમાર' વાંચીને એમ તો નહિ કહી શકે કે તેમાંની બધી બાબતોમાં તેમને રસ પડયો નથી. અને જ્યારે કોઇ પણ વસ્તુમાં આપણને રસ પડતો જણાય ત્યારે જાણવું કે એ બાબતની આત્માને ભુખ છે. આત્મા રસનો ભોગી છે. શરીરને અન્ન જોઇએ તેમ આત્માને રસ જોઇએ. અને એ રસ શુદ્ધ, સાત્વિક, બલદાયક અને પ્રેરક હોય તો જ ખરો વિકાસ થઈ શકે.

કુમાર-આત્માની રસની તરસ છીપાવવા અમે જે સાવધાની અને મહેનત લઇએ છીએ તેની કદર કરી શકનાર તો થોડા હશે; પરતુ પોતાની જાત અને પોતાનાં કુટુમ્બ તરફ જોઇને પોતાને માટે સારૂં—શુદ્ધ વાંચન શોધનારા પણ ભાગ્યે જ મળે છે.

લક્ષાધિપતિ

એ શબ્દ સાંભળીને ઘડીભર તમને એમ થતું હશે કે તમે પણ લક્ષાધિપતિ હોત તો કેવું ?

પણ માનશો ? તમે સાચ્ચે જ લક્ષાધિપતિ છો ! આપણામાંનો દરેક જણ લક્ષાધિપતિ છે. હું, તમે, આપણે સૌ લક્ષાધિપતિ છીએ.

દુનીઆ આખીમાં અત્યારે સૌથી વધારેમાં વધારે પૈસાદાર માણસ મિ. રૉકફેલર કરીને એક અમેરિકન ગણાય છે. પરંતુ એ રૉકફેલરની દોલત પણ આપણી દોલત આગળ કંઇ જ વિસાતમાં નથી.

તેની પાસે મહોરો કેટલી છે તે ગણી શકાય છે. તેના હીસાબનીશો તેની ઉપજ તથા ખર્ચના આંકડા ગણી શકે છે. પણ ઇશ્વર તરફથી આપણને મળેલી દોલતનું માપ કાઢવાને તો કોઇપણ સમર્થ નથી. ખરેખરા ધનવાન તો આપણે છીએ. પણ આપણે એ દોલતનો શો ઉપયોગ કરીએ છીએ ?

મહોરો, સોનાચાંદી ને હીરાઝવેર કરતાં યે કીંમતી એવી તમારી લાખો—કરોડો પળોનો તમે શો ઉપયોગ કરોછો ?

કોઇ માણસ ઉડાઉ હોય, ખુબ પૈસા ઉડાવતો હોય, લાખો રૂપીઆ વેડફી નાખતો હોય, તેના તરફ દુનીઆ કેવો અણગમો બતાવે છે ? એને માટે કોઇને ચાહ નથી, માન નથી; સૌ એને મૂર્ખ—ગુનેહગાર ગણે છે. પણ ખચિત માનજો કે ઇશ્વરની આપેલી અણમુલ પળો તમે વેડફી નાખતા હો, તમારો અમૂલ્ય સમય ગુમાવતા હો, તો તમે એ પૈસાના ઉડાઉગીર કરતાં પણ મોટા ઉડાઉગીર છો; એના કરતાં વધુ મૂર્ખ છો—વધારે ગુનેહગાર છો.

રૉકફેલર કહાચ દુનીઆમાં એક હશે; એનાથી ઉતરતા એના જેવા બીજા બેપાંચ હશે; પણ લાખો પળોના માલિક ધનપતિઓનું—સમયના શ્રીમંતોનું ટોળું કેવડું મોટું છે એનો ખ્યાલ તો કરો ! દરેક ઘરમાં, દરેક પોળમાં, નીશાળમાં, કારખાનામાં દુકાનમાં કે બજારમાં—ઠેરઠેર તમારા જેવા અસંખ્ય અમુલી પળોના માલિકો વસે છે.

એક જ પળનો ખ્યાલ બાંધો અને તેની કીંમત વિચારો. એ એક પળમાં તો તમે અમર થઇ શકો. એ એક જ પળમાં તમે કોઇ નવો વિચાર દુનીઆમાં મુકી શકો; એક જ પળમાં તમે કોઇ નવી બનાવટ શોધી કાઢી શકો; અથવા જ્ઞાનનો કોઇ મહાન ભેદ બહાર લાવી શકો. એક જ પળમાં કોઇક ગરીબનું દુઃખ ફેડી શકો કે કોઇ ગમગીન ચ્હેરા પર હાસ્ય ચમકાવી શકો.

હલકું સાહિત્ય

બેન વાંચે ને ભાઇ સાંભળે, દીકરો માબાપને વાંચી સંભળાવે, ગમે તે ગમે તેની આગળ નિખાલસપણે રસથી વાંચી શકે, નાનાં બાળકોને જેમાંથી વાર્તાઓ કહી, ચિત્રો બતાવી આનંદ આપી શકાય, એવું નિર્દોષ વાંચન અળગું કરીને આપણા દેશનાં માણસોનાં ટોળેટોળાં હલકા રસની હલકી વાતોમાં ખુબ ખર્ચ કરી શકે છે અને માણી શકે છે, એ જોઈ દરેક સજ્જનને તો ખેદ જ થતો હશે. પણ એ જોવા છતાં પણ કેટલાં ઓછાં માણસો સારા વાંચનને ટેકો આપી નઠારાની સામે વાંધો ઉઠાવે છે ?

ગયો અંક

વાંચનારાઓને અતિશય પસંદ પડેલો એવા જથ્થાબંધ અભિપ્રાયો અમને મળ્યા છે. વાંચનારને શું ગમે છે, એમને શું આપવું

ઘટે છે, વાંચકોનાં મન કઇ ખોટી દિશા તરફ વળેલાં છે, એમના આત્માની ખરી તરસ શી છે, વગેરે પાઠ દર મહીને 'કુમાર'શીખતું જાય છે. એને તો હોંશ છે કે તે વાંચનારનો હમેશનો મિત્ર બની રહે. અનિષ્ટ વસ્તુઓ તરફથી તેને સંભાળપૂર્વક વારી લઇ તેનું મન જીતી લે, અને પ્રેમથી તેનામાં રસ પુરે, જ્ઞાન આપે, પ્રેરણા પાય અને પ્રાણ પ્રગટાવે.

એ પ્રતિષ્ઠા

-ની ખાતરી આપનારી એક જ વાત અમે જણાવીએ. છ માસ માટે થએલાં ગ્રાહકોમાંથી જુજ સંખ્યા જ અમને ગયા માસમાં છોડી ગઇ છે. અને તેમાંના મોટા ભાગે તો, ગ્રાહક તરીકે બંધ થવામાં પોતાની પૈસા સંબંધી અશક્તિ બતાવીને 'કુમાર'-ને માટે શુભેચ્છા બતાવી છે. અમે ઇચ્છીએ છીએ કે 'કુમાર'ને પ્રજા તરફથી મોટો ટેકો મળે તો અમે તેને સત્વર સસ્તું કરીને એ ગએલાં ગ્રાહકોને પાછાં મેળવી લઇએ.

અમારો નિશ્ચય

અમારી તો માન્યતા છે કે પ્રજાને જો 'કુમાર'ની જરૂર ન હોય તો એણે બંધ જ થઇ જવું જોઇએ. પણ ગયા છ માસના હીસાબને અંતે ખોટના ભારે આંકડાઓની સાથે અમે એ પણ જોયું છે કે લોકોને 'કુમાર' ગમ્યું છે; તેમને'કુમાર'જોઇએ છે. પરંતુ એની પાછળ કરવા પડતા મોટા ખર્ચને પહોંચી વળવા જેટલો ટેકો એને હજી નથી મળ્યો. 'કુમાર' વધારે દળદાર, અને છતાં બને તો સસ્તું પણ થાય એ અમારી નેમ છે. અને તેને માટે ગ્રાહકોના ટેકાની જરૂર છે. અમારો તો નિશ્ચય છે કે જાતે ઘણામાં ઘણો ભોગ આપતું છતાં, અને દર મહીને મોટી નુકસાનીમાં ઉતરતું છતાં પણ 'કુમાર' તેના ગ્રાહકોની એક પાઈ પણ ખોટી ન થવા દે. વાંચનારા જો'કુમાર' ને પગભર અને સબળ કરવા ટેકો આપશે તો અમે હિંમતથી કહી શકીએ છીએ કે થોડા જ વખતમાં તેને, હાલ છે તે કરતાં પણ વધારે સુંદર, વધારે ઉપયોગી અને બને તો સસ્તું પણ, બનાવવા અમે ચુકીશું નહિ.

'ઓહો, આટલું જ કામ ને ? એ તો કાલે થશે. ઇશ્વરે જીંદગી આખી આપી છે; ચાર દહાડા મોજ તો કરી લઇએ.' એમ વિચારી તમે બેદરકારીથી એશઆરામમાં ડૂબી જાઓ છો.

અથવા તો 'અરે, રામ ! આવડી તે વિપત્તિ ? ત્રણ સાંધું ત્યાં તેર તુટે છે. ચોતરફથી આપદા જ આપદા ! કંઇ આરોવારો હશે ?' એવા નીસાસા નાખી કપાળે હાથ દઇ તમે નિરાશા ને ગમગીનીમાં ઢળી પડો છો.

પણ એ એક જ પળે તમને ખ્યાલ આવે છે કે કીંમતી સમય ચાલ્યો જાય છે—એળે જાય છે.

અને મોજશોખને ધક્કેલી મુકી, કે નિરાશાને દૂર ફેંકી દઇ તમે ચટાપ દઇને ઉભા થાઓ છો; ટટ્ટાર થઇ, છાતી ફુલાવી, ઉંચું માથું કરી દૃઢતાથી કામે લાગો છો.

અને નહિ તો પછી, તમારી જીંદગીનો અમુલો સમય તમે ટોળટપ્પામાં, મોજશોખમાં, આળસમાં, નિરાશામાં કે દુર્વ્યસનમાં ગુમાવી દુનીઆમાં દુઃખ અને દાળદરનો વધારો કરો છો.

ચાલતી પળનો મહીમા અપાર છે; તેનું મુલ અમુલ છે. એવી લાખો-કરોડો પળોના આપણે માલિક છીએ. તેનો યોગ્ય ને સુંદર ઉપયોગ કરવાને ઇશ્વરે આપણને તેનો ભંડાર ભરી આપ્યો છે.

લોભીઆ ધન સંઘરી મુકે છે; એકલપેટા જાત માટે જ ખર્ચે છે; ઉડાઉ લોકો નકામું વેડફે છે; પણ સમયના ઓ ધનપતિઓ ! ઓ સમયપતિઓ ! તમે ધારો તો તમારા ધનથી તમે આ દુનીઆને નવો અવતાર આપી શકો એટલી શક્તિ ધરાવો છો.

સોનાથી પણ સમય ચડે. આપણી એકેએક પળ બહુમુલ રત્ન કરતાં પણ કીંમતી છે. એ એક એક પળમાં આપણા પોતા માટે, આપણા કુટુંબ માટે, પાડોશી માટે, દેશજનો માટે, સારા વિશ્વ માટે આરોગ્ય, જ્ઞાન અને કલ્યાણ મેળવી આપવાની શક્તિ રહેલી છે.

આવી અણમુલ પળોના અખુટ ભંડારને તમે વેડફી નાખશો ? 'આ જાય, ઓ જાય' કરતા રહીએ, ને આંખના પલકારામાં એકેક પળ કુદતી જાય છે તેને એળે જવા દેશો ?

કેમ જવા દેવાય ? એ એકેએક પળનો બરોબર કસ કાઢો; તેનો વિચારપૂર્વક પુરેપુરો ઉપયોગ કરી લો.

અને પછી ?

પછી તમે ખચિત માનજો કે દુનીઆમાં તમે ગમે તેવા સાધારણ માણસ હશો તોપણ તમારૂં કલ્યાણ સાધી શકશો અને જગતના કલ્યાણમાં અનેક રીતે ઉપયોગમાં આવી શકશો.

મિત્રો કરવાનો સહેલામાં સહેલો રસ્તો એ છે કે કોઇને દુશ્મન ન કરવા.

મીરાંબાઈ

વૈષ્ણવધર્મના ઉદયકાળે કૃષ્ણચંદ્રના સાચા પ્રેમની બીજ ઉગી તે મીરાંબાઈ.

મીરાંમોહનનો અલૌકિક લગ્નસંબંધ આપણને ગઈ કાલ જેટલો જ તાજો લાગે છે. ગોપીઓનું જે જીવન પદ અને ભજનમાં ગવાતું, તેને મીરાંબાઈએ સાક્ષાત જીવી બતાવ્યું અને સાચો સ્નેહ સમજાવ્યો.

સંસારીઆંની ખોટી શરમ તજી, નાનામોટા ત્રાસ વેઠી, જેણે ઇષ્ટદેવની ભક્તિ જીવતાં સુધી કરી એટલું જ નહિ, પણ જે ઇષ્ટદેવ સાથે એકાકાર થઈ ગઇ, એ મીરાં પોતે જ 'ભક્તિ'નો અવતાર નહિ તો બીજું શું ?

વણખેડી જમીન જેવી ગુજરાતી ભાષા વેરાન હતી તે વેળા એમાં ફુલ જેવાં અમર પદ ઉતારનાર એ મારવાડની રણવેલ મીરાંબાઈ. ગુજરાતી કવિતાની એ માતા છે.

મીરાંબાઈનું સંપૂર્ણ ચરિત્ર એમનાં પદોમાં ભર્યું છે; કારણકે એમનું આચરણ અને એમનું લખાણ એ જુદાં જુદાં નહોતાં.

ખરા અંતઃકરણની એક પણ લીટી લખાય તો માનવીનું હૃદય તેને સંભારી રાખે છે, તેની ખાતરી 'મીરાંકે પ્રભુ ગિરધર નાગર' છે. મીરાંના પ્રભુ એક ગિરધર, અને એ એક ગિરધરના જ ગુણગાનઃ આટલો એમના જીવનનો ટુંક સાર છે.

ગોસ્વામી તુલસીદાસ અને નરસિંહ મહેતાની જેમ મીરાંબાઈના જીવનમાં પણ કેટલીક ચમત્કારિક વાતો બની છે. 'એ વાતો ખોટી છે' એમ કહેવાની શંકા સૌને થશે; પણ 'એ વાતો સાચી છે' એમ કહેવા જેટલી શ્રદ્ધા કોઈનામાં ક્યાં છે ? શંકા કરતાં શ્રદ્ધા વધુ બલવતી છે.

મીરાં કાંઇ એક મેવાડની કે ગુજરાતની જ નથી, પણ હિન્દુસ્તાન આખાની છે—સારી કૃષ્ણભૂમિની છે.

એક ઠેકાણે બાઈ મીરાં કહે છે કે

દિલ ખોલીને દીવો કરો રે.

એમણે તેમ કર્યું છે. તો આપણે પણ મીરાંના જીવનદીવડામાંથી થોડું અજવાળું ભરીએ.

જન્મના સંસ્કાર

'ભાઇ, મંગળાના દર્શન કરવા ચાલ.'

'બેન, તું તો ઘેલા તેટલી વહેલી. ચતુર્ભુજની હવેલીએ જવું હોય તો તો જાણે ઠીક.'

'પણ જયમલ, દાદાજી અને કાકા બન્ને દર્શન કરી ગયા. મેં દીપધુપ કરી ફુલ ચડાવી પ્રસાદ પણ ધરી લીધો. હુ સેવામાંથી ઉઠી ને તું તો હજુ નાવણુ જ કરે છે. જલદી ચાલ નહિ તો દર્શન બંધ થઇ જશે.'

'મીરાં, ઠાકોરજીનાં દર્શન દેનારી ન દેનારી પણ મારી બેનને?'

'ના, એ ન ચાલે. ભગવાન આગળ ભાઇબાઈ કેવા?'

*

રાવ જોધાના સ્થાપેલ જોધપુરના દુદાજી રાઠોડને મેડતા પરગણું મળ્યું. તેને બે દીકરા: વીરમજી અને રત્નસિંહ. વીરમજીનો પુત્ર જયમલ અને રત્નસિંહની કુંવરી ભક્તકવિ મીરાંબાઈ.

ફટાયા કુંવર રત્નસિંહને જીવાઇમાં કુડકી અને વાજોલી એમ બાર ગામ મળ્યાં હતાં. મીરાંબાઇનો જન્મ આ કુડકી ગામમાં સંવત ૧૫૫૫માં થયો હતો. શીલાલેખ બોલે છે કે મેડતા મુળ મેડન્તકપુર કહેવાતું. કાળબળે એ શહેર નાશ પામ્યું; તેને પાછું દુદાજીએ વસાવ્યું. મીરાંનો જન્મ પાછળથી અવતાર મનાયો તેથી આજ પણ અજમેરની આસપાસનો વીસ કોસનો પ્રદેશ 'મીરાંબાઇકા દેશ' નામે ઓળખાય છે.

આ વૈષ્ણવ રાજકુટુંબના ધાર્મિક સંસ્કાર મીરાંના મનમાં ઉંડા રમતા હતા. દાદાને એ દર્શને જતા જોતી, પુન્ય કરતાં દેખતી અને પદ ગાતા સાંભળતી. પોતે પણ આમાં સાથ પુરાવતી અને રસપૂર્વક ઠાકોરજીને નવા વાઘા સજાવી શણુગારતી.

એક વેલાનાં બે ફુલ જેવાં પીતરાઇ ભાઇબેન મીરાં અને જયમલ બાળપણ ભેગું જ ગાળતાં.

'વરીઆ વરીઆ શ્રી ગિરધરલાલ'

મીરાં દસેક વરસની થઈ એવામાં દુદાજીના દરબારમાં એક સાધુ આવ્યો. સાધુ પાસે શ્રીકૃષ્ણની એક મૂર્તિ હતી. એ મૂર્તિ જોતાં જ મીરાં મોહી. એણે પેલા સાધુને મૂર્તિનું નામ પુછ્યું. જવાબ મળ્યો, 'શ્રી ગિરિધરલાલજી.'

મીરાં બોલી, 'એ તો ટચલી આંગળીએ માથે ગોવર્ધન ધારે ને હાથમાં બંસી બજાવે; વાહ! મને એ બહુ ગમે છે. તમે આપશો? હું ભાવથી રોજ પુજા કરીશ.'

'કાંઈ બચ્ચાબાલાના ખેલ હશે?' કહીને સાધુ તો ચાલ્યો ગયો. મીરાં તો ધ્રુસકે ધ્રુસકે રડવા માંડી. 'ગિરધરલાલ ગિરધરલાલ' કહીને સાદ પાડવા લાગી. એ તો ન ખાય ને ન પીએ. દિવસે દિવસે સોરાઇને સુકાતી જાય. જ્યારે જયમલે આ વાત જાણી ત્યારે બેનનો ભક્તિભાવ સંતોષવા એ પેલા સાધુ પાસે ગયો અને તેને મૂર્તિ આપવા ખુબ કહ્યું. સાધુ એક ટળીને બે ન થયો. આખરે કેટલીક રકઝક પછી એટલું માન્યો કે જો ગિરધરલાલજી પોતે સ્વપ્નમાં આવીને મને કહે તો સોંપું. મીરાંની અચળ શ્રદ્ધા, અપવાસનું તપ અને સાચો ભક્તિભાવ ફળ્યાં. સાધુના સ્વપ્નમાં ગિરધરલાલ આવ્યા અને બોલ્યા કે 'તારૂં કલ્યાણ ઇચ્છે તો મને મીરાંને દઇ દે.' સાધુ તો વહેલો ઉઠીને મૂર્તિ મીરાંને ખોળે મુકી આવ્યો. મનગમતી મૂર્તિ મળી ગઈ એટલે મીરાં તો સેવાપુજામાં મશગુલ રહે, ઠાકોરજીને નામે નાનાં પદ બનાવી પ્રેમ કરે અને એકાન્તે એકલી પડી વાતો માંડે.

એકવાર મીરાંની અટારી આગળથી વરઘોડો નીકળ્યો. મીરાં તો ઝટ લઇને જોવા દોડી. એણે પોતાની માતાને પુછ્યું, 'મા, મા, આ શું?'

'એ વરઘોડો: વર પરણુવા જાય છે.'

'અમે જેમ રાધાકૃષ્ણુના વિવાહ કરીએ છીએ તેમ?'

'હા'

'ત્યારે મા, મને પરણુાવોને? મારો વર કોણુ થશે?'

'તારો વર શ્રી ગિરધરલાલ.'

થયું. માએ દીકરીને વર દીધો અને ભોળી દીકરીએ તેને સ્વીકારી લીધો. મનમાં તે પોતાના ઇષ્ટદેવને પરણી. આ પછી થોડે વખતે મીરાંની માતા સ્વર્ગવાસી થઇ.

લગ્નવિધિ

મેવાડની રાજધાની ચિત્તદુર્ગ અથવા ચિત્તોડની

ગાદીએ રાણો સંગ હતો. (ઈ. સ. ૧૫૦૯-૧૫૨૮) તેનો પાટવી કુંવર ભોજરાજ. રાણા સંગને બીજા ત્રણ પુત્રો: રાણો રત્નસિંહ, રાણો વિક્રમાદિત્ય અને રાણો ઉદયસિંહ રાણાનું કુળ શૈવધર્મી હતું. અગાઉ પણ ધર્મભેદ ગણ્યા વગર મેવાડ અને જોધપુર ઘણીવાર લગ્નગાંઠથી બંધાએલાં હતાં. એટલે આ વેળા પણ મીરાંનો વિવાહ એના પિતાએ મેવાડના પાટવી કુમાર ભોજરાજ સાથે કર્યો, અને સંવત ૧૫૭૩ માં લગનજોગ મીરાંનાં તોરણ લીધાં. ધામધુમથી વાજતેગાજતે મેવાડની જાન આવી. ઢોલ વાગ્યા અને સામૈયાં થયાં. મીરાં મંગળ વરતે છે અને ખોળામાં 'ગિરધરલાલજી' રાખ્યા છે. પીઅરપક્ષે ખુબ દાયજો પુર્યો. પાલખીમાં ગિરધરલાલને પધરાવી મીરાં સાસરે ચાલી.

ચિત્તોડમાં રાણાજીને ઘેર કુળદેવી આગળ મીંઢળ છોડાવવા મીરાંને લઇ જવામાં આવી. સાસુએ મીરાંને દુર્ગાદેવીને પગે લાગવા કહ્યું. મીરાંએ ના પાડી.

'વહુ, એ આપણા કુળની રીત છે. તમારૂં સૌભાગ્ય અખંડ રહેશે.'

'એમ હોય તો તો કોઇ બાઇ વિધવા જ ન હોય.'

'ઇશ્વરે તમને ઉંચું કુળ અને મોટું રાજ્ય આપ્યું છે. વળી લોક બુરૂં બોલશે.'

'રાજ્ય મારે નથી ભોગવવું, અને લોક ઝખ મારે છે. હું મારા ગિરધરલાલ વિના કોઇને નહિ નમું.'

બહુ બહુ ફોસલાવ્યા છતાં પણ મીરાંવહુ ન માની તેથી સાસુ રોષે ભરાઇ. તેણે આ વાત કુમારને કહેવડાવી. આખરે એવું થયું કે તે દિવસથી હઠીલી મીરાંને એક ભુતીઆ મહેલમાં એકલવાસ અપાયો અને કુમાર ભોજરાજ એને છાંડીને તરત બીજી સ્ત્રી પરણ્યા. ઓરડાની ભયંકર એકાન્તમાં મીરાં તો ઇષ્ટદેવની પુજા કરવા લાગી. ઠાકોરજીના વાસ થવાથી અને ભજનનાં સંગીતથી ભુતીઆ મહેલનું વાતાવરણ પવિત્ર અને મધુર થઇ ગયું. અબોલાનાં એકબે વરસ આમ ગયાં અને ભોજરાજ કુંવરપદે જ મૃત્યુ પામ્યા. દુનીઆની નજરે મીરાં વિધવા બની. સંસારે ચડાવેલો ચુડો આમ આજ ઉતર્યો. પણ મોહન વરની બાળ-કુંવારી મીરાંને તો રાંડવાનો ભે ક્યારનો ટળી ગયો હતો.



પ્રેમને પંથે

સંસારી મોહની વાસના મૂકી મીરાંબાઇ ન્યારા રસ્તા ઉપર ચડી હતી. આજલગી એની ભક્તિ સંસારના પાતળા પડદાથી ઢંકાએલી હતી. પતિના મૃત્યુ પછી એણે 'પૂર્વ જનમની પ્રીત' જાહેર કરી, દીધેલો કોલ પાળ્યો, અને ગાયું કે

'વરીઆ વરીઆ શ્રી ગિરધરલાલ, જાણે જગ કાંઈ નથી છાનું.'

સૌ કોઇને એણે સમજાવ્યું કે

'ઓઢું હું કાળો કામળો, દુજો દાઘ ન લાગે કોઈ.'

ખોટી લોકલાજ ખોઇને મીરાંએ સાધુસમાગમ શોધ્યો,

બ્હેનના શણગાર

'કાનની પછેડી ફુલડાં ભાત' એ લોકગીતનો ઢાળ

કેસરી કેવડો બ્હેનને માથે,
ઉજળો મોગરો બ્હેનને હાથે;

હજારી ગોટા ને ગુલાબી હાર,
બ્હેનને ધરાવશું એવા શણગાર.


કેવડે કેવડે ન્હાનેરા નખ,
બ્હેનના ખમશું આછેરા ડંખ;

મોગરે મોગરે કુમળાં પાન,
બ્હેનનાં પામશું પુણ્યનાં દાન.

હજારી ગોટાનાં હજાર બાણ,
બ્હેનને દુભવવાની દેવની આણ.

ગુલાબપાંદડી ફોરે સુવાસ,
બ્હેનને હસવે એવો ઉજાસ.

ફુલડે ફુલડે મધની રેત:
બ્હેનને અંગ અંગ એવાં હેત.



સંતજનને બોલાવી મંડળીઓ બનાવી અને કૃષ્ણભજન કરવા માંડ્યું. પોતાને રાજઓરડે છડેચોક હાથે કરતાલ લઈ, પગે ઘુઘરા બાંધી, પદો ગાઇ ધુનભર એ નાચી.

અહીંથી મીરાંએ સમાજની જડ રુઢિઓ સામે બંડ ઉઠાવ્યું. મીરાંએ માન્યું કે 'ખોટું છે તેને ખરૂં માનવું અને ખરૂં છે તેને ખોટું ગણી છોડી દેવું એ વિશુદ્ધ પ્રેમ કે સાચી ભક્તિનો માર્ગ હોય નહિ.' પરિણામે આ બંડખોર અબળા દંડ ભર્યા વગર ન જ બચી. સાચને સોનાની પેઠે તાવ્યા વગર—કસોટી કર્યા વગર સમાજ સ્વીકારતો જ નથી. 'પ્રેમપંથ તો પાવકની જ્વાળા' છે; પણ પ્રભુ પોતાના પ્રેમપાત્ર ભક્તને બચાવવા હાજર જ હોય છે.

સંવત ૧૫૮૪માં રાણા સંગનું મૃત્યુ થયું અને કુંવર રત્નસિંહ ગાદીએ આવ્યો. આ વખતે નાનો ભાઈ વિક્રમાદિત્ય રણથંભોરમાં હતો. એને મેવાડની ગાદી પચાવી પાડી રાણા બનવાનું મન થયું. આથી ભાઇઓ વચ્ચે વિરોધ પડ્યો. બન્ને જણાએ રણથંભોર આપી દેવાની શરતે મોગલ બાદશાહ બાબરની મદદ માગી. આમ ચિત્તોડના રાજવંશમાં કુસંપનું બીજ રોપાયું. સંવત ૧૫૮૮માં રાણો રત્નસિંહ લડાઈમાં મર્યો અને રાજ્યસિંહાસને વિક્રમાદિત્ય બેઠો. એની ઉંમર માત્ર વીસ વરસની હતી. એ સ્વભાવે બાલિશ અને વૃત્તિનો ક્રૂર હતો. પટાવતવર્ગ પણ તેના ઉછાંછળાપણાથી અત્યંત અસંતોષી રહેતો. પારકાંના મત માની એણે મીરાં જેવી સતીને પીડવા માંડી.

સત્સંગનો રસ

દરબારગઢમાં ચંપા અને ચમેલી નામે બે દાસીઓ હતી. રાણાએ તેમને મીરાંને ઓરડે મોકલી. તેઓએ બાવા–વેરાગીઓનો સંગ છોડી દેવાની સલાહ દીધી. વધુમાં તેઓએ કહ્યું કે 'તમે મોટા ઘરનાં વહુ છો. આમાં મેવાડની આબરૂ જાય છે. રાણાજી નાહક વગોવાય છે. ધર્મ પાળવો હોય તો બીજી રીતે ક્યાં નથી પળાતો? ઓઝલપડદો છોડ્યે તમને ભગવાન મળશે?' મીરાં તો આ સાંભળીને પ્રેમભાવથી કૃષ્ણનાં પદ ગાતી ભજનમાં વધુ મસ્ત થતી.

પણ મીરાંના થોડાક સહવાસથી બન્ને દાસીઓના મનમાં એના તરફ પક્ષપાત થયો—પૂજ્યભાવ જાગ્યો. સુંદર સ્વચ્છતા અને નિર્મળ ભક્તિ જોઇને તેમને કૃષ્ણપ્રભુ માટે આદરભાવ ઉપજ્યો. સંસારી વાતોમાં, ખરાબ ગપ્પાંમાં કે નકામી કુથલીમાં નાહક વખત ગુમાવવો મુકી તેઓ પાઠપુજા ને ભજનકીર્તન કરવા મંડી, અને ધીમેધીમે તેઓ મીરાંની શિષ્યાઓ બની મંડળીમાં ભળી ગઇ. રાણાજીને જ્યારે આ બાબતની જાણ થઈ ત્યારે એ હેરત પામ્યો. સત્સંગના રસની એને શી ખબર? બીજાં કેટલાંક માણસ મોકલ્યાં તેઓ

પણ મીરાંના સત્સંગી થઇ ગયાં. ચોકીદારો જ ચોરના સાથી બને છે એ જાણી રાણો પારાવાર ચીડાયો. પણ શું કરે ? અંતે તેણે પોતાની બેન ઉદાબાઇને મીરાં પાસે મોકલી. ભાભી નણંદ વચ્ચે ઘણી વાતચીત અને સમજાવટ ચાલી.

ઉદા: ભાભી, મોતીની માળા, રત્નજડિત ઘરેણાં અને જરીઆન ચીર પહેરો ને આ જીંદગી છોડી દો.

મીરાં: બાઇ, શીલ ને સંતોષમાં મને બધું મળ્યું છે.

ઉદા: સાધુડાંનાં ટોળાં મેલીને રંગમહેલે ચાલો.

મીરાં: સાધુસંત મારાં માબાપ છે. હું તેમને વેચાઇ છું.

ઉદા: ભાભી, આ છાપાંતિલક છોડીને શિવધર્મ પાળશો તો કાયાનું કલ્યાણ થઇ જશે.

મીરાં: મેં તો કૃષ્ણભક્તિની ચુંદડી ઓઢી છે. સૌ ધર્મોમાં સરખું કલ્યાણ છે.

ઉદા: ભાભી, તમે તો અમારૂં કુળ બોળ્યું. આખું શહેર તમારી નિંદા કરે છે.

મીરાં: બાઇ, બોલે તેમને બોલવા દો; બાકી ભગવદ્ નામથી કોઇને શરમાવા જેવું નથી.

ઉદા: ભાભી, રાણોજી તમારા જ્ઞાનની પોથી માગે છે.

મીરાં: મારી પોથી તો ખાંડાની ધાર છે. હાથમાં ધારવી એ સહેલી નથી.

મીરાંના સરળ સ્વભાવથી મનમાં ઉદાબાઇ એને ચાહતી. રાણાથી છાની એ મીરાંને મન્દિરે જતી આવતી. એક વખત તે એકલી ગઇ અને મીરાંને સરસ પદ ગાતાં સાંભળી. એ પદ તેણે એવા તો કરુણ ભાવથી અને મધુર રાગથી ગાયું કે ઉદાબાઇ કૃષ્ણનો મહિમા સમજી અને મીરાંની સખી બની ગઇ. આ પછી એક બીજી બાઇએ મીરાંને મનાવવા માથે લીધું, પણ તે યે ભકિતના રંગે રંગાઇ. ફરીથી એણે રાણા સામું ન જોયું.

કૃષ્ણદર્શન

કોઇએક પ્રસંગે ઉદાબાઇએ મીરાંને વિનતિ કરી કે મને હરિદર્શન કરાવો. મીરાંએ જાણ્યું કે એ માગણી સાચા દિલની છે. એમણે ચંપાચમેલી વગેરેનો સાથ ભેળો કર્યો, પુજાની સામગ્રી તૈયાર કરી અને હાથમાં કરતાલ લઇ, પગે ઘુઘરા બાંધી, કૃષ્ણ-વિરહનાં પદ બનાવી ગાયા કર્યું. આમ અધરાત થવા આવી અને ભકિતની ધારા અતુટ ચાલી. આખું વાતાવરણ એકરસ જામ્યું. મીરાંનો પ્રેમભાવ વધુ ને વધુ ગાઢ થતો ગયો. અંતે હરિદર્શન થયાં. 'આવી અધીરી કેમ થઇ ?' કહી કૃષ્ણપ્રભુ મીરાંને ભેટયા અને તેઓએ ભેળાં બેસી ભોજન કર્યું ! જોનાર ભક્તવર્ગ તો અંજાઇ જ ગયો. આ પ્રસંગથી ઉદાબાઇનો ભાવ એટલો વધ્યો કે મીરાંને એ પોતાની ગુરુ માનવા લાગી. પણ આથી સંસારને કુંડું પડ્યું. રાણાની શંકા સબળ થઇ કે 'રાંડ પોતે બગડે છે અને બીજાંને ય બગાડે છે.'

સંસારના તાપ

દુનીઆદારીનો દવ સળગ્યો અને જ્વાળાઓ મીરાંને લાગવા માંડી. પરંતુ એ પોતાને પંથે શ્રદ્ધાપૂર્વક ચાલી. ચોતરફથી એના ઉપર આક્ષેપો ચાલુ હતા. લોકડીઆંની જીભ સળવળી અને ગમ્યું તે બોલી. પવિત્ર પ્રેમના સૂક્ષ્મ સ્વરૂપને પુજનાર મીરાંને ભ્રષ્ટ કહેનારાં પણ ઘણાંક હતાં. ભક્ત હૃદય ફુલ જેવું કોમળ તેમજ વજ્જર જેવું કઠણ હોય છે. મીરાંબાઇ પોતાના નિશ્ચયથી રજમાત્ર ન ચળી. જગતનો છેહ એને મધ સમ મીઠો લાગ્યો.

હવે મીરાંનો જીવ લેવાનો વિચાર રાણાના મનમાં ઘોળાવા લાગ્યો. વાતવાતમાં એણે એકવાર મીરાંને ઝેર દેવાની ધમકી આપી હતી તે યાદ આવ્યું. ક્રોધમાં ને ક્રોધમાં એણે ઝેરની પ્યાલી ભરી મીરાંને મોકલી અને કહેવડાવ્યું કે 'ઠાકોરજીનું ચરણામૃત છે.' બેઠેલી મંડળીમાં ઉદાબાઇ હતી. તે રાણાનો આ સંકેત લાંબા સમયથી જાણતી હતી. તેણે જણાવ્યું કે 'મીરાં, એ ઝેર છે. તમે ન પીશો. હું એ વાત જાણું છું.'

'બાઇ, એ હરિનું ચરણામૃત છે. હું એ નહિ તરછોડું.'

'પણ ઝેરનું ચરણામૃત હોય તે કાંઇ પીવાય ખરૂં ?'

'હા, ઝેર જો ઠાકોરજીને ધરાય તો અમૃત થઇ જાય.' એમ કહી કૃષ્ણસ્મરણ કરી એ ઝેર પી ગઇ. વિષની કાંઇ અસર એને ન થઇ. ઉલટી એના મુખ ઉપર દિવ્ય કાન્તિ દેખાઇ.

મીરાં પોતાને ઓરડે એકલી બેઠી છે અને પુજા કરે છે. ભાવાવેશની ઘડીમાં એ ગાંડી થઇને પ્રભુ સંગે વાતો કરે છે, પદ ગાય છે ને વળી વાતોએ ચડે છે. રાણાના મોકલેલ ચોકીદારે સાંભળ્યું કે મીરાં કોઇ પરપુરુષથી વાત કરી રહી છે. એકદમ દોડીને એ રાણા પાસે ગયો. રાણો તો સમાચાર સાંભળતાં વેંત રાતોપીળો થઇ ગયો. નાગી તલવાર લઇ ધસ્યો ને આવ્યો મીરાંને ઓરડે. એ તાડુક્યોઃ

'તું કોની સાથે વાત કરતી હતી ?'

'રાણાજી, બીજું કોણ હોય ? આ તમારી સમક્ષ મારા ઠાકોરજી બીરાજે છે.'

'ના ના, લુચ્ચી ! તું જુઠ્ઠી છે. કોઇક માણસ હતો.'

'મારા લાલજી વિના કોઇ જ નહિ.'

'કોઈ નહિ, કેમ?' કહેતાંક રાણો મીરાંને મારવા દોડ્યો. પણ એ શું જુએ છે? બે મીરાં, ત્રણ મીરાં અને ચાર મીરાં ! એની આંખ ફાટી ગઇ. ચીસ નાખતો રાણો ભોંય ઢળ્યો. કોઇ ભયંકર આકાર તેની નજર આગળ તરવા લાગ્યો. થોડીવારે ભાન આવતાં ભોંઠો પડી ભાગ્યો અને બોલતો ગયો કે 'આવો બીહામણો દેવ!'

રાણો આમાં નિષ્ફળ થયો તેથી તેના ગુસ્સાનો પાર ન રહ્યો. એને મીરાંને મારી નાખવાની ધારણા હતી. પહેલાં એણે વીંછી વળગાડી ફુલની માળા મીરાંને મોકલેલી હતી; પણ વીંછી પણ રંગીન ફુલો થઇ ગયા હતા. હવે રાણાને મીરાંનો પ્રાણ લેવાનો નવો ઉપાય સુઝ્યો. તેણે એક દાબડો લીધો અને અંદર વાસુકીના બચ્ચા જેવો લીલોકાચ એક નાગ પુર્યો. 'રાણાએ તમારા માટે એક સુંદર શાલિગ્રામ મોકલ્યો છે' એમ કહેવડાવીને દાબડો એક માણસ મારફત મીરાંને મન્દિર પહોંચાડયો. મીરાં કૈંક અંશે પ્રથમના અનુભવથી પામી ગયાં કે મારા મોહનની મશ્કરી કરાઇ છે. છતાં તેણે ડબ્બો લઇ લીધો. તેનું ઢાંકણું ઉઘાડતાં એ બોલ્યાં કે

'ડબ્બાકે શાલિગ્રામ !
કાયકુ બોલત નહીંયાં?
હમ બોલત,
તુમ બોલત નાહીં;
કાયકુ મૌન ધરે, પૈયાં?'

'હે ડબ્બાના શાલિગ્રામ! તમે કેમ બોલતા નથી ? આ હું તો બોલું છું; પણ હે પીયુ! તમે કેમ મુંગા છો?' ઢાંકણું ઉઘડ્યું ને અંદરથી સુંદર શાલિગ્રામ નીકળ્યા ! આમાં પણ રાણો ન ફાવ્યો એટલે થાકીને—કંટાળીને એણે મીરાંને દેશનિકાલ થવાનો હુકમ કર્યો. પછીથી મીરાં પોતાને પીઅર મેડતે જઇ રહ્યાં.

ભાઈબ્હેન

'સોનલા ગેડી ને રૂપલા દડુલીઓ રે' એ લોકગીતનો ઢાળ

કેવડો લીલો ને લીલી લીમડી રે,
લીલુડાં ભાઇ ને બ્હેનનાં હેતઃ
દેવની દીધેલ ભાઇબ્હેન બેલડી રે.

મોરલો સુનો ને સુની વાદળી રે,
વીખુટાં બેઉ ઝુરે પરદેશઃ
દેવની દીધેલ ભાઇબ્હેન બેલડી રે.

મોગરો ડોલે ને ફરકે પાંદડી રે,
ભાઈબ્હેન હઇયે રસસંકેતઃ
દેવની દીધેલ ભાઇબ્હેન બેલડી રે.

મેહુલો બોલે ને ઝબુકે વીજળી રે,
ભાઈબ્હેન ઝીલે અબોલ સંદેશઃ
દેવની દીધેલ ભાઇબ્હેન બેલડી રે.

*

ભાઈ ને બ્હેન

'બ્હેન તારી તો બલિહારી. તને મારાં વંદન છે.'

'હા ભાઇ. હું તો કૃષ્ણને નામે તરી.

'હવે આ ગરીબ ભાઇને કંઇક ભગવદ્પ્રસાદ દેજે.'

'મારા ગિરધરલાલ આપશે. હું શું આપીશ?'

'પુરા ભાવથી હું પુજા કરૂં છું. મને શ્યામની લગની છે. પ્રભુ દર્શન આપે ત્યારે.'

'એવાનું ફળ સૌને મળી રહે છે, જયમલ. શ્રદ્ધા રાખ.'

'તારા પ્રતાપે એટલું તો છે. યાદ આવે છે? આપણે સાથે જ પુજા કરતાં ને પદ ગાતાં. હું મોડો પડતો તો તું મને ખીજતી.'

'જયમલ, એ તે શે ભુલાય? પછી તો ભવના ભવ ગયા. આજે આ મીરાં જુદી છે.'

'હા. અમે પુરુષો તો રૂઢિ છોડી—તોડી છુટા ન થઇ શક્યા. પણ તેં એ કરી બતાવ્યું.'

'મારા વિઠ્ઠલવરે કર્યું. ભાઇ, બ્હેનનું વચન છે જે તને ભક્તિ પ્રાપ્ત થશે.'

મેડતાના રાજમન્દિરમાં ભાઇ ને બ્હેન, આમ ભૂતકાળનાં સ્મરણો તાજાં કરી રહ્યાં હતાં.

સંવત ૧૬૧૦માં જોધપુરનો રાવ માલદેવજી મેડતા ઉપર હુમલો લઇ ગયો. આ ધસાવડા ટાણે જયમલ કૃષ્ણ પુજનમાં લીન હતો. શ્રીચતુર્ભુજજીએ જયમલનું રૂપ ધારણ કરી, નીલ અશ્વ ઉપર ચડી શત્રુના સૈન્યને હરાવ્યું. લડાઇમાં લડતાં પ્રભુના કાનનું એક કુંડળ પડી ગયું તે પાછળથી મેદાનમાંથી મળ્યું. અહીં ચતુર્ભુજની મૂર્તિના કાનમાંથી પણ તે જ વખતે કુંડળ ગુમ થએલું. આ બનાવથી વીર જયમલની શ્રદ્ધા અને ભક્તિ વધી ગયાં. બ્હેનનું વચન આમ એને ફળ્યું. હાલ પણ કુંડળ મળ્યાનું સ્થળ 'કુંડળ' નામે પ્રખ્યાત છે.

મીરાંની ભજનમંડળીઓ ભરાય છે ને ગોપાળધુન જામે છે. સાધુસંતોની બેઠક ભરચક રહે છે અને મીરાંબાઇ પ્રભુપ્રેમની મસ્તીમાં ડોલે છે-નાચે છે. પણ સંસારી કાકા રાવ વીરમજીથી વિધવા દીકરીની આ વર્તણુક દેખી ન ગઇ. આ બેશરમ છોકરીથી પોતે શરમાયા અને મીરાંને ચેતવી. મીરાંને આ ચેતવણીની રજ પણ અસર ન થઇ. હવે મીરાં ઉપર રાજ્ય તરફથી ચોકીપહેરો મુકાયો. 'ઇશ્વરના દરબાર'નું આ અપમાન મીરાંથી સહન ન થયું. તરત એ મેડતા છોડીને—પીઅર તજીને વૃન્દાવનની વ્રજભૂમિની યાત્રા કરવા નીકળી પડ્યાં.

દશાના દોર

મીરાંએ મેવાડ મુક્યા બાદ પાછળથી એ દેશની દશા વિપરીત બની. સંવત ૧૫૮૮માં ગુજરાતનો બાદશાહ બહાદુરશાહ ચિત્તોડ ઉપર ચડી આવ્યો. રાણા વિક્રમાદિત્યની સહાયે જોધપુરના વીર મેડતીઆ આવ્યા. રજપુત સૈન્યોએ અપૂર્વ વીરતા બતાવી,



ચોમાસાની શરૂઆત હોય ત્યારે કોઇ સાંજે બારીએ બેસી રસ્તા ઉપર તથા આસપાસ જોવાની કેટલી મઝા પડે છે!

*

મોટાં કાળાંભમ્મર વાદળાંએ દૂરદૂરથી દોડતાં આવીને થોડી જ પળોમાં આખું આકાશ છાવરી દીધું. રસ્તે ચાલતાં બીચારાં કેટલાંક માણસો તડકો હોવાથી છત્રી વગર ઘેરથી નીકળેલાં તેઓ ગભરાઇ ગયાં. એકાએક પશ્ચિમ દિશામાંથી ઠંડો, ભીનો, સુગંધી પવન આવ્યો. સામેના મોચીના પતરાંના છાપરા ઉપર વરસાદનાં મોટાં મોટાં ફોરાં પડ્યાં, ને તરત જ પાસેની ગલીમાંથી દસબાર નાના છોકરાં, બાર મહીનાનો મેલ ધોવા વરસાદમાં ન્હાવા દોડી આવ્યાં. પાછળ તેમની માતાઓ બુમો પાડતી, છોકરાંઓને ઘેર લઇ જવા આવી—કેટલીક લઇ પણ ગઇ.

એકદમ જોરથી વરસાદ શરૂ થયો. ઘેરઘેર, બારીએ બારીએ ને વૃક્ષે વૃક્ષે વરસાદે તોરણ બાંધ્યાં. નીશાળેથી પાછી ફરતી કન્યાઓનું ટોળું દોડતું દોડતું કોઇના ઓટલા ઉપર ચડી ગયું. છોકરીની જાત, એટલે

પણ આખરે તેમને સંધિ કરવાની ફરજ પડી. એ સલાહ પણ લાંબો સમય ન રહી ને ફરીવાર લડાઇ થઇ. વિક્રમાદિત્યના માતા કરમેતી રાણીએ હુમાયુને કુમકે આવવા લખ્યું. મદદ આવતાં વાર થઇ તેથી કરમેતી રાણી પદ્માવતીએ વિક્રમાદિત્યને તથા ઉદયસિંહને બુંદી રવાના કર્યા ને પોતે હથીઆર બાંધી લડી. લડતાં લડતાં આ ક્ષત્રિયાણીએ પ્રાણ હોમ્યો. ત્રીસ હજારનું રજપુતદળ કેસરીઆં કરીને કપાયું. તેર હજાર રજપુતાણીઓ ચિતાપ્રવેશ કરી બળી મુઇ. ચિત્તોડ મુસલમાનોના કબજામાં ગયું. થોડો સમય ગયે બહાદુરશાહને હુમાયુએ મંદોસર આગળ હરાવ્યો ને વિક્રમાદિત્યને ગાદી પાછી આપી. આ કડવા અનુભવ પછી પણ રાણા વિક્રમાદિત્યની બુદ્ધિ ઠેકાણે ન આવી. અંદરના અંટસ અને કજીઆટંટા એ વધારતો જ ગયો. છેવટે સંવત ૧૫૯૨માં વનવીર નામનો એક શખ્સ તેનું ખુન કરી ગાદીએ ચડી બેઠો. આખરે કુમાર ઉદયસિંહે આવી વનવીરને હરાવી પિતાની ગાદી લીધી. આમ મીરાંના ગયા બાદ મેવાડની ભુંડી હાલત થઈ પડી.

મેડતાની દશા પણ એથી વધુ સારી ન હતી. જોધપુરના રાવે વીરમજીને હરાવ્યો. વીરમજી ખુબ ભટક્યો અને છેવટે હુમાયુ કને ગયો. વીરમજીએ હુમાયુની મદદથી મેડતા લીધું; પણ પાછું ખોયું. સંવત ૧૬૦૦ માં વીરમજીના મૃત્યુ પછી જયમલ પણ બાપનું રાજ્ય મેળવવા મરી મથ્યો; પરંતુ ફોગટ. આથી તે ચિત્તોડમાં રહેવા લાગ્યો. સંવત ૧૬૨૪માં અકબર બાદશાહ ચિત્તોડ પર ચડી આવ્યો. રાણા ઉદયસિંહે જયમલને ગઢ સોંપ્યો અને પોતે નાસી છુટ્યો. જયમલે તથા એના સાગરીત ફતાએ છ માસ ઘેરો ટકાવી રાખ્યો. આખરે અકબરની ગોળીથી એ વીંધાયો. પણ બાદશાહ તે બન્નેની બહાદુરીથી એટલો તો અંજાયો કે તેમનાં બાવલાં કરી તેણે આગ્રાના દરવાજા આગળ ખડાં કરાવ્યાં. મુસલમાની ઇતિહાસમાં આ બે વીરનરોની યોગ્ય સ્તુતિ કરાઇ છે. એ બન્નેમાં દસ-દસ માણસનું બળ હતું એમ મનાય છે. વીર જયમલ તો 'ચિત્તોડના જોદ્ધા અને અકબરના ગર્વ ગાળનાર' તરીકે પ્રખ્યાત છે.

યાત્રા


મેડતાથી નીકળી મીરાંબાઇ વૃન્દાવન તરફ ગયાં. કાશીને રસ્તે એમણે રૈદાસ નામે સાધુને પોતાના ગુરુ

કારણ વગર કે નાના જેવા કારણ માટે, બધાં ખડખડ હસવા લાગ્યાં. સામેના ડૉકટરના ઘરનાં છોકરાંઓ બારીએ ઉભાં રહી, ફુટપાથ ઉપર ચાલતાં માણસોની છત્રીઓ ઉપર લોટા ભરીભરીને પાણી રેડી નાસી જતાં હતાં. કેવું નિર્દોષ તેમનું તોફાન! રબારીનો એક બારેક વર્ષનો છોકરો તો રસ્તા પર નીરાંતે ચાલ્યો જતો હતો. કદાચ તેના મનમાં એમ હશે કે હવે એકવાર પલળ્યા પછી નકામા ઉતાવળા શું કામ ચાલવું?

ધીમે ધીમે વરસાદ થંભી ગયો. નીશાળેથી પાછી આવેલી કન્યાઓ ચોપડીઓ કપડાં નીચે ઢાંકી, હાથમાં ચંપલ ઉપાડી આનંદથી ઉતાવળે પગલે રસ્તે પડી. લોકોને ઓટલે ચડી ગએલા નવરા માણસો ફરી રખડવા નીકળી પડ્યા.

આભમાં જાણે કોઇએ મોટા હથોડો માર્યો હોય તેમ, એકદમ આકાશનાં વાદળાં છુટાં પડી ચોતરફ નાસવા મંડ્યાં. રસ્તાની બે બાજુની નીકોમાં, દૂરના મહોલ્લાઓમાંથી છોકરાઓએ તરતી મુકેલી કાગળની હોડીઓ તણાઇ આવવા લાગી.

ધીમેથી સૂર્ય આથમતો આથમતો વાદળાંમાંથી બહાર નીકળ્યો. તરત, રસ્તે જતા એક કૉલેજીઅને મેઘધનુષ જોવા આકાશ તરફ ઉંચે નજર કરી; અને જોયું પણ ખરું. પણ પાસે જ ચાલતા કોઇક નાનકડા નીશાળીઆને તે બતાવે તો તો પછી એ કૉલેજીઅન શાનો?



કુદરતનાં રસીઆં નરનાર ફરવા નીકળી પડ્યાં. સાફ થઇ ગએલા રસ્તા પર ધોવાઇ નીકળેલા પત્થરોની ઉપર સૂર્યનાં છેલ્લાં કિરણો પડ્યાં, ને પાછું અંધારૂં શરૂ થયું.

વિનોદિની ર. નીલકંઠ

કર્યા. વ્રજભૂમિમાં જીવ ગુંસાઇ કરીને વૈષ્ણવધર્મના એક બાળબ્રહ્મચારી આચાર્ય રહેતા. મીરાં તેમને મળવા ગયાં. જીવ ગુંસાઇએ કહેવડાવ્યું કે 'હું સ્ત્રીજાતનું મોં જોતો નથી.' ચતુર મીરાંએ ઉત્તર વાળ્યો કે 'મહારાજ, હજુ શું આપ એવા ભેદ પાળો છો? હશે. એમ હોય તો આપણે પડદો રાખી વાતો કરીશું. આ શરતે પણ મહારાજ ન માન્યા, ત્યારે મીરાંએ ભાગવતનો એક શ્લોક લખી મોકલ્યો:

આજ લગી હું એમ જાણતી જે વ્રજમાં કૃષ્ણ પુરુષ છે એક;
વૃન્દાવન વસી હજી પુરુષ રહ્યા છો; ધન્ય તમારો વિવેક !

આ મર્મવચનનો અર્થ ગુંસાઇ સમજ્યા અને મીરાંને રાજીખુશીથી મળ્યા.

વૃન્દાવનમાં ભજનધુન મચાવી મીરાં પાછાં વળીને ડાકોર ગયાં. ત્યારે એમણે ગાયું છે કે

'હાં રે ચાલો ડાકોરમાં જઇ વસીએ.'

ત્યાંથી મીરાંબાઇ સીધાં ભોળા કાઠીઆવાડની વીર ધરતીને છેડે દ્વારકા પહોંચ્યાં.

મોહનરૂપ

મીરાં રણમાંથી નીકળી, વનમાં થઇ સાગર ઉપર આવ્યાં. રણછોડરાયનાં દર્શનસેવન કરવાથી એમને તરસ્યો આત્મા ભુખ્યો થયો. એમની ભક્તિની ભુખ વધતી જ ગઇ. પદના તાનમાં એ હવે ઉન્મત્ત રહેતાં. સંસાર તરફના સઘળા તાર તુટી ગયા હતા અને એને બદલે અંતરસંગીત જાગ્યું. એકવાર ગાતાં-નાચતાં એ ભાવમગ્ન થઇ જઇ બોલવા લાગ્યાં :

'ઓ મધુર મોહન ! હવે હું તારી શરણાગત છું. દાસીને અળગી ક્યાં સુધી રાખશે? આજ વરસો થયાં તારે કાજે તલસું છું, નાથ! આવ, અને મને તુંમાં શમાવી દે; ભવના ફેરા ભાંગી દે. હું હવે હું રહી જ નથી.'

અચાનક મીરાં ધરતીએ ઢળી પડ્યાં. એક તેજપુંજ એના દેહમાંથી નીકળી રણછોડરાયની મૂર્તિ તરફ ઉડ્યો. મન્દિર પ્રકાશમાં ઝળાંઝળાં થઇ ઉઠ્યું. તેજપુંજ મૂર્તિના મહાજ્યોતિમાં મળી ગયો.

'કૃષ્ણ કૃષ્ણ મૈં કરતી થી તો મૈં હી કૃષ્ણ હો ગઇ.'

તારૂં નામ

નિતનિત ભજવું તારૂં નામ, તારૂં નામ, તારૂં નામ રે,
પ્રેમ થકી અમને પ્રભુજી મળ્યા હો જી.

આણી તેડે ગંગા વ્હાલા, પેલી તેડે જમના રે,
વચ્ચે ગોકુળીઉં રૂડું ગામ, રૂડું ગામ, રૂડું ગામ રે. પ્રેમ૦

મારે આંગણીએ વ્હાલા, તુલસીના છોડ વ્હાલા,
પુજા કર્યાનું મારૂં ધામ, મારૂં ધામ, મારૂં ધામ રે. પ્રેમ૦

બાઈ મીરાંકે પ્રભુ ગિરધર નાગર વ્હાલા,
છેલ્લી બાકીના રામરામ, રામરામ, રામરામ રે. પ્રેમ૦





મધરાત

રવિ શશીને પકડી પાડી
ઉજ્જવળ અંબર ખેંચી લીધાં;
ઇલિમ કરી કંઇ કાળાં રંગી
વિશ્વ સકળ પર ઢાંકી દીધાં !
વળ્યું જગતને ઘારણઘોર;
અંધારી મધરાત અઘોર !

સુખીઆંને દિલ વૈભવ ભરતી,
દુઃખીઆંને વેરણ વિકરાળ;
થાક્યાંપાક્યાંનો વીસામો,
દુષ્ટ જનોની છુપી જાળ;
છાના ભમતા ભાસે ચોર;
અંધારી મધરાત અઘોર !

કાજળના રગડા સમ ગગને
સિંધુ તિમિર તણો છલકે;
તરતા તેના તરંગ ઉપર
અગણિત તારલીઆ મલકે;
મુંગા મુંગા કરે કિલોળ:
અંધારી મધરાત અઘોર !

તણુણુણુ તણુણુણુ તમરાં બોલે,
ખોલે ઘુવડની આંખો;
ઝોકાં ખાતાં તરુવર ઉપર
પતંગની ચમકે પાંખો;
ચન્દ્ર વિયોગે ઝુરે ચકોર:
અંધારી મધરાત અઘોર !

હાથ ન દીસે એવું જામ્યું
ગડદાગડદી અંધારૂં;
કાયરનાં દિલ કંપાવે એ
શુરાને દૃઢ કરનારૂં;
કેવો ઉંડો કરતી શોર
અંધારી મધરાત અઘોર !

વિયોગીને નીંદ ન આવે,
સંયોગી સાધે સંકેત;
ભોગી ભોગવિલાસે ડુબ્યા,
યોગી સાધન કરે સચેત;
શામ્યા જગના શોરબકોર:
અંધારી મધરાત અઘોર !

શ્વાન ભસે કો દૂરે દૂરે,
પહેરેગીરની બુમ પડે;
ઘરના ઉંદર ધંધ મચાવે,
રોગીની નિદ્રા બગડે;
કવચિત્ ગળકી ઉઠે મોર:
અંધારી મધરાત અઘોર !

રજનીચર રાચે ને નાચે–
ઘુવડ, ચીબરી, વનવાગોળ;
પિશાચનું પરણેતર ઉજવી
જાણે ગાય પ્રલયનાં ઘોળ !
સૂર ભયાનક કર્ણકઠોર:
અંધારી મધરાત અઘોર !

તાંડવ કરતી મહા ભયંકર
કાલિકા સમ ચંડ બની,
સ્મશાનમાં, નિર્જન જંગલમાં,
ગુફા મહીં ગાજે રજની;
કાચાં હૈયાં રહે ન ઠોર:
અંધારી મધરાત અઘોર !


ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ

દીકરો!

બાપનું બિરદ જાળવનાર એક કાઠી કન્યાની કહાણી

'સૌરાષ્ટ્રની રસધાર'
–ના અપ્રકટ બીજા ભાગમાંથી

ચિત્રકાર
રવિશંકર પંડિત



ત્યાં ઉભાં ઉભાં બે હાથે ઝાલીને એ જોગમાયાએ

ચલાળા ગામથી ચાર ગાઉ ઉપર, બરાબર ગરને કાંઠે, શેલ નામની એક નદી ચાલી જાય છે. કાળા પત્થરોની એની ભેંકારઉંચી ભેખડો વચ્ચે ધીરાં ધીરાં ગરજતાં એનાં પાણી વહ્યાં જાય છે;—જાણે કોઇ ભુતાવળનાં છોકરાં માને ધાવતાં ધાવતાં હોંકારા કરી રહ્યાં છે.

એ વિકરાળ નદીને કાંઠે, પંખીના માળા જેવડું નાનું, લાખાપાદર નામનું ગામડું છે. લાખાપાદરની ચોપાસ નદીઓ જ ચાલી જાય છે. ચોમાસામાં તો જાણે પાતાળલોકની નાગકન્યાઓ પૃથ્વી ઉપર નાચ કરવા નીકળી હોય, તેમ અનેક ઝરણાં ફુટી નીકળે છે. સતજુગના ઋષિ જેવા એક જુના વડલાની છાંય હેઠે, પત્થરની ભેખડમાંથી પાણીનો મોટો ધોધ પડે છે. એ ધોધની આસપાસ લોકોએ ગૌમુખ બાંધી ગૌમુખી ગંગા સ્થાપ્યાં છે. પડખે જ શંકર બેઠા છે. કુદરતે એકસામટી ગુલાબી કરેણુ ઉગાડી છે. આંબાની ઘટા જામી છે. નીચે એ ગૌમુખીને ઝીલનારો, કુદરત માતાએ જાણે માપીમાપીને કંડારેલો, નિર્મળ કુંડ આવેલો છે. નીચાણમાં ઉંડા ધરો છે. વડલા ઉપર મોરલા ટૌકે છે; ગૌમુખીનાં નીર ખળખળે છે; કુંડમાં નાની માછલીઓ તગમગે છે; ને ધુનામાં મગર શેલે છે. કુદરતના રૂપમાં કોમળ અને વિકરાળ, બેય રેખા કેવી જુક્તિથી આંકેલી છે! એવે સ્થળે જન્મનારાં માનવી પણ એક વખત એવાં જ કોમળ અને વિકરાળ હતાં—શુરવીર અને પ્રેમી હતાં.

એ ગામનાં તોરણ બાંધનાર લાખાવાળા નામે એક કાઠી દરબાર થઇ ગયા. લાખાવાળા જેવા પરાક્રમી હતા, તેવા જ પ્રભુભક્ત હતા.

એક દિવસ લાખાવાળા દરબાર કુંડલા ગામે કોઇકને કારજે ગએલા આસપાસના બીજા ઘણા કાઠી ગલઢેરા આવેલા. કામળીઆવાડનો બોજો કામળીઓ



ભોજાના પહોળા બરડામાં ભાલાનો ઘા મુકયો.

પણ આવેલો. ભોજો કામળીઓ ભયાનક લુટારો હતો. મુલકની ગાયોભેંસો ચોરાઈને આવે એને ભોજો કામળીઓ સંઘરતો. એનું નામ લેતાં તો છોકરાં છાનાં રહી જતાં.

કુંડલામાં ભેળો થએલ કાઠી ડાયરો ભોજા કામળીઆની લોંઠકાઇનાં વખાણ કરવા મંડ્યો. એકેએક કાઠી ભોજાને સારૂં લગાડવા મંડ્યો: 'આ ભોજો ક્યાંય થાય ?' 'ભોજાભાઇની તો કે કાટે !' 'ભોજે તો મોટા ગઢપતિને ધ્રુજાવ્યા !' એવી એવી તારીફ વચ્ચે બેઠો બેઠો ભોજો, રૂપે મઢેલા હોકાની ધીરી ધીરી ઘુંટ તાણી રહ્યો છે. બધા કાઠી એની પાસે બકરાં જેવા લાગે છે.

ભોજાનાં બહુ વખાણ થવા મંડ્યાં ત્યારે લાખાવાળાથી ન રહેવાયું. એણે ધીરે રહીને વચન કાઢ્યું કે 'હા, બા હા; ભોજો મલકનો બાદશાહ, ને કાઠી એનાં કુતરાં ! ભોજો સાંઢ ને કાઠી એના ભાંડ !'

ડાયરો થંભી ગયો. ધગાવેલા ત્રાંબા જેવી લાલઘુમ આંખો ઠરડીને, ભોજે એના પાડાના જેવા કાંધ-માંથી અવાજ કાઢ્યો કે 'એ કોણ ?'

'ભોજા, એ તો હું લાખોવાળો.'

'ઠીક, લાખાવાળા ! લાખાપાદર આડો હવે ગઢ ચણાવજે. માટી થાજે.'

'માટી તો મા જણે ત્યારે થઇને જ સૌ આવે છે; ત્યાર પછી માટી થવાય નહિ. અને લાખાપાદરને તો જીવતાં શરીરોનો જ ગઢ શોભે. માટે ભોજા, તું આવજે. વખાણીશ એવી મહેમાનગતી કરશું.'

સૌ પોતપોતાને ઘેર ગયા. લાખાવાળાને તે દિવસથી ભણકારા વાગી ગયા કે નક્કી ભોજો લાખાપાદર ઉપર પડશે. તે દિવસથી લાખોવાળો પરગામ જઇને રાત નથી રોકાતા. જ્યાં જાય ત્યાંથી ઝાલરટાણે તો ઝાંપામાં આવી જ પહોંચે.

એ વાતને તો છઆઠ મહીના થઈ ગયા. લાખા-વાળાને લાગ્યું કે ભોજો કાં તો ભુલી ગયો ને કાં તો થડકી ગયો. એ રીતે મનમાંથી ફડકો ઓછો થયો.

એક દિવસ લાખોવાળો કુંડલે ગયા. કુંડલાના ગલઢેરા કહે કે 'લાખ વાતે પણ આજની રાત નહિ જાવા દઇએ.' લાખોવાળો બોલ્યા કે 'બા, રાતે ગામ રેઢું મુકાય નહિ. ભોજાને નોતરાં દીધાં છે.'

'હવે ઠીક. ભોજો ક્યાં તમારી વાંસે ભમતો ફરેછે ?'

કચવાતે મને લાખાવાળા રોકાણા. રાતે ઢોલીઆમાં એને ઉંઘ ન આવી.

આંહી લાખાપાદરમાં સાંજ પડી ત્યાં વાવડ મળ્યા કે 'ભોજો કટક લઇને આવે છે!' ગામનો ઝાંપો બંધ કરી, આડાં ગાડાં ગોઠવી, લોકો હથીઆર લઈ ઉભા રહ્યા. પણ દરબાર વિના લોકોની છાતી ભાંગી ગઇ.

ભોજાનું કટક પડ્યું. ઝાંપા ઉપર લાખાપાદરના કૈંક જુવાન કામ આવ્યા. ઝાંપો તુટ્યો. કટક ગામમાં પેસીને વસ્તીને ધમરોળવા મંડ્યું. નક્કી કર્યું હતું કે લુંટ કરીને સૌએ પરબારા ગામને સીમાડે કોઇ ઝાડ નીચે મળવું. તે પ્રમાણે સૌ ચાલવા મંડ્યા.

ગામમાં કબ્રસ્તાન જેવી શાન્તિ છવાઈ ગઇ. ભોજો કામળીઓ સમજ્યો કે લાખોવાળો ઘરમાં સંતાઈ રહ્યો છે. એટલે એ લાખાવાળાના ફળીઆમાં જઇને હાકલા કરવા મંડ્યો કે 'કાઠી બારો નીકળ, બારો નીકળ.'

ઓરડામાં ઉભી ઉભી લાખાવાળાની સ્ત્રી થરથરતી હતી. એણે જવાબ દીધો કે 'ભોજા, કાઠી ઘરે હોત તો તો શેલને સામે કાંઠે તને લેવા આવત; સંતાત નહિ.'

ઉંચી ઓસરીની એક થાંભલીને ટેકો દઇને લાખાવાળાની દીકરી ઉભી હતી. પંદર વરસની ઉમર થઇ હશે. ભોજાના પડકારા, લોહીતરબોળ ભાલું, ને લાલઘુમ આંખો એ છોકરીને મન જાણે કાંઈક જોવા જેવું લાગતું હતું—બીવા જેવું નહિ. એ શાન્ત હતી. અંધારી રાતે જોગમાયા જેવી લાગતી હતી. મોતની લીલા તો જાણે ખુબ નીરખી હોય તેવી ઠરેલી એની મુખમુદ્રા! પેલા વડલાને છાંયે રમેલી અને ધરામાં નાહી નાહીને વજ્જર જેવી બનેલી એની કાયા હતી.

ભોજે જોયું તો ફળીમાં એ બાઇ ઉભી હતી તે થાંભલી પાસે એક વછેરો બાંધેલો. બાપ સગા દીકરાને ચડવા ન દે એવો એ વછેરો! લાખાવાળાનો આત્મારામ એ વછેરો! ભોજે વિચાર્યું કે 'આ વછેરો લઈ જઇને જગતને બતાવીશ; લાખોવાળો જીવશે ત્યાં લગી નીચું જોઇને હાલશે!'

પોતાના હાથમાં ભાલું હતું તે ઓસરીની કોર ટેકવીને વછેરાના પગની પછાડી છોડવા ભોજો નીચે બેઠો. માથું નીચું રાખીને એ પછાડી છોડવા મંડ્યો. બરડો બરાબર લાખાવાળાની દીકરીના સામો રહ્યો.

ઓરડામાંથી મા કહે છે કે 'બેટા, આંહી આવતી રહે.' પણ કાઠીની દીકરી શું જોઇ રહી છે? તૈયાર ભાલું, તૈયાર બરડો અને નિર્જન ફળીઉં! વિચાર કરવાનો વખત નહોતો. એણે ભાલું ઉપાડ્યું; ત્યાં ઉભાં ઉભાં બે હાથે ઝાલીને એ જોગમાયાએ ભોજાના પહોળા બરડામાં ભાલાનો ઘા મુક્યો. ભચ દેતું ભાલું સોંસરવું ગયું; ભોજાને ધરતી સાથે જડી દીધો!

નીચે ઉતરી, ભોજાની જ તરવાર કાઢી દીકરીએ એને ઝટકા મુક્યા. શરીરના કટકા કર્યા. પછી માને બોલાવી કે 'માડી, પછેડી લાવ્ય; ગાંસડી બાંધીએ.'

ગાંસડી બાંધીને ઓરડામાં મુકી દીધી. કોઇને ખબર ન પડવા દીધી.

ગામમાંથી આખી ફોજ નીકળી ગઇ હતી. સૌને મન એમ હતું કે ભોજો મોઢાઆગળ નીકળી ગયો હશે.

દીકરીએ તે જ ટાણે ગઢવીને બોલાવ્યા. દીકરી કહે કે 'ગઢવી, કુંડલે જાઓ, ને બાપુને કહો કે પરબારા ક્યાંય ન જાય. આંહી આવીને એકવાર મારે મોઢે થઇને પછી ભલે ભોજાની વાંસે જાય. પણ પરબારા જાય તો મને મરતી દેખે.'

ગઢવી કુંડલે પહોંચ્યા. દરબારે વાત સાંભળી કે ભોજે ગામ ભાંગ્યું. લાખાવાળાને માથે જાણે સાતે આકાશ તુટી પડ્યાં! 'હવે હું શું મોઢું લઇને લાખાપાદર આવું? પરબારો શત્રુઓને હાથે મરીશ.'

પણ એકની એક દીકરીના સમ! ડાહી દીકરી શું કામ બોલાવતી હશે? મારા સંતાનને મારૂં મોઢું કાળું કરવાની કુમતી ન સુઝે. કંઇક કારણ હશે. જાઉં.'

દરબાર ઘેર પહોંચ્યા, ત્યાં ધીરે રહીને દીકરીએ કહ્યું, 'બાપુ, તમારે જાવું હોય તો ભલે; પણ કટક કોઈ નથી ગયું. એક જણને આંહી રાખ્યો છે.'

એમ કહી ઓરડામાં લઇ જઇ ગાંસડી છોડી બતાવી. લાખાવાળાએ મોઢું ઓળખ્યું. એ તો ભોજો પોતે!

દરબારનું હૈયું હરખથી અને ગર્વથી ફાટવા લાગ્યું. એણે દીકરીને માથે હાથ મુક્યો ને બોલ્યા કે 'જગત કહેતું કે મારે દીકરી છે. પણ ના, આજ જાણ્યું કે મારે તો દીકરો છે!'



કુમાર
વીરપસલી અંક
૧૯૮૦

દેશદેશની કન્યાઓ



ગ્રીક કન્યાઓની ક્રીડા
(ચિત્રકારઃ સર ફ્રેડરિક લેઇટન)

પોતાના આવાસમાં આરસની ખુલ્લી અગાસી ઉપર દડે રમતી બે ગ્રીક કન્યાઓનું ઉપલું સુંદર ચિત્ર ઇંગ્લંડનું એક અમૂલ્ય ચિત્ર ગણાય છે. એના ચિત્રકાર સર ફ્રેડરિક લેઇટન ઇંગ્લંડના એક મહાન ચિત્રકાર હતા. એ ચિત્રમાં કન્યાઓનાં સંપૂર્ણ વિકસેલાં ભરાવદાર શરીર, તેમના અંગેઅંગમાંથી ફુટી નીકળતાં ચેતન અને ઉત્સાહ, તેમનાં આંદોલનું જેમ બતાવતાં વેગવતાં ઉડી રહેલાં તેમનાં વસ્ત્રો, અને વિશાળ અગાસીની પાછળ નીચે ગંભીર દરીઓ ને ઉપર ખુલ્લું આકાશ,—એ બધું ચિત્રકારે કેટલું સુંદર, કેટલું આબાદ અને કેટલું મનોહર ચીતર્યું છે! આપણને ઘડીભર એમ જ લાગે કે પ્રાચીન ગ્રીસની બે કન્યાઓ સાચ્ચે જ આપણી સામે દડે રમી રહી છે. પ્રાચીન ગ્રીસના લોકજીવનમાં કલા અને આરોગ્ય આદર્શ સ્થિતિએ પહોંચ્યાં હતાં. કલાના સુંદર જીવતા નમુના જેવાં એ દેશનાં નરનારીઓ અને બાળકોની દરેક ક્રિયા સંપૂર્ણ કલામય હતી. તેમના આવાસ, તેમનાં વસ્ત્રો, તેમની વાણી અને તેમની શીલસુરી,—બધાં સંપૂર્ણ જીવનનો ખ્યાલ આપે છે. એ જુની ગ્રીક સંસ્કૃતિને ચિત્રમાં સજીવ કરવા પાછળ સર ફ્રેડરિક લેઇટને જીવનભર અથાગ શ્રમ લીધો છે. અને એને માટે, તે યુરોપ આખામાં પ્રથમ પંક્તિના ચિત્રકાર ગણાયા છે.

'વાળી સમાર્યાં ચોક ત્યાં આવો કદિ કદિ.'

નાનાલાલ



જુના કાળથી જ ચિત્રકળા હિન્દુસ્તાનના લોકોના જીવનમાં—રોજના વહેવારમાં ગુંથાઇ ગઇ છે. ચિત્રકળા એટલે નીશાળમાં એકાદ પાનું પેન્સિલના લીટાથી ભરી મુકવું, અથવા એકએ જેવાંતેવાં ફુલપાન ચીતરી બેસી રહેવું એ નહિ. કોઇ પણ ભાવ, કોઇ પણ આકાર કે કોઇ પણ વસ્તુ સુંદર અને મનોહર રૂપમાં રજુ કરવાની કળા એ ચિત્રકળા છે. આ કળા બતાવવાની સારામાં સારી જગ્યા ઘર અથવા દેવસ્થાન છે.

ઘર કે દેવસ્થાન એ કંઈ માણસોએ ઉભાં કરેલાં પત્થરોનાં ખોખાં નથી. જેમ કીડો કોશેટા બનાવે છે, પંખીઓ સુંદર માળા બાંધે છે, દરીઆનાં જીવડાં છીપોલીઓ કે શંખો રચે છે, તેમ જ માણુસ પોતાનાં કપડાંની રચના કરે છે અને રહેવાને માટે ઘર બનાવે છે. એ ઘર માણસની ઇચ્છાઓ, જરૂરીઆતો, શોખ અને સગવડોથી ભરેલું હોવું જોઇએ; તેનું રૂપ અંદર રહેનાર માણસનું જીવન બતાવી આપે એવું હોવું જોઇએ.

ઘર એ કંઇ સંચામાંથી બનાવી કાઢેલું બાકસ ન હોય. એ પણ એક જીવતીજાગતી વસ્તુ હોવી જોઇએ. બારણું એ ઘરનું મુખ હોય, બારણા ઉપરનો ભાગ એ ઘરનું કપાળ, અને બારીઓ એની આંખો.


માણસના દેહને જેટલી સુઘડતા અને શણગારો હોય તેટલા ઘરને પણ જોઇએ. આથી જ ઘરનું બારણું અને બારસાખ માણુસો અનેક નકસી અને તોરણો વડે શણગારવા સારૂ મહેનત લે છે. દુનીઆના સૌ દેશોમાં આ ભાવ એકસરખો છે.

ઘરના મુખ્ય બારણાની આગળનો ભાગ તે આંગણું. બારણામાં ઉભેલો માણુસ આંગણામાં પહેલી નજર કરે છે. ઘેર મળવા આવનારા લોકો પ્રથમ આંગણામાં ઠરે છે. આંગણામાં જ તેમનો સત્કાર થાય છે. આથી આંગણું એ બારણા જેટલો જ જરૂરનો ભાગ ગણાય છે, અને તેની શોભા પણ લોકો તેટલા જ ઉંચા ભાવથી કરે છે.

દરેક જણુ પોતાનું આંગણું સ્વચ્છ અને રમણીય કરવાને મહેનત લે છે. આંગણાની બન્ને બાજુ ઝાડ રોપે છે, સ્તંભો ખોડે છે, ફુલપાનનાં કુંડાં ગોઠવે છે.

પણ બારણાની સામેનો રસ્તો તો ચાલવાને સારૂ ખુલ્લો જ રાખવો પડે; એટલે તેના ઉપર બીજી કઇ રીતે શોભા થઈ શકે? ગરીબ કે તવંગર, સૌને લાગ્યું તો ખરૂં જ કે એ જગ્યાએ પણ કંઇક શોભા તો કરવી જ. એટલે કોઈ પાણી છાંટે છે; કોઇ ગાયના છાણુ વડે લીંપે છે; કોઈ આરસની તકતીઓ જડાવે છે, અને પ્રસંગે ત્યાં ગાલીચા પણ પાથરે છે.

ત્યારે એટલું તો નક્કી, કે પોતાને આંગણે આવતાજતાને આકર્ષણુ થાય અને ઘરમાંથી નીકળતાં માણસોને આનંદ થાય એટલા માટે આંગણું સ્વચ્છ



પણ ઘરના આંગણામાં કંઇ આવું બધું ન બની શકે. એટલે નિત્ય આંગણાં સ્વચ્છ કરી, ઉપર છાણ માટીનું સુંદર લીંપણ કરી, તે ઉપર ચાક, ચુના કે રંગ-બેરંગી માટી વડે સાથીઆઓ ને મંગળ આકૃતિઓ પાડવાનો રીવાજ ચલાવ્યો.


આ રીવાજ આખા હિન્દુ-સ્તાનમાં હતો એમ સંસ્કૃત કાળની કથાઓ અને કાવ્યો ઉપરથી જણાય છે. પણ પાછળ-થી જેમ જેમ પરદેશના લોકો-ના હુમલા આપણા દેશપર થતા ગયા અને આપણા મુલકો દબાતા ગયા, તેમ તેમ એ રીવાજનો નાશ થઇ ગયો. ઘરનાં અને આંગણાનાં શોભા-શણગાર સ્ત્રીઓ જ કરતી. પણ મુસલ-માનોના વખતમાં સ્ત્રીઓને એઝલમાં રહેવું પડતું, તેથી એ રીવાજ નાબુદ થઇ ગયો. છતાં યે જે જે દેશ એવા પરદેશી હુમલાઓથી બચી શક્યા ત્યાં ત્યાં હજી પણ, આંગણાં શણ-ગારવાની આ સુંદર કળા જીવતી રહી છે, અને ત્યાં હજી યે એ કળા જુદાં જુદાં રૂપ સજે છે.

અને સુંદર તો હોવું જ જોઇએ.

આપણા આર્યલોકો પહેલેથી જ ધર્મ અને કળાના તો ઉપાસક. એટલે તેમણે દરેક ઠેકાણે મંગળ અને સુંદર ભાવનાં ચિહ્નો કે મૂર્તિઓ ગોઠવ્યાં છે. ઘરના બારસાખ ઉપર ગણેશની મૂર્તિ અને મંગળ તોરણ રચ્યાં; દેવસ્થાનમાં, મન્દિરના દ્વાર સામે જ જમીન પર સુંદર ફુલવેલ, ગરુડસ્તંભ અને કાચબા કોર્યા; થાંભલાઓ ઉપર ખીલેલાં કમળફુલ અને અમૃતકળશ ગોઠવ્યા.

હાલમાં રંગોળી અથવા રંગાવલિ પુરવાની રીત સૌથી વધારે મદ્રાસ તરફના મુલકમાં, દક્ષિણમાં અને બંગાળામાં તથા પારસી લોકોમાં ખુબ ચાલુ છે. આપણા ગુજરાતમાં તો માત્ર દીવાળીના તહેવારોમાં જ આંગણે રંગોળી પુરાય છે. પણ તેમાં યે ખાસ સુંદર સંસ્કાર વાળું કામ તો ભાગ્યે જ હોય છે.

મહારાષ્ટ્રમાં તો દક્ષિણી સ્ત્રીઓ અને કન્યાઓ સવારના પહોરમાં વહેલાં ઉઠી, ઘર વાળીચોળી,




આંગણું સ્વચ્છ કરી બારણાની આગળનો ભાગ લીપે છે, અને તે પર એકાદ ફુલ, એકાદ સાથીઓ કે કમળનું મંગળ ચિહ્ન અથવા બીજી જાતજાતની આકૃતિઓ કરે છે. સફેદ રંગ માટે ચીરોડીનો ભુકો કે ચોખાનો લોટ લે છે; પીળા રંગ માટે હળદર વાપરે છે; લાલ રંગ માટે કંકુ કે ગુલાલ રાખે છે. નાનપણથી જ તેઓ આ કામમાં બરોબર લક્ષ આપી શીખી લે છે. અને ટેવાઈ જાય છે એટલે તો પછી તેમની ચપટીઓમાંથી ચોકખી રેખાઓ સપાટાબંધ છુટતી આવે છે. મહારાષ્ટ્રની રંગોળીમાં મોટે ભાગે ભૂમિતિબંધ રચનાઓ હોય છે, એટલે તેમાં ચોરસને હીસાબે કેટલાંક બિન્દુ મુકીને તે પ્રમાણે આકૃતિઓ ગોઠવાય છે.

મદ્રાસ તરફની રંગોળીઓ વધારે કળાપૂર્ણ હોય છે. તેમાં વધારે વળાંકા, વેલો અને વિવિધ આકૃતિઓ રચાય છે. એટલી આલેખનશક્તિ તો ત્યાંની સ્ત્રીઓમાં સહજ હોય છે. મનમાંથી અવનવા આકાર ઉપજાવવાની તથા ચીતરવાની એમની શક્તિ જોઇને એમની કલ્પના અને કુશળતા માટે આપણને માન તથા આશ્ચર્ય થાય છે.

આ સ્ત્રીઓ કાંઇ કોઇ નીશાળમાં શીખેલી હોતી નથી; પણ નાનપણથી જ ઘરમાં શીખીને, તથા આસપાસના સંસારમાંથી જોઇજોઇને સંસ્કાર પામીને તેઓ ચતુરાઇ મેળવે છે.

આવી ઘેરઘેર પુરાતી રંગોળીઓ ઉપરાંત રંગોળી પુરનારા બીજા ખાસ ઉસ્તાદો પણ હોય છે. તેઓને દેવસ્થાનોમાં કે શ્રીમંત લોકોને ત્યાં ઉત્સવોમાં રંગોળીઓ પુરવા બોલાવવામાં આવે છે. કોલસાનો બારીક

ભુકો ભરી જમીનને સાવ કાળી કરી નાખી તે પર કાગળમાં કોરેલી જુદા જુદા આકારોની જાળીઓ વડે તેઓ રંગો ભરે છે. એમાં કુશળતાભર્યા ગાલીચા ઉપજાવે છે, રંગોની પરસ્પર મિલાવટ કરી અટપટી આકૃતિઓ બનાવે છે, અને કોઇકોઇવાર પુરાણ કે ઇતિહાસના પ્રસંગો પણ આલેખે છે. કાળી ભોંય ઉપર એ રંગો અજબ તેજભર્યા લાગે છે. આવતાજતા લોકો બે ઘડી ત્યાં ઠરીને આંખો તૃપ્ત કરી લે છે. કોઇનું ગાયન સાંભળીને જેવો આનંદ થાય તેવો આનંદ રંગોના આ ગાયનમાંથી આપણને આંખ દ્વારા મળે છે.



સ્ત્રીઓની આ કળાથી નગરજનો આંગણે આંગણે નિતનવી આકૃતિઓ જુએ, નિત્ય નવાં સૃજન થાય ને નવી કળા રચાય. તેમાંથી નવો ઉત્સાહ અને નવું ચેતન પ્રગટે એ શું ઓછું સુભાગ્ય છે? અને આવી આકૃતિઓ સરજનારી સ્ત્રીઓ ઘરકામમાં પણ કેટલી ચતુર અને નિપુણ હોય?

ગરીબ કે તવંગર સૌને જેમાંથી કળાની પ્રસાદી એકસરખી મળે છે એવી રંગોળીની આ પ્રથા ગુજરાતમાં કેમ ન પ્રસરે? કેળવાયેલી બાળાઓ તો, જો ધારે તો આ વિચાર ઉપાડી લઈ, માતાપિતાને ઘેર કે સાસરવાસમાં આ મંગળ કાર્ય શરૂ કરે અને ચાલુ રાખે.

[આ લેખમાં આપેલી રંગોળીની આકૃતિઓ 'પુના, ચિત્રશાળા પ્રેસ' તરફથી બહાર પડેલા 'રંગોળી' નામના મરાઠી પુસ્તકમાંથી તથા 'આલેપન' નામના શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરના બંગાળી ગ્રંથમાંથી લેવામાં આવી છે. રંગોળીની કળામાં જેમને ખાસ રસ પડતો હોય એમને એ બન્ને પુસ્તકોનો ઉપયોગ કરવાની અમે ભલામણ કરીએ છીએ]

મેંદીનાં પાન

સદ્‌ગુણી થવાનો સહેલામાં સહેલો રસ્તો એ છે કે આપણા દુર્ગુણો વીણી વીણીને કાઢી નાખવા.

દુનીઆમાં આટલું બધું ડહાપણ આપણી નજરે જોવા છતાં આપણી જાતને જ આપણે સૌથી વધારે ડાહી કેમ માનતા હઇશું?

ભુલ ન કરે તે ડાહ્યું નથી; પણ એકની એક ભુલ બીજી વાર ન કરે તે જ ડાહ્યું.

કુવા ઢાંકણ ઢાંકણું, ખેતર ઢાંકણ વાડ;
બાપનું ઢાંકણ બેટડો, ઘરનું ઢાંકણ નાર.

'અનુભવ'ને તમારો ખરો મિત્ર માનજો. એ તમારી ભુલો જેટલી બતાવશે તેટલી બીજું કોઇ નથી બતાવવાનું.

અંગારો ગરમ હોય તો દઝાડે ને ઠંડો હોય તો હાથ કાળા કરે. દુર્જનનો સંગ તેવો સમજવો. તે ખીજે તો અંગારા જેવો છે, ને રીઝે તો કોયલા જેવો છે.

હાથ દાનથી શોભે છે, શક્તિ ક્ષમાથી શોભે છે ને મોં સારી વાણી વડે.



સમરકંદ ને બલ્ખના મુલ્કમશહૂર મેદાનોમાં, સાહસ અને શૌર્ય માના દુધની સાથે જ બાળકની રગેરગમાં જાય છે. એક વખત ઔરંગઝેબ ત્યાંના લોકો સામે યુદ્ધમાં ઘુમતો હતો. તેના કેટલાક ઘોડેસવારો એક નાના ગામડામાં લુંટફાટ કરતા હતા. એટલામાં એક ડોશીએ કહ્યું, 'બેટા! જો જીવવાની આશા હોય તો ચાલ્યા જાઓ. મારી દીકરીઓ બહાર ગઈ છે તે જો આવી પહોંચશે તો તમારા બાર વાગી જશે!' પણ સાંભળે કોણ? તેમણે તો ડોશીને સાથે ઉપાડી ને લુંટનો સામાન લઈ આગળ ચાલ્યા. થોડે દૂર ગયા ત્યાં ડોશીએ ફરી કહ્યું, 'હજી પણ કહું છું કે તમારો જાન બચાવો; મારી દીકરીઓ આવે છે.'

થોડીવારમાં તો હાથમાં કામઠાં ને ખભે તીરનાં ભાથાંવાળી તાતાર કુમારિકાઓ ઘોડા પર આવી પહોંચી. જ્યારે તીરોના સપાટાથી સૈનિકો વીંધાઇને પડવા લાગ્યા, ને મોગલોનાં તીર તો કામઠે પણ પહોંચે નહિ એવી સ્થિતિ થઇ ત્યારે મોગલો બધી લુંટ એમ ને એમ પડતી મુકી રવાના થઇ ગયા.

શાહજહાનનો વડો શાહજાદો દારા, ઔરંગઝેબના હાથથી હારીને ઇરાન તરફ નાસી જવા માટે તૈયાર થઈ રહ્યો હતો. સિંધુ નદી ઉતરીને બલુચિસ્તાન તરફથી ઇરાનમાં જવા માટે હવે તો તેની સાથે ફક્ત ગણ્યાગાંઠ્યા બસો ત્રણસો વિશ્વાસપાત્ર નોકરો જ હતા. એટલામાં અચાનક દારાના મનમાં એક વિચાર સ્ફુર્યો. બોલન-ઘાટથી માત્ર પાંચ માઇલ દૂર દાદરમાં જીવણખાન પઠાણની રાજધાની હતી. બાદશાહ શાહજહાને, એક વખત જીવણખાનને કોઇ ભયંકર અપરાધ માટે દેહાંત દંડની સજા કરેલી તે વેળા દારાએ વચ્ચે પડી તે માફ કરાવી હતી. આ પ્રસંગ સંભારી દારા, પોતાની સ્ત્રી નાદીરાબેગમ તથા બે શાહજાદીઓ અને સૌથી નાના પુત્ર સિપેહશિકોર સાથે ત્યાં જવા તૈયાર થયો. બેગમ અને ત્રણ છોકરાં આ નિશ્ચય સાંભળી બોબે પાણીએ રોયાં ને ત્યાં ન જવા દારાને વારંવાર વીનવ્યો. પરંતુ દર ક્ષણે પાછળ લશ્કરના ભણકારા વાગતા હતા; ને દરેક પળ જીવનની છેલ્લી પળ જેવી અમૂલ્ય હતી. સૌનાં આંસુ વ્યર્થ ગયાં, ને દારાને પણ આ ઘડીએ, કોણ જાણે કેમ, ઈરાન જવા કરતાં આ પઠાણને આશ્રયે જવું વધારે સહીસલામતી ભરેલું લાગ્યું.

જીવણખાન પઠાણે પ્રથમ તો દારાને બહુ સારો આવકાર આપ્યો. પણ સોનૈયાથી લાદેલાં ખચ્ચરો દારા સાથે છે, ને તેના રક્ષણ માટે માત્ર ત્રણસો માણસો છે એ જોઇ, પઠાણને પાછળથી દુર્બુદ્ધિ સુઝી. થાક, ભુખ ને ઉજાગરાથી સૌ ત્રાહિ ત્રાહિ પોકારી રહ્યાં હતાં, એટલે જેવાં પથારીમાં પડ્યાં કે તરત ઘસઘસાટ ઉંઘી ગયાં. રાત્રે જીવણખાન પઠાણ દારાના તંબુમાં પેઠો. પ્રથમ તો અંગરક્ષકોને ઠાર કર્યા. બાળક છતાં, બાદશાહી લોહીનો નાનો શાહજાદો સિપેહશિકોર ગરબડાટથી જાગી ઉઠ્યો, ને જાગતાં જ તીરકામઠાથી ત્રણ ચાર જણને ઠાર કર્યા. શાહજાદાની કારમી ચીસથી દારા જાગી ઉઠ્યો. તે વખતે સિપેહશિકોરને બાંધી લેવામાં

આવ્યો હતો. આખી મોગલ શહેનશાહતને પોતાના બુદ્ધિબળથી ચકિત કરનાર સમ્રાટ્ અકબરનો વંશજ, એક તુચ્છ જાગીરદાર પાસે, નિઃશ્વાસ નાખતો ઉભો હતો. તેનામાં અત્યારે પોતાના વ્હાલા પુત્રને પણ છોડાવવા જેટલું બળ ન હતું. સમય કેવો દગાખોર છે!

જીવણખાન તેમને કેદ કરી દિલ્હીમાં ઔરંગઝેબ પાસે પહોંચાડી આવ્યો. દારાને અને તેના શાહજાદાને એક ઘરડા દુબળા હાથી પર બેસાડી, માત્ર એક હલકી શાલ ઓઢાડી, આખા દિલ્હીમાં ફેરવવામાં આવ્યા! દિલ્હીના મહોલ્લે મહોલ્લામાંથી સ્ત્રીઓ અને બાળકોનાં રૂદનના સ્વર સંભળાતા હતા; ફકીરો અને ગરીબો પોતાના પરમ પ્રિય શાહજાદાને આ અવસ્થામાં જોઇ હૈયાફાટ રોતા હતા; અને આખા શહેરમાં સર્વત્ર ભારે ગમગીની ફેલાઈ ગઈ હતી.

હયદરાબાદ નામે દારાની પ્રિય વાડી તરફ આ સરઘસ ધર્યું ત્યારે એક ગરીબ ભીખારીએ, પોતાની વૃદ્ધાવસ્થાથી નબળી પડેલી આંખે હાથ ધરીને ઉંચું જોયું. પોતાના હમેશના દાતા સખીદિલ શાહજાદા દારાને તેણે નીચે મોંએ એક ગંદા હાથી પર બેઠેલો જોયો. દુઃખની એક ભારે હાય મારી તે બોલ્યો, 'ઓ શાહાનશાહના શાહાનશાહ! આજે તારી આ અવસ્થા જોઇને હૈયું ફાટી જાય છે. તેં આ રસ્તે હમેશાં ગરીબોને નવાજ્યા છે. કાળ કેવો ક્રૂર છે કે આજે એ ગરીબનવાજને જોઇને મારા મોંમાંથી ધન્યવાદ સરવાને બદલે આંખમાંથી આંસુ વહે છે!'

આ શબ્દો દારાના કાનપર સ્પષ્ટ રીતે અથડાયા. તેનું નીચે નમેલું મોં જરાક ઉંચું થયું, ફકીર તરફ જોઈ રહ્યું, ને જુની પિછાન તથા કરેલા ઉપકારોની સુખદ યાદથી, આટલા સંકટમાં પણ તેના મોં પર સ્વર્ગીય સ્મિત ઝળક્યું. તેનો હાથ જરા ઉંચો થયો ને ખભાપર પાછળ પડ્યો.

બીજી જ ક્ષણે શાહજાદા દારાનું ખુલ્લું શરીર દિલ્હીના આકરા તાપમાં તપતું દેખાયું. તેના શરીર પરની પેલી શાલ ગરીબ ફકીરના મોંને ઢાંકી રહી હતી! ફકીરે શાલ ખસેડી દૂર ચાલ્યા જતા હાથી તરફ જોયું તો શાહજાદાનું માથું પાછું છાતી પર ઝુકી ગયું હતું.

મોગલ શહેનશાહ મહમ્મદશાહ જ્યારે દિલ્હીની ગાદીપર હતો ત્યારે મેવાડની ગાદીપર રાણો સંગ્રામસિંહ હતો. તે રાણાએ મેવાડનું ગૌરવ ફરી પ્રાપ્ત કર્યું હતું. મેવાડમાં રાણાના જુદા જુદા ખાનગી ખર્ચ માટે જુદી જુદી જમીનની ઉપજ પહેલેથી જ તે ખાતે રાખવામાં આવે છે. આ જમીનને 'ધુઆ' કહે છે. એક વખત એવું બન્યું કે રાણાજીએ પોતાના ખાનગી ખર્ચમાંથી એક 'ધુઓ' કમી કર્યો. ત્યાર પછી થોડા દિવસે રાણો જમવા બેઠેલા, ત્યાં ભાણામાં દહીં મુકવામાં આવ્યું હતું, પણ સાકર મુકેલી નહિ. આ માટે રાણાજીએ પોતાના નોકરને ઠપકો આપ્યો, ત્યારે નોકરે જવાબ વાળ્યો કે 'મહારાજ! મંત્રીજીએ આપની આજ્ઞાથી, સાકરને માટે જે 'ધુઓ' હતો તે રાજ્યમાં ભેળવી દીધેલો છે!

'ઠીક' એટલું જ બોલીને રાણાજીએ ભોજન કરી લીધું. પણ રાજ્યમાં મળી ગયેલું પોતાનું ખાનગી ખર્ચ પાછું મેળવવા એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહિ.

ઈ. સ. ૧૭૪૦માં દિલ્હીની ગાદીપર કમનસીબ મહમ્મદશાહ હતો. તે વખતે દિલ્હીનો રાજમુગટ ડગમગુ થતો હતો. દક્ષિણ હયદરાબાદમાં નિઝામઉલ-મુલ્કે પોતાની સ્વતંત્ર સત્તા સ્થાપી હતી, અને અયોધ્યામાં સાદતખાં નામે સરદારે સ્વતંત્ર નવાબી સ્થાપી હતી. મહમ્મદશાહ બહુ નબળો, એટલે તેની પાસેથી વજીરપદ મેળવવા માટે આ બન્ને સરદારો વચ્ચે સ્પર્ધા થઈ રહી હતી. એ વખતે ખબર મળ્યા કે નાદિરશાહ દિલ્હી પર આવે છે. લોકોમાં આ ખબર ફેલાતાં જ નાસભાગ શરૂ થઇ. સૌ સરદારો પણ નાસવા લાગ્યા. પરંતુ સાદતખાં ને નિઝામ બન્ને મહમ્મદશાહની મદદે આવ્યા. પણ એ બન્નેમાંથી સાદતખાંએ તો માત્ર દેખાવ જ કર્યો હતો. નાદિરશાહને આમંત્રણ કરનાર તે પોતે જ હતો. ઘરના કજીઆમાં આ પ્રમાણે ત્રીજાને ન્યાયાધીશ નીમવાથી જે ભારે બુરૂં પરિણામ આવ્યું તે આપણે સૌ જાણીએ છીએ. કર્નાલ પાસે થએલા યુદ્ધમાં મહમ્મદશાહ હાર્યો ને નિઝામની મદદથી નાદિરશાહ સાથે સંધિના સંદેશા ચલાવ્યા; અને સંધિ પર સહી પણ થઈ ગઇ. પરંતુ નિઝામને

મળેલા આ માન માટે સાદતખાંના મનમાં ખટકો રહી ગયો. તેણે સમય જોઇ અતિ નિંદ્ય કામ કર્યું. નાદિરશાહને તેણે છુપી રીતે મળીને કહ્યું કે 'આપને જે અઢી કરોડ રૂપીઆની રકમ આપવાની નિઝામે ઠરાવી છે, તે તો પોતે એ એકલો જ આપી શકે એટલો માલદાર છે. બાકી દિલ્હીની તીજોરીમાં તો અઢળક દોલત ભરી છે!'

થઇ રહ્યું. બીજે દિવસે નાદિરે મોગલોના ખજાનાની ચાવી માગી. મહમ્મદશાહ લાચારની જેમ બેસી રહ્યો ને છેક અકબરના વખતથી ભેગી થયેલી, મોગલ શહેનશાહતની બધી સમૃદ્ધિ નાદિરના હાથમાં આવી. આ રકમ ૪૦ કરોડ જેટલી ગંજાવર હતી! અને ત્યારપછી બીજે દિવસે દિલ્હીમાં લુટ ચાલી. આખા દિલ્હી શહેરમાં પત્થરની માફક માણસનાં મુડદાં રખડવા લાગ્યાં અને લોહીના પ્રવાહથી શહેરના રસ્તા ભરાઇ ગયા. દિલ્હી પર આ જુલમ થતો જોઇ શહેનશાહ મહમ્મદશાહનું દિલ ચુરેચુરા થઇ ગયું. પણ તેનામાં તેજ રહ્યું ન હતું. નાદિરશાહ આ બધો સમય બડાખઝાનની રકમ-ઉદ્દૌલા નામની નાની મસ્જીદમાં બેસી ચુપચુપ બધું જોયા કરતો હતો. મહમ્મદશાહ ત્યાં ગયો, ને પોતાનું માથું નમાવીને છાનોમાનો ઉભો રહ્યો. એની આંખમાંથી આંસુ ચાલ્યા જતાં હતાં, ને તે વારંવાર 'મારી રૈયતના જાન બચાવો' એમ પ્રાર્થના કરતો હતો. નાદિરશાહે જ્યારે એ 'કત્લે આમ' બંધ કરવાનો હુકમ કર્યો ત્યારે એક લાખ ને વીસ હજાર માણુસો મરણ શરણ થઇ ચુક્યાં હતાં!

જે માણુસ આ વિનાશનું મુળ હતો તે દેશદ્રોહી સાદતખાંનું પણ નાદિરે અપમાન કરી તેને કાઢી મુક્યો. તે જ રાત્રે સાદતખાં ઝેરનો પ્યાલો પીને સુતો!

પરદેશીની સોડનો આધાર લઈ, પોતાના દેશ પર જુલમ કરાવનાર દરેક મનુષ્ય આવી રીતે કમોતે મર્યાના ઘણા ઉલ્લેખ ઇતિહાસમાં છે.

'ધૂમકેતુ'

કિરીટ

ની વાર્તાનો હપતો આ અંકમાં નથી આપી શકાયો તે આવતા અંકમાં અતિ સુંદર ચિત્રો સાથે આવશે.

પુછો તંત્રીને



ગંજીપાની રમત કોણે શોધી કાઢી એ ચોકસ નથી; પણ ઇટાલીના વિટર્બો શહેરમાં ઇ.સ. ૧૩૭૯ માં એ પ્રથમ રમાઈ હતી એટલી માહીતી મળે છે.


સત્યનારાયણની મુળ કથા શી હશે તે વિષે કંઇ ચોકસ તો ન કહી શકીએ, પણ અનુમાન કરીએ કે કથાનો પૂજાવિધિ, તેનું માહાત્મ્ય તથા તેથી થતી ફલપ્રાપ્તિ વગેરેને લગતી હકીકત તેમાં હોય. સાધુવાણીઆ વગેરેની વાતો છે તે, લોકો ઉપર કથાનું તાત્પર્ય અને પ્રભાવ ઠસાવવા માટે યોજી કાઢેલા દાખલાઓ માત્ર હશે. અથવા એમ પણ હોય કે કથાના પ્રભાવથી જેમ જેમ ચમત્કાર બનતા ગયા હોય તેમ તેમ એ વાર્તાઓ અંદર દાખલ થવા પામી હોય.

માથાના વાળનો જેટલો ભાગ બહાર દેખાય છે તેટલો તો જડ જ સમજવો; પરંતુ શરીરની સાથે તેનું મુળ જ્યાં જોડાએલું હોય છે તે ભાગ જીવતો હોય છે. આપણા નખની પેઠે જ. બહારનો એટલો જડ અને અંદરનો એટલો જીવતો.

માણુસની જીંદગી સરેરાશ સો વરસની ગણાય. માણુસ ખાવાપીવામાં નિયમિત રહે, વ્યસન કોઈ જાતનું ન હોય ને સાદું, સંતોષી ને કુદરતી જીવન ગાળતો હોય તો આ જમાનામાં પણ તે સો વર્ષ જીવી શકે.

નવા સવાલ

રેડીઅમ શા ઉપયોગમાં આવે છે?
વીજળીના વેગનું માપ કોણે કાઢ્યું?
ફુલોમાં વાસ શાથી હોય છે?
પહેલવહેલી ટ્રામગાડી કોણે શોધી?
ધરતીકંપ શાથી થાય છે?
પાણીનું ટીપું ચોરસ નહિ, લંબગોળ નહિ અને ગોળ જ છે તેનું શું કારણ?



મુઆ મડાની વાર્તા

એક હતો બ્રાહ્મણ. એને એક દીકરી. તે છેક નાની સાતઆઠ વરસની હતી ત્યારથી જ્યારે જ્યારે બહાર જાય અને ઘરમાં આવે ત્યારે ત્યારે છાપરા ઉપરથી તેને કાને અવાજ આવે કે 'આવતી હોય તો આવ, નહિતર વગર તેડે આવીશ!'

છોડી રોજ તપાસ કરે કે 'આ તે કોણ બોલાવતું હશે? પણ કોઈ દેખાય નહિ ને અવાજ આવ્યા કરે! તેના મનમાં બીક લાગવા માંડી કે આ તે રોજ કોણ બોલાવતું હશે? એમ કરતાં કરતાં કેટલાક દિવસ વહી ગયા, ત્યારે એકવાર છોડીએ પોતાના બાપને વાત કરી કે 'બાપા, હું કોઈને દેખતી નથી પણ મારે કાને રોજ આવો અવાજ આવે છે ને હું બહુ બીઉં છું.' તેનો બાપ એકવાર સાથે તપાસ કરવા નીકળ્યો તો તેના કાન પર પણ એ જ અવાજ આવ્યો. ત્યારે બાપને પણ બીક લાગી.

બ્રાહ્મણ એ ગામના કોઇ મોટા જોશી પાસે ગયો, અને દીકરીના જોશ જોવડાવ્યા. જોશીએ કહ્યું, 'તમારી દીકરી મુએલા માણસને પરણશે!'

આ સાંભળી બ્રાહ્મણ તો ઘણો જ ગભરાઇ ગયો. તેણે વિચાર્યું કે દીકરીનું આવું દુઃખ જોવાનું આવે તેના કરતાં તેને કોઈ દૂરના જંગલમાં મુકી આવવી સારી. બીજે દિવસે ભાતુંપોતું કરાવી દીકરીને સાથે લઈ તે જંગલ તરફ ગયો.

ચાલતાં ચાલતાં બપોરના બાર વાગ્યા ત્યારે તેણે ભાતું ખાવાનો વિચાર કર્યો, પણ નજીકમાં પાણી દેખાતું ન હતું. ઝાડ ઉપર ચડીને દૂર નજર કરી તો એક મકાન નજરે પડ્યું. દીકરીએ કહ્યું, 'બાપા, તમે અહીં બેસો; હું ત્યાં જઇને પાણી ભરી આવું, પછી આપણે ભાતું ખાંઇએ.' આમ કહી દીકરી પાણી ભરવા ચાલી.

મકાન આગળ આવીને તે અંદર ગઇ, ત્યાં સામે જ ઠંડા પાણીનાં માટલાં જોવામાં આવ્યાં. આ જોઇને તે તો ખુશખુશ થઇ ગઇ અને ઓરડામાં પાણી ભરવા ગઈ પણ જેવી અંદર પેઠી તેવાં જ બારણાં ભડાક કરતાં બંધ થઇ ગયાં! છોડીએ બારણાં ઉઘાડવાની બહુ મહેનત કરી, પણ ઉઘડ્યાં નહિ. આથી તે નિરાશ થઇને બારણા પાસે ઉભી રહી.

બાપ ઘણીવાર રાહ જોઈ ત્યાં આવ્યો, પણ ત્યાં તો તેને જણાયું કે દીકરી અંદર છે અને બારણાં બંધ થઇ ગયાં છે! બાપે પણ બારણાં ઉઘાડવા ઘણી મહેનત કરી, પરંતુ કંઇ વળ્યું નહિ. છેવટે દીકરીએ કહ્યું, 'બાપા, તમે તમારે ઘેર જાઓ. મારા નસીબમાં માંડ્યું હશે તે થશે.' આખરે થાકીને બાપ લાચાર થઇ ઘર તરફ પાછો વળ્યો.'

બ્રાહ્મણની છોકરીએ તો પછી મકાનના જુદા જુદા ભાગમાં ફરીને તપાસ કરવા માંડી; ત્યાં તો એ મકાનમાં બીજા સાત ઓરડા દેખાયા. એકમાં લુગડાં હતાં, એકમાં અનાજ હતું, એકમાં વાસણ હતાંઃ એમ છ માં જુદી જુદી વસ્તુઓ ભરી હતી. સાતમામાં જઇને જુએ છે તો તેમાં એક પુરુષનું મડદું પડેલું હતું અને એને રૂંવાડે રૂંવાડે શુળો ખોસેલી હતી! છોડીએ વિચાર કર્યો, 'અહીં હું એકલી બેઠી બેઠી શું કરીશ? લાવને આના શરીરમાંથી શુળો તો કાઢું. જોઇએ શું થાય છે!' તે તો શુળો કાઢવા

બેઠી. છ દિવસ અને છ રાત, ભુખ્યાં ને તરસ્યાં, એક જગ્યાએ બેસીને તેણે શુળો કાઢ્યા કરી. સાતમે દિવસે જ્યારે માત્ર સાત જ શુળો બાકી રહી ત્યારે તેને ઝોલાં આવવા લાગ્યાં અને શરીરમાં અતિશય થાક જણાવા માંડયો. આરામ લેવા માટે ઉઠીને તે જરા બહાર આવીને ઉભી રહી. ત્યાં એક વણઝારો પોઠ લઇને નીકળ્યો. એની સાથે બારતેર વર્ષની એક દીકરી હતી. છોડીએ વિચાર કર્યો કે હું એકલી છું, તો લાવને પૈસા આપીને વણઝારા પાસેથી દાસી તરીકે આ દીકરીને ખરીદી લઉં.


તેણે વણઝારાને કહ્યું કે તું મને આ દીકરી આપ અને તારે જોઈએ તેટલું નાણું લે. તેણે તો એ વણઝારાની પોઠો બધી સોનાથી ભરી દીધી. વણઝારો પોઠો ભરીને દીકરી સોંપીને ચાલતો થયો.

વણઝારાના ગયા પછી પેલી બ્રાહ્મણની છોડીએ વણઝારાની દીકરીને કહ્યું કે 'આ માણસના કપાળમાં સાત શુળો બાકી રહી છે તે તું કાઢ; મને ઉંઘ આવે છે એટલે હું સુઇ જાઉં છું.' એમ કહીને બ્રાહ્મણની દીકરી તો સુઇ ગઇ.

વણઝારાની દીકરીએ તો મડાના કપાળમાંથી સાત શુળો ખેંચીને કાઢી નાખી, ત્યાં તો મડું આળસ મરડીને બેઠું થયું! તે બોલ્યું. 'હાશ, શુળો ખેંચી કાઢી મને કોણે સજીવન કર્યો?' વણઝારાની છોડીએ કહ્યું, 'મેં.' પેલા માણસે કહ્યું, 'માગ માગ.' વણઝારાની છોડીએ કહ્યું, 'માગું એ કે આ સુતી છે તે તમારી અણમાનીતી સ્ત્રી થાય અને હું માનીતી!' પેલા માણસે કહ્યું, 'ભલે, તેમ.' પછી તેણે એ વણઝારાની દીકરીને ઘરનું બધું રાચરચીલું ને માલમીલકત બતાવી દીધી, અને ઘર તેને સોંપી દઇ રસોઈ કરવા કહ્યું.

બ્રાહ્મણની દીકરી ઉંઘમાંથી ઉઠી તો તેને ખબર પડી કે આ તો દાસી રાણી બની ગઇ ને હું દાસી થઇ! એ તો ઉંડા વિચારમાં પડીને શોચ કરવા લાગી. વણઝારાની દીકરીએ તો શેઠાણી બનીને બ્રાહ્મણની દીકરીને બહુ દુઃખ દેવા માંડયું અને ઘરનું બધું કામ તે એની પાસે કરાવવા લાગી.

બ્રાહ્મણની દીકરી તો વિમાસણમાં જ રહી. પોતાની ખરી વાત પુરુષના માન્યામાં કેમ આવે, અને સાચી રાણીનો હક પોતાનો છે એની ખાતરી કેમ કરાવવી એના વિચારમાં તે રાતદિવસ શોષાવા લાગી. આમ કરતાં કરતાં એક દિવસ પેલા માણસને બહારગામ



'તો હે પત્થરના દેવ! તમે ફાટીને ચાર કટકા થજો.'

જવાનું થયું. તેણે માનીતીને પુછ્યું કે ગામથી કંઇ મંગાવવું છે? ત્યારે તેણે તો ઘણી નવી નવી વસ્તુઓ મંગાવી. પછી એ બ્રાહ્મણની દીકરી પાસે ગયો અને તેને કંઇ મંગાવવું હોય તો કહેવાનું કહ્યું. એ બાઇએ કહ્યું, 'મારે બીજું તો કંઇ નથી મંગાવવું; પણ મારે માટે ફક્ત એક કોડીઉં, એક પથરો, થોડુંક રૂ, થોડોક સીંદુર અને દીવાસળી લેતા આવજો.' પેલો કહે. 'ઠીક.' પછી તે તો ગામ ગયો. વળતી વખતે તેણે માનીતી માટે બધી ચીજો લીધી, અને અણમાનીતી માટેની ચીજો પણ લીધી. ઘેર આવીને તેણે બન્નેને તેમની મંગાવેલી ચીજો આપી.

અણમાનીતીએ વિચિત્ર ચીજો મંગાવી હતી તેથી તે વિચારમાં તો પડી ગયો હતો, અને એ મંગાવેલી વસ્તુઓનું શું કરે છે તેની તપાસ રાખ્યા કરતો હતો.

રાત પડી ત્યારે બ્રાહ્મણની દીકરીએ પથરાને સીંદુર ચોપડયો, ને કોડીઆમાં દીવો કરી હાથ જોડી બેઠી. પછી પોતાના વીતકની બધી વાત પહેલેથી તે છેલ્લે સુધી એ પત્થરને કહી. અને છેવટે પત્થર આગળ હાથ જોડીને તેણે કહ્યું કે 'જો આ વાત સાચી હોય, તો હે પત્થરના દેવ, તમે ફાટીને ચાર કટકા થજો.' તરત જ પત્થરના ચાર કટકા થઇ ગયા!

પેલો માણસ સંતાઇને આ બધું જોતો હતો. તે આ જોઇને આશ્ચર્ય પામ્યો. વણઝારાની છોકરીને ધમકાવીને પુછતાં ખરી હકીકત તેના જાણવામાં આવી, અને એની ખાતરી થઇ કે બ્રાહ્મણની છોડી જ પોતાની સાચી સ્ત્રી છે.

પછી તેણે બ્રાહ્મણની છોડીને રાખી ને પેલી વણઝારાની છોકરીને કાઢી મેલી.

ગિજુભાઈ



પટાવાળો-(મેનેજરને) સાહેબ, મને ગઈ કાલ રાતનો ઓવરટાઇમનો પગાર મળવો જોઇએ.

મેનેજર-કેમ?

પટાવાળો-ગઈ કાલે આખી રાત મને ઑફિસના કામનાં જ સ્વપ્નાં આવ્યાં છે!

●

શેઠ-(વીજળીના દુકાનદારને) કેમ, મારા ઘરની વીજળીની ઘંટડી ખરાબ થઇ ગઈ છે તે સમી કરવા હજી સુધી તમારો માણસ ન આવ્યો? મને કેટલી આપદા પડે છે તે જાણો છો?

દુકાનદાર-અરે સાહેબ, ભુલ તે મારી કે તમારી? મારો માણસ તો ક્યારનો તમારે ઘેર જઇ આવ્યો. તેણે ત્રણવાર ઘંટડી દબાવી, પણ અંદરથી કોઇએ જવાબ જ ન આપ્યો ને! એટલે તે સમજ્યો કે કોઇ ઘેર નથી; તેથી પાછો આવ્યો.

●

ચંચળ-સાહેબ, મારે રેચ માટે એક તૈયાર ડોઝ જોઇએ છે. એરંડીઉં આપશો તો ચાલશે.

કમ્પાઉન્ડર-વારૂ, સબુર કરો.

ચંચળ-કેટલાક રેચ તો એવા ખરાબ હોય છે કે તોબા ભગવાન! અને સ્વાદમાં પણ એવા, કે પીતાં પીતાંમાં તો જીવ નખાઈ જાય.

કમ્પાઉન્ડર-ના, રે ના. તમે ભુલો છો. રેચ તો એવા હોય છે કે તમને ખબર પણ ન પડે, ને તમે રાજી થઇને પી જાઓ.

થોડીવાર પછી કમ્પાઉન્ડર સોડાવૉટરનો એક ગ્લાસ ચંચળ આગળ ધરે છે. ચંચળ તેમ ધારી તે પી જાય છે.

ચંચળ-(થોડી વાર રહીને) કેમ? દવા આપો છો ને? મને મોડું થાય છે.

કમ્પાઉન્ડર-ઓહો! તમને ખબર ન પડીને? જોયું? તમે પી ગયાં તે જ રેચની દવા હતી.

ચંચળ-નખ્ખોદ જાય તારૂં! મારે તો રેચ મારી બા માટે જોઇતો હતો!

●

એક ગામડીઓ શહેરમાં ફરતાં ફરતાં સીનેમાના મકાન આગળ વાઘ, સિંહ, હાથી વગેરેનાં મોટાં ચિત્રો જોતો ઉભો હતો. તેણે એકાએક પોતાના ભત્રીજાને કહ્યું, 'ભગાભાઇ! હું તો આજ રાતે જવાનો એટલે નીરાંત છે.'

'કેમ, નીરાંત શેની?' ભગાએ પુછ્યું. "જોને" બુઢ્ઢા ગામડીઆએ ચિત્રો પર લખેલા મોટા અક્ષરો વંચાવ્યા: 'શનીવારે રાત્રે ખુલ્લું મુકવામાં આવશે.' "આ બધાં ખુલ્લાં મુકાશે ત્યારે શું થશે?"

ખરી બનેલી વાતો

હું આઠનવ વર્ષની હતી ત્યારની આ વાત. એકવાર મારાં બા મને ઘરને ઉમરે બેસાડી, ઘરની સરત રાખવાનું કહી નદીએ ધોવા ગયાં, આડોશપાડોશનાં લોક સૌ આઘાંપાછાં હતાં. એટલામાં ત્યાં એક જટાજુટ બાવો આવ્યો, અને 'સીતારામ' કહી અમારા આંગણામાં ઉભો. પછી મારી પાસે આવીને કહેવા મંડચો 'બેટા, તેરે નસીબમેં બોત સુખ હૈ; દેખ.' એમ કહી હાથની મુઠી વાળી, અદ્ધર રાખી દાબી તો અંદરથી દુધની શેડ છુટી! હું તો દંગ જ થઈ ગઈ! ઘણીવાર સાંભળેલું કે શંકર ભગવાન જુદા જુદા વેશમાં દર્શન દે છે; તે આ એવા કોઇ દેવ તો નહિ હોય! બાવાજીએ મને ચકિત થએલી જોઈ કહ્યું, 'જા બેટા, એક સેર આટા લે આવ.' હવે તો મારાથી ના જ કેમ પડાય? ના પાડું ને શાપ આપે તો? એટલે નવાઇ ને બીકની મારી હું તો રસોડામાં લોટ લેવા ગઇ. લોટ લઇને પાછી આવું તો બાવાજી ન મળે! જરૂર અલોપ જ થઇ ગયા! નહિ તો એટલી વારમાં જાય ક્યાં? અને જાય તો જતા દેખાય એટલે સુધી મારી નજર પડતી હતી. જરૂર, કોઈ દેવ દર્શન આપી ગયા. એમ વિચારી હું લોટ પાછો મુકવા જતી હતી, ત્યાં બાવાજી ઘરની અંદર કોઠલામાં વીંખાવીંખી કરતા દેખાયા. અરે તારી ભલી થાય! આ તો કોઇ ચોર! ચોરનો વિચાર આવતાં જ મને થરથરાટી થઇ. છરો મારે, ખુન કરે તો શું કરૂં? બીકના માર્યા બીજું તો કંઇ ન સુઝ્યું, પણ ઝપટ કરીને ઘરને સાંકળ મારી દીધી, અને પછી બહાર આવીને પાડોશીઓને બુમ મારી. મારો સાદ ફાટી ગયો; અને પાર વિનાની ધ્રુજું. સૌ પાડોશીઓ દોડી આવ્યા. પાડોશના જુવાન કણબીઓ લાકડીઓ લઇ આવ્યા. 'શું છે બેન? કેમ રડે છે?' મેં તો રોતાં રોતાં સાંકળ દીધેલું કમાડ બતાવ્યું.—મામા બહુ મજબુત હતા, તેમણે બારણું ઉઘાડયું કે તરત બાવાજી હાથમાં આવ્યા. 'હરામખોર!' કહીને—મામાએ ત્રણ ધોલ લગાવી દીધી. 'કાઢી નાખ, જે લીધું હોય તે.' અમે ગરીબ એટલે હોય તો શું? પણ મારી જ ડોકમાદરડી ને કાનનાં ડોળીઆં તેણે ચાથરામાં વીંટીને જટામાં સંતાડી દીધેલાં તે કઢાવ્યાં, અને સૌએ સારીપેઠે દમ મારીને ગામ બહાર કાઢી મુક્યો. સૌ મને કહે 'તું ખરી. નહિ તો, એ તો લઇને ચાલ્યો જાત.'

વૃદ્ધ હીરૂબાઇને સ્વર્ગવાસી થયે હજુ પુરૂં વરસ નથી વીત્યું. ઘરડાં થવું એટલે નિરૂપયોગી અને બેડોળ બનવું એ માન્યતા ખોટી છે. હીરૂબાઇનું ઘડપણ તો સરસ અને સુંદર હતું.

ડહાપણના સંસ્કાર હોય તેમ એમના કપાળમાં ત્રણત્રણ રેખાઓ પડી હતી. ગોળ ગરવું મોં અને અણીઆળી મીઠી આંખ. પગની ચાલમાં સરળતા અને શાન્તિ. સૌભાગ્યનાં લાલ ચાંદલો અને ચુડલો એ એમના આખા અંગનો શણગાર. નાનાં બાળકો તેમજ મોટાં માણસો એમને 'હીરૂમા'ના વ્હાલસોયા નામથી ઓળખતાં. પણ મારી તો એ 'ધરમની મા' હતી.

માંદા બાળકને લઇને માતાઓ હીરૂમા પાસે આવે; ચીજ વસ્તુ જોઇતી હોય તો પાડોશીઓ હીરૂમા પાસે માગે; મુંઝવણનો ખુલાસો પુછવો હોય કે વેળા પડયે મનમાં ધરપત લેવી હોય તો ઓળખીતાં હીરૂમા પાસે જાય.

સૌના ઉપર માનું હેત રાખનાર હીરૂમા ક્યારેક પોતાના બાળપણની વાત કરતાં. અજવાળી રાતે ફળીઆમાં અમે ફુલ જેવાં કાલાંની ઢગલીઓ ફોલીએ

ત્યારે મારી ભાભી વાર્તા કહે કે સાધુસંતોનાં સુંદર પદ ગાય. નાનો ભગવાન કાંઇક ટીખળ કરી આખી મંડળીને ખડખડાટ હસાવે. એમ કલાક બે કલાક વીતે અને સૌનો ઉત્સાહ શમે ત્યારે હીરૂમા વાતચીતનો પ્રવાહ ચલાવે. એકવાર પોતાના જીવનનો એક પ્રસંગ એમણે કહેલો તે મને યાદ આવે છે.

'હું કુંવારી હતી ત્યારે કુટુંબમાં કહ્યાગરી અને ડાહી ગણાતી. ગામ બહાર કનકેશ્વર મહાદેવનું મન્દિર. શંકર ભગવાન ઉપર મને એટલો ભાવ કે સવારસાંજ દર્શન ન ચુકતી. ઘેર પણ હું સવારે નાહીધોઇ શિવલિંગની પુજા કરતી. મને શ્લોક કે સ્તુતિ જેવું કાંઈ ન આવડતું; પણ 'ૐ નમઃ શિવાય' નો જપ કરતી. પણ ચમત્કાર તો એ બનતો કે ઘીનો દીવો કરૂં કે તરત એની મેળે ધુપની વાસ આવે. ઘરનાં સૌને નવાઇ લાગતી. પુજા વખતે જ ધુપની સુવાસ આવે એમ નહિ; પણ દિવસમાં જેટલી વાર હું શંકરનું ધ્યાન કરૂં તેટલી વાર ચોમેર ધુપનો સુગન્ધ ફેલાવા માંડે.'

'પછી તો હું પરણી. ત્યારે પણ એક બે વરસ સુધી એમ થયા કર્યું. જેમ જેમ સંસારમાં હું રચીપચી રહેવા લાગી તેમ તેમ શંકરની ઉપાસના ઓછી થઇ અને ધુપ થતો અટક્યો. મારી જીંદગીનો એ ચમત્કાર હું ભુલી નથી.'

આટલું બોલતાં બોલતાંમાં તો હીરૂમાની આંખોમાંથી બોર બોર જેવડાં આંસુ ચાલ્યાં. કદાચ એમને ખોવાએલા પાવિત્ર્યનો શોક થતો હશે અથવા મધુર બાળપણ સાંભરી આવતું હશે. પણ અમે બાળકો શું બોલી શકીએ?

વાતાવરણ એકદમ શાન્ત, ગંભીર અને પવિત્ર બન્યું. બારના ટકોરા પડ્યા. મંડળી વીખરાઈ. મેં પથારીએ સુતાં માગ્યું, 'હે શંભુ! મારૂં હૃદય એવું નિર્દોષ ન કરે?'

પચાસેક વરસ પહેલાંની આ વાત છે. અમારા પાડોશમાં કંસારાનાં ઘણાં ઘર છે. હાલમાં તો ઘણાંખરાં વાસણો વિલાયતી સંચામાં દબાવીને બનાવેલાં આવે છે અને કંસારા તે વેચે છે. એ વખતમાં તો બધી જાતનાં વાસણો કંસારા હાથે જ બનાવતા. હાંડા, ગાગર, વટલોઈ વગેરે વાસણોને સંઘાડા ઉપર ઉતારવાં પડે છે. એ વખતમાં એકેક કંસારાને ત્યાં એકેક બબ્બે સંઘાડા તો ચાલતા જ. પુરુષો દુકાને વાસણ ઘડે ને વેપાર કરે, અને સ્ત્રીઓ ઘેર ઘરકામથી પરવારી સંઘાડે બેસે. સંઘાડાપર વાસણો છોલાય તેનો છોલ તો ઉતરે જ. એ છોલ તેઓ તારવી લઇ સાંજે વાસીદુ વાળે અને કચરો ઉકરડે નાખી આવે. એ વખતે અમારી પાડોશમાં કંકુ કરીને એક બહુ જ ગરીબ અને વિધવા કંસારી બાઈ રહેતી હતી. એને નાના નાના ચાર દીકરા. તે બીચારી ગરીબ, એટલે એને ઘેર સંઘાડો નહોતો. દળણાં દળીને કે કોઇને ઘેર સંઘાડો તાણવાની મજુરી કરીને કંકુબાઇ પોતાનું ને છોકરાંનું ભરણપોષણ ચલાવે. સાંજ પડે અને બધા કંસારાનાં ઘરમાંથી છોલ વાળો કચરો ઉકરડે ભેગો થાય, એટલે કંકુબાઇ સુપડું ને સાવરણી લઇ ઉકરડે જાય. પેલો નાખી દીધેલો કચરો ત્યાંથી વાળી લાવે, અને રાતે ઘરમાં બેસીને તેમાંથી મોટા મોટા કચરો ઝાટકી નાખી બાકીનો છોલ ભળેલો કચરો ઘરની કોઠીમાં ભરે. આમ કરતાં કરતાં વરસો વીતી ગયાં. કંકુબાઇના ઘરમાં ચાર કોઠીઓ હતી તે ચારે ય છોલવાળા કચરાથી ભરાઇ ગઈ. કંકુબાઇ ઘરડાં થઇને આખરે ગુજરી ગયાં. મા મરી ગયા પછી ચારે દીકરાઓએ કોઠીઓમાંનો કચરો બહાર કાઢી સાફ કર્યો અને તેમાંથી છોલ તારવી કાઢીને તેને ગાળ્યો તો એમાંથી સાતમણ પિત્તળ નીકળ્યું! તે વડે તેમણે વેપાર કર્યો, અને ધીમે ધીમે તેઓ પૈસાદાર થઇ ગયા.

તારા બાપુને—ગામ નોકરી હતી, અને મારે કાકાના લગન માટે આગળથી ઘેર આવવા નીકળવું પડ્યું. તે વખતે એ બાજુ રેલ થઇ નહોતી; એટલે મારે બે દિવસનો રસ્તો ગાડામાં બેસીને કાપવાનો હતો. એક પાલાવાળું ગાડું જતું હતું તેમાં બેસારૂ તરીકે બે સોનારણો, તેની સાસુ અને હું એટલાં હતાં. પહેલા દિવસની મુસાફરી પુરી કરી બીજી રાતને પાછલે પહોરે ગાડામાં જાગતી જાગતી જોવા લાગી, તો અમારા ગાડા પાછળ થોડે છેટે કોઇ ચાર જણ મુકાનાં બાંધી આવતા જણાયા. અજવાળી રાત હતી, એટલે

આકારો ચોકખા દેખાતા હતા. એ બાજુ લુટારૂનો બો સંભળાતો એટલે મને તો ખાતરી થઇ કે નક્કી આ લુટારૂ હોવા જોઇએ. હું કંઇ બોલું તો તે પણ સંભળાય એટલે છેટે તેઓ હતા. એટલે હવે બીજાંને ચેતવવાં પણ કેવી રીતે? મેં તો બેઠાં બેઠાં મારા પગનાં કલ્લાંના પેચ ફેરવીને હળવેથી કાઢી, ગાડામાં હેઠે ખડ પાથરેલું તેમાં સંતાડી દીધાં; અને ગળામાં નહિ જેવું ઘરેણું હતું તે કાપડામાં સેરવી દીધું. મારી આ હીલચાલની કોઇને ખબર પડી નહિ. પણ પેલી સોનારણો ઘરેણાંગાઠાં ખુબ ઠાસીને નીકળેલી એમને ચેતવવી મુશ્કેલ હતી. બોલું તો પેલા સાંભળે; એટલે તેમના ગળામાં હાથ નાખી ખુબ હલાવું, અને પાછળ આવનારા તરફ ધ્યાન ખેંચ્યું. પણ એ તો સમજે નહિ, ને ઉલટી 'બેન, આમ શું કરો છો?' એમ તાણીને બોલી ઉઠે. હવે મારે એને કહેવું શી રીતે? એટલામાં તો પેલા ચારમાંથી બે જણ આગળ થયા અને બળદની રાશ પકડી. ગાડાવાળાને દમ માર્યો, 'અલ્યા, ઉભું રાખ; નહિ તો મરી ગયો જાણજે.' ગાડાવાળો બીચારો ગરીબ; અને ચાર જણ સામે એકલો શું કરે? એટલે થથરતો થથરતો બાજુએ જઇ ઉભો રહ્યો. પછી પેલા અમને કહે 'બાઇઓ, ઉતરો હેઠે.' અમે ચારે જણીઓ નીચે ઉતરી. પેલા બોલ્યા, 'જે હોય તે કાઢી આપો, નહિ તો ભુંડા હાલ થશે.' સોનારણો તો રોતી કકળતી બધું ઉતારવા મંડી. એકે મને પુછ્યું, 'બાઇ, તારી પાસે શું છે?' મેં કહ્યું, 'ભાઇ, હું તો ગરીબ માણસ છું; હાથમાં સૌભાગ્યની આ ચીપ વગરની ચુડી જ છે; બાકી કાંઇ નથી.' સોનારણ ડોસી કહે, 'હા ભાઈ, હા. એની પાસે કંઇ છે નહિ. ચુડીમાં તમારૂં શું વળે એમ છે?' એટલે તેઓએ મારૂં નામ ન લીધું, અને સોનારણો પાસેથી જે મળ્યું તે લઇને ચાલતા થયા.

ઉજડ વગડામાં પાછલી રાતે અમે કોને સાદ પાડીએ? એટલે મુંગા મુંગા ગાડામાં બેસી, બીજે ગામ જઇ ફોજદારને ફરીઆદ કરી. ફોજદારે સોનારણોનાં નામઠામ લખી લીધાં અને અમને જવા દીધાં. સવાર પડી ગઇ હતી અને આપણું ગામ નજીક દેખાયું એટલે મેં તો ખડમાંથી મારાં કલ્લાં કાઢી પહેરી લીધાં અને ગળાનું ઘરેણું પણ પહેર્યું. પેલી સોનારણો તો છક જ થઈ ગઇ! 'અરે બેન, તમારૂં આ બધું કેમ બચી ગયું?' મેં તેમને બધી વાત કહી યાદ આપ્યું કે મેં તો તમને પહેલેથી ચેતવવા માંડેલાં ને નીશાનીઓ કરેલી, પણ એ વેળા તમે વાતોના રસમાં તે સમજ્યાં નહિ. નહિતો તમારૂં યે બચી જાત.' હું સલામત ઘેર પહોંચી. સોનારણોનું શું થયું તે મને ખબર નથી.

વિદ્યાર્થી ફોટોગ્રાફરો માટે

ઈનામ

શૉખથી ફોટોગ્રાફી કરનારાઓ ઘણીવાર સરસ ફોટોગ્રાફો પાડી લાવે છે. એવા ઉગતા વિદ્યાર્થીઓનું કામ બહાર લાવવા, સુધારવા, તથા તેમને ઉત્તેજન આપવાના ઇરાદાથી અમે એક યોજના ઘડી છે. એવા વિદ્યાર્થી ફોટોગ્રાફરોના ફોટોચિત્રોનું એક સુંદર પાનું દર બીજે કે ત્રીજે મહીને 'કુમાર'માં આપીશું અને એમાંના સૌથી સરસ ફોટોચિત્ર માટે પાંચ રૂપીઆનું ઇનામ આપીશું. નીચેના નિયમો ધ્યાનમાં રાખવા.

દરેક ફોટોગ્રાફ પોસ્ટકાર્ડ સાઇઝથી મોટો ન હોવો જોઇએ.

ફોટાને પુંઠા ઉપર ચોડયા વિના જ મોકલવો.

મોકલનારે તેની પાછળ પોતાનું નામ, ઠેકાણું, ફોટોગ્રાફની ટુંકી વિગત, ફોટો લીધાની તારીખ અને પોતાની ઉમર લખી જણાવવાં.

ફોટોગ્રાફમાં ગુજરાતના કે હિન્દુસ્તાનના જીવનમાંથી દ્રશ્યો, કુદરત કે પ્રાણીની સૃષ્ટિનાં ચિત્રો, અજબ વસ્તુઓ, વિચિત્ર પ્રાણીઓ અને બનાવો, અકસ્માતો, પ્રાચીન મકાનોનાં ચિત્રો વગેરે ચાલશે.

આશા છે કે કુમારના વાંચનારા તથા તેમના મિત્રો આ યોજનામાં ભાગ લેશે.

પત્રવ્યવહાર 'કુમારના તંત્રી'ને સરનામે કરવો.

અમારી પાડોશમાં હીરબાઈ નામની આધેડ ઉમરની એક વિધવા બાઇ રહેતી. તેને પચીસત્રીસ વરસનો એક દીકરો. તે પરદેશ કમાતો. પરદેશ જતી વખતે તે પોતાના એક ઓળખીતા

દુકાનદારને કહેતો ગએલો કે મારી માને જે કંઇ પરચુરણ ચીજ જોઇએ તે મારે ખાતે માંડીને આપવી. હું પરદેશથી આવીને હીસાબ ચુકવી આપીશ. દીકરો ઘરમાં દાણા લુગડાં તો ભરીને ગયો હતો, અને ઘેર એ ભેંશો હતી એટલે ખોરાકીપોશાકીની તો હીરૂબાઇને નીરાંત હતી. હીરૂબાઇના મનને અરમાન કે દીકરો પરદેશ કમાય છે; એટલે હાથનાં બહુ મોકળાં. પરચુરણ ચીજ જોઇએ તે હીરૂબાઇ પેલી દુકાનેથી લઇ આવે, અને વેપારી તેના દીકરાને ખાતે માંડે. આમ કરતાં આઠેક મહીના વીતી ગયા. દીકરો પરદેશથી ઘેર આવ્યો અને પેલા દુકાનદાર પાસે હીસાબ ચોખ્ખો કરવા ગયો, તો તેને ખાતે ખાસ્સી દોઢસોએક રૂપીઆની રકમ નીકળી ! દીકરો તો આભા જેવો જ બની ગયો ! ચોપડામાં જુએ તો ખાતાની રકમ બરોબર વીગતવાર લખી હતી:

એક પૈસાની દીવાસળીની ડાબલી—હસ્તે બાઇ હીરૂ.
બે પૈસાની છીંકણી—હસ્તે બાઇ હીરૂ.
પૈસાનું ધુપેલ—હસ્તે બાઇ હીરૂ.
એક આનાનું ઘાસતેલ—હસ્તે બાઇ હીરૂ.
ત્રણ પૈસાનો સાબુ—હસ્તે બાઈ હીરૂ.

વગેરે. આમ બધી ચીજો વિગતવાર 'હસ્તે બાઈ હીરૂ' માંડેલી હતી, અને છેડે ખાસ્સો દોઢસો રૂપીઆનો સરવાળો હતો. દીકરાએ મુંગે મોઢે રૂપીઆ ગણી આપ્યા.

જરા ઉપયોગનું

શાકમાં મીઠું વધારે પડી ગયું હોય તો પોપૈયાંના પાંદડાની દાંડલીના ટુકડા કરીને તેમાં નાખજો. એમાં મીઠું ચુસી લેવાનો ગુણ છે.

રૂપાની વસ્તુઓ કે વાસણો સાફ કરવાં હોય તો બટેટાં બાફેલા પાણીથી ધોઇ નાખજો. ચકચકતાં થશે.

ગાલમસુરીઆં કે પોચાં ઓશીકાંમાં રૂ ભરતાં પહેલાં તેને પહોળું કરી તેમાં કપુરનો થોડો થોડો ભુકો છાંટી દેજો. એથી રૂ બગડશે કે ગંધાશે નહિ, તેમ જીવાત પણ નહિ થાય. સુનારના મગજને તેથી આરામ ને ઠંડક રહેશે; અને વળી સુગંધની સુગંધ.

કટાઈ ગએલો સ્ક્રુ લાકડામાંથી કાઢવો હોય તો એકાદ ખીલો લાલચોળ તપાવી સ્ક્રુના માથા પર થોડી વાર દબાવી રાખજો. એથી કાઠ બળી જઈ સ્ક્રુ ઢીલો થશે ને સહેલાઇથી નીકળી શકશે.

ઘરમાં કીડીઓ બહુ થતી હોય ત્યાં ગંધક મુકવાથી એકદમ નાસી જશે.

ધાબળી, કામળા કે એવાં બીજાં ગરમ કપડાંમાં ફટકડીનો ભુકો છાંટીને રાખવાથી તેમાં ઉધાઈ કે બીજાં જંતુઓ નહિ થાય ને કપડાં સારાં રહેશે.

ચોમાસાના ભેજથી કે પાણી લાગવાથી ટીકીટો અરસપરસ ચોંટી ગઇ હોય તો તપાવેલા ચમચા, તાવેથા કે નળીઆના ટુકડા પર થોડીવાર દબાવી રાખજો; એટલે સુકાઈને ઉખડી જશે.

પતરાંના ડબા પર ચિઠ્ઠી ચોડતાં પહેલાં ત્યાં થોડો ડુંગળીનો રસ ચોપડજો. એથી ચિઠ્ઠી મજબુત ચોંટશે.

ફુલદાનના પાણીમાં થોડી સાકર નાખીને પછી તેમાં ફુલ રાખવાથી એ વધારે લાંબો વખત તાજાં રહે છે.

રંગીન રૂમાલ ધોતાં પહેલાં પાણીમાં થોડું મીઠું નાખજો. એથી રંગ ન ઉપટતાં ઉલટો પાકો થશે. પાણી ઠંડું હોવું જોઇએ.

જુના ફોટોગ્રાફ પર પડેલા ડાઘને મેથીલેટેડ સ્પીરીટવાળા રૂના પોતા વડે ઘસી કાઢી શકાય છે.

ઉંડા અંધારા કુવામાં કંઇ નજરે ન પડતી હોય તેમાં જોવું હોય તો કપુરના કકડા સળગાવી તેમાં નાખવા. કપુર સળગતું સળગતું પણ પાણી ઉપર તરી શકે છે, તેથી કુવામાં અજવાળું થઇ રહેશે.



બ્હેનની આશીષ

ઝમકુનું લગ્ન થઇ ગયા પછી થોડે આંતરે એનાં માબાપ ગુજરી ગયાં. પીઅરમાં કે મોસાળમાં કોઇ એને નહોતું. નિરાધાર ઝમકુ આવડા મોટા જગતમાં એકલવાઈ થઈ ગઈ. એની સાસરી તો કાંટાળા થોરની વાડ જેવી; ને સાસુ તો ચોકખી વાઘણ જોઈ લ્યો! ગરીબ ગાય જેવી ઝમકુને માથે ત્રીશે દહાડા કામનો ઢસરડો, ને માથે ગાળોઃ સાથે ભુખ ને ઉપર વળી દુઃખ. આમ કેટલા યે દિવસો વીત્યા. બીચારી ઝમકુ આ કેર ખમીને ધીમે ધીમે રીઢી થતી ગઇ.

ઓછામાં પુરૂં ઝમકુને સીમંત આવ્યું. સાસુ રોજ ટોણાં મારવા લાગી કે 'તારા પીઅરમાં કોણ સુઆં છે તે તને કાપડાની કંસ સરખી યે કરશે?' ઝમકુ મુંગી બનીને સાસુના સૌ બોલ સાંખી રહેતી.

એક વખત ઝમકુને 'દોહદ' જાગી. એને ખીર ખાવાનું મન થયું. પણ કહે કોને? એનું કોઇ પુરૂં સાંભળે એમ પણ નહોતું, ત્યાં ખીર કરીને તો કોણ જ ખવડાવે? એટલે ઝમકુ મનમાં ને મનમાં સમસમી રહી.

એવામાં કોઈ મોટું પરબ આવ્યું. સાસુએ કહ્યું 'વહુ, આજે ખીર કરજે.' ઝમકુને તો ભાવતું'તું ને વૈદે બતાવ્યું. ખુબ હોંશે હોંશે એણે ખીર રાંધી. પણ સાસુ બડી પહોંચેલી! બધાં જમવા બેઠાં એટલે સાસુએ, વહુને વાસ્તે પાછળ કંઇ ન રહે એમ, બધી જ ખીર સૌને પીરસી દીધી, અને તપેલું ખાલી કરી રસોડા તરફ હડસેલી મેલ્યું.

ઝમકુએ તપેલા સામું જોઇને ઉંડો નીસાસો નાખ્યો. એની આંખોમાંથી ડળક ડળક આંસુ ખરવા લાગ્યાં, ને છાતીએ ડુમો ભરાઇ આવ્યો. પણ એના અંતરની આ પીડા જાણે એવું કોઈ જ નહોતું.

ઘરનાં સૌ ખાઇપી સ્સ્તે પડયાં, અને સાસુએ સુવા માટે લાંબી સોડ તાણી. ઝમકુએ ખાધું ન ખાધું ને એ ઢગલોએક વાસણ માંજવા બેઠી. ફરી તેણે ખીરનું તપેલું હાથમાં લઇને જોયું તો તળીએ દાઝેલી ખીરના ઉખરડા ચોંટેલા દીઠા. ખીરનો થોડો સરખો પણ સ્વાદ મળશે એમ જાણી એ રાજી થઇ, ને તપેલીમાંથી બધા ઉખરડા ઉખેડી લીધા. કદાચ અહીં ખાઇશ ને સાસુ જોઈ જશે તો એ પણ ખાવા નહિ દે, એમ ધારી તેણે એ ઉખરડા એક વાટકામાં ભરી ઢાંકી રાખ્યા, ને નદીએ પાણી ભરવા જઇશ ત્યારે ત્યાં લઈ જઇને ખાઇશ એવો વિચાર કરી રાખી મુક્યા. કામકાજથી પરવારી પાણીના બેડામાં પેલો વાટકો સંતાડી લઇ તે નદીએ ગઇ.

નદીને કાંઠે એક મોટો રાફડો હતો. ત્યાં આગળ હાંડો ને ખીરનો વાટકો મુકીને, ગાગરમાં પીવાનુ પાણી ભરી લાવવા તે નદી તરફ ચાલી.

પેલા રાફડામાં એક નાગણી રહે. એ પણ સગર્ભા હતી. એને ખીરની મીઠી વાસ આવી એટલે તે રાફડામાંથી બહાર નીકળી. જુએ છે તો ખીરના ઉખરડા. બધા ઉખરડા ખાઇને એ તો પાછી રાફડામાં પેસી ગઇ.

પાછી આવીને ઝમકુ જુએ તો વાડકો ખાલી ખમ! આ જોઇ ઘડીભર તો એ થંભી ગઇ. પેટમાં દુઃખનો મોટો શેરડો પડયો. પણ પછી વિચાર કરીને બોલી, 'હશે; હું જેવી કોઇએ ખાધું હશે. ભલે; જેણે ખાધું હોય એનું પેટ ઠરજો!'

રાફડામાં બેઠેલી નાગણી આ શબ્દો સાંભળીને ચકિત થઇ ગઈ! તેણે વિચાર્યું કે 'આ બાઈ બહુ ભલી છે; પણ દુઃખણી લાગે છે. ચાલ એની વાત પુછું.' આમ વિચારી નાગણી સ્ત્રીનું રૂપ લઇ ઝમકુ પાસે આવી; ને તેને હેતથી બોલાવીને એનાં વીતક પુછવા લાગી. ધીરે ધીરે ઝમકુએ બધું કહ્યું. નાગણીએ પુછયું 'બેટા, તું જરા મારી સાથે આવીશ?' ઝમકુ કહે, 'ક્યાં?' નાગણી કહે, 'અહીં; થોડે દૂર. પણ જો, તું ડરીશ નહિ. અમે નાગલોક છીએ.'

ઝમકુ તો નાગણીની પાછળ પાછળ ચાલી. થોડે

આધે એક ભોંયરા જેવું હતું તેમાં બન્ને પેઠાં અને અંદર ખુબ ઉંડાણમાં જતાં, હીરા અને રત્નોથી ઝળહળતા અતિ પ્રકાશમાન ઓરડાઓમાં આવી પહોંચ્યાં. ખંડોમાં ઠેકઠેકાણે અનેક પ્રકારના વૈભવોની ઉંચી સામગ્રીઓ ભરી હતી. જ્યાં જુએ ત્યાં સોનું, રૂપું, મણિ, માણેક ને રત્નોના જ ઢગલા! ઝમકુ તો આ બધું જોઇને હેરત પામી ગઇ. નાગણી બોલી, 'બેટા, આજથી તારૂં પીઅર અમે છીએ એમ જ માનજે. તારા ખીરના ઉખરડા મેં જ ખાધા છે. તારા સુખ-દુઃખમાં અમે બનશે તેટલો ભાગ લઇશું. તું કોઇ વાતે મુંઝાઇશ નહિ. હવે જા, તારે મોડું થશે. પણ જો, તારા સીમંતનો પ્રસંગ આવે ત્યારે સીમંતની કંકોત્રી આ રાફડાના દરમાં જરૂર નાખી જજે. ભુલીશ મા.'

ઘેર આવીને ઝમકુ કામે વળગી. તેના અંતરમાંથી દુઃખની છાયા ઉડી ગઇ. હવે તો એને સઘળે સુખ સુખ જ લાગવા માંડ્યું. એમ કરતાં સીમંતનો શુભ પ્રસંગ આવી પહોંચ્યો. ઝમકુએ સાસુને કહ્યું, 'મારા પીઅરમાં તો કોઇ નથી, પણ મને દીકરી જેવી જાણે એવા ઓળખીતા છે. જો એક નામ વિનાની કંકોત્રી લખી આપો તો એને મોકલાવું. કોઇ આવે તો ઠીક, નહિ તો કાંઈ નહિ.'

સાસુજી તાડુક્યાં, 'તારે નપીઅરીને વળી કંકોત્રી શી? કોણુ કાકો આવવાનો છે? શા ઢગલા વાળી દેવાનો છે?'

પણ સસરાને વહુનું દાઝયું. એ કહે કે 'એમ છે તો આપણે શો ખરચ છે? ભલેને કંકોત્રી લઈ જાય. એમાં શું?' આમ કહીને એક કોરી કંકોત્રી લખીને વહુના હાથમાં આપી. ઝમકુએ કંકોત્રી સાચવીને સાડીને છેડે બાંધી. પાણી ભરવા ગઇ ત્યારે રાફડાના દરમાં મુકતી આવી.

સીમંતનો મંગળ તિથિવાર આવ્યો. ઘરમાં ધોળ મંગળ ગવાઈ રહ્યાં છે. સૌ કલ્લોલમાં છે. એવામાં રાજકુંવર જેવા કાંતિમાન બે ભાઇઓ બારણે આવીને ઉભા અને ઝમકુને બ્હેન કહીને બોલાવી. ઝમકુ તેમને ઓળખી ગઇ, ને હરખઘેલી થઇ દુખણાં લીધાં. લોકો પુછવા લાગ્યા કે 'રાજાના કુંવર જેવા આ કોણુ છે?' ઝમકુ ઉમંગભરી કહે કે 'મારા જીભના માનેલ ભાઇ છે.'

તેમની કાંતિ અને ઠાઠ જોઇને ઝમકુની સાસુ તો સડક જ બની ગઈ! હવે તો એ ઝમકુવહુની ખાતરચાકરી ને ખુશામત કરવા લાગી.

મોસાળામાં મોટામોટા થાળ સોનારૂપાની મહોરોથી છલકાઇ ગયા; હીરામોતી જડિત ઘરેણાંના ઢગલા થયા; અને કીનખાબ તથા હીરાગળ વસ્ત્રોના તો અંબાર રચાયા. ઘરના, સગાંવહાલાંના ને પાડપાડોશના લોકો પણ ઝમકુના ભાઇની પહેરામણીથી શોભી ઉઠયાં. ઝમકુના હરખનો તો પાર જ ક્યાંથી હોય?

સીમંત પ્રસંગ પછી ભાઇઓએ ઝમકુને પોતાને ઘેર તેડી જવા કહ્યું. લાખોની આવકથી અંજાઇ ગએલી એની સાસુએ ખુશીથી હા કહી.

ઝમકુ નાગને ઘેર આવી. નાગનો આખો પરિવાર બ્હેનના ઉપર બહાલ કરવા લાગ્યો. દિવસો જતાં ઝમકુને પુત્ર અવતર્યો. નાગના ઘરમાં કલ્લોલ થઇ રહ્યો. આખા કુટુંબમાં ઝમકુ દીકરી જેવી વહાલી થઇ પડી.

થોડા દહાડા ગયા એટલે નાગણીને બચ્ચાં અવતરવાનો સમય થયો. તેણે ઝમકુને કહ્યું, 'બેટા, અમારો નાગનો રીવાજ છે કે બચ્ચાં જેમ જન્મે તેમ અમે તેમને ખાઈ જઇએ. જો, હું બચ્ચાં મુકું અને ખાઉં ત્યારે તું દીવો ધરીને ઉભી રહેજે. જરા યે ગભરાઇશ મા.' ઝમકુ દીવો ધરીને ઉભી.

નાગણીએ બચ્ચાં મુકવા ને ખાવા માંડ્યાં. તેમાંથી બચવા માટે બચ્ચાં નાસભાગ કરવા લાગ્યાં. એવામાં એકાદ ઝમકુને પગે વીંટાઇ ગયું. તેથી તે ગભરાઇ, ને હાથમાંથી દીવો સરી પડ્યો. અંધારૂં ઘોર થઈ ગયું. નાગણીને બચ્ચાં બરાબર નહિ દેખાવાથી કોઇની પુંછડી ખવાઇને બાંડી થઇ ગઇ, તો કોઇ ખાંડું થઇ ગયું. આ ઉપરથી એમનાં નામ 'ખાંડીઆં બાંડીઆં' પડ્યું. એ વાત તો વીતી ગઇ.

ઝમકુને સાસરે પાછી વળાવવાનો સમય આવી લાગ્યો. નાગલોકોએ અનેક જાતનાં વસ્ત્રો, અલંકારો અને સોનૈયાથી બ્હેનને ભરી દીધી! ઝમકુ વૃદ્ધ નાગ પિતાની રજા લેવા ગઈ. નાગ-પિતાએ આશીષ દીધી, 'બેટા, સુખી રહેજે અને જે કાંઇ જોઇએ તે મંગાવી લેજે. દીકરી, મેં તો તને કાંઇ આપ્યું નથી. પણ તું મારા મોંમાં તારા હાથ નાખ.' ઝમકુએ એમ કર્યું. બન્ને હાથ જેટલા અંદર ગયા તેટલા હીરામોતીનાં કંકણ, ચુડી ને વેઢવીંટીઓથી લુમઝુમ ભરાઈ ગયા. ઝમકુ રજા લઇને નાગભાઇઓ સાથે પોતાને સાસરે આવી.

ખાંડીઆંબાંડીઆં સંમજુ થયાં ત્યારે એમને ખબર પડી કે બ્હેને દીવો પાડી નાખેલો તેથી અંધારામાં માએ બચકાં ભર્યાં, અને તેઓ ખાંડાંબાંડાં બેડોળ થયાં. સૌએ મળીને વિચાર કર્યો કે આપણે એ ભુંડી બેનને જઇ કરડીએ. સઘળાં ભેગાં મળી ઝમકુને કરડવા ચાલ્યાં.

એક જઇને ઝમકુને પાણીઆરે બેઠું. બીજું ઉમરે, ત્રીજું ઘંટી ઉપર, ને ચોથું ચુલે બેઠું.

સવારે ઉઠીને ઝમકુ બહાર આવવા ગઇ ત્યાં ઉમરે ખાંડીઉં પગે અથડાયું. એટલે ઝમકુ બોલી, 'ખમ્મા, મારાં ખાંડીઆંબાંડીઆં વીર, જેણે પુર્યાં સોનાનાં ચીર.'

આ સાંભળીને ખાંડીએ વિચાર્યું કે 'અહો! આવી બ્હેન! સવારમાં ઉઠતાં જ અમને ક્ષેમ કલ્યાણ ઇચ્છે છે! આવી બ્હેનને કેમ કરડાય?'

ઝમકુ પાણીઆરે ગઇ ત્યાં બાંડીઉં પગે અથડાયું. ત્યાં પણ ઝમકુએ આશીષ દીધી, 'ખમ્મા, મારાં ખાંડીઆંબાંડીઆં વીર, જેણે પુર્યાં સોનાનાં ચીર.' આ સાંભળીને બાંડીઉં પણ ખુશ થઈ ગયું. ઘંટીએ અને ચુલે ઝમકુ ગઇ, તો ત્યાં પણ એમ જ બન્યું. ખાંડીઆંબાંડીઆં તો રાજીરાજી થઈ ગયાં.

સૌ ભાઇઓએ પાછા જઇ માને વાત કરી. તેમની મા કહે, 'અરે મુરખાંઓ, બ્હેનને કરડવાની કુબુદ્ધિ ક્યાંથી સુઝી? બ્હેનની આશીષથી તો સુખી થઇએ. બ્હેનની આશીષે દુઃખ ટળે. બ્હેનની આશીષ ફળ્યે આપણું કલ્યાણ થાય. તમે સૌ બ્હેન પાસે જઇને પગે પડો, બ્હેનની માફી માગો અને તમારી વહાલામાં વહાલી વસ્તુઓ બ્હેન માટે લઇ જાઓ. તે બ્હેનને આપી કહેજો કે 'આ અમારી વીરપસલી તું લે.' જો એ રાજી થઇને લે તો તમારૂં પાપ છુટે.'


આ સાંભળી ખાંડીઆંબાંડીઆં ભારે ભારે ચીજોની વીરપસલી લઇને બ્હેનને ઘેર મહેમાન થયાં. બ્હેને પ્રાણ પાથરીને સૌની સેવાચાકરી કરી. ઝમકુ તો ભાઇઓને જુએ જુએ, ને એને હરખનાં આંસુ આવે! ભાઇઓએ પણ બ્હેનને પગે પડીને વીરપસલી દીધી. બ્હેન તો ભાઇનાં મોં જોઇને જ ઘેલીઘેલી હતી, તેમાં વળી ભેટો મળી! બ્હેનનું ઘર ભાઇની ભેટોથી ભરાઈ ગયું અને બ્હેને અંતરના ઉમળકાથી ભાઇઓને આશીષ આપી.

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ

તમારી ફુરસદે

કાચ કે ધાતુની તમારી કોઇ વસ્તુ ઉપર તમે સહેલાઇથી પોતાનું નામ કોતરી શકો. વસ્તુ ઉપર જે જગ્યાએ તમારૂં નામ લખવું હોય ત્યાં, મીણનું કે મીણબત્તી પીગાળીને તેના રસનું એક પાતળું પડ બાઝો. પછી એક અણીદાર સોયા વડે, તે મીણના પડ સોંસરૂં તમારૂં નામ કોરો. અક્ષરો કોરાઇ રહ્યા પછી, જો કાચની વસ્તુ હોય તો હાઇડ્રોક્લોરિક ઍસિડ, અને ધાતુની હોય તો નાઇટ્રિક ઍસિડમાં એક પીછી બોળી નામ કોરેલી જગ્યા પર લગાવો. ઍસિડ, અક્ષરો કોરેલી જગ્યા સોંસરો નીચે જઇ કાચ કે ધાતુ પર તમારૂં નામ કોરી નાખશે, અને મીણનું પડ લગાવેલી બીજી જગ્યા સલામત રહેશે. પછી મીણનું પડ ઓગાળીને કાઢી નાખી વસ્તુને સાફ કરી નાખશો તો તમારૂં નામ કોતરાઇ રહેલું જણાશે.






આકાશદર્શન દૃષ્ટિ છઠ્ઠી

અભિજિત્ અને શ્રવણ: તથા મંગળ વિષે કંઈક વધુ

શ્રાવણની અમાસ: તા. ૩૦મી ઑગસ્ટ, શનિવાર: સૂર્યોદય ૬ ક. ૨૩ મીનીટ; સૂર્યાસ્ત ૬ ક. ૫૭ મીનીટ.

સપ્તર્ષિના છેલ્લા (પુંછડાના) બે તારા મરીચિ અને વસિષ્ઠને જોડશો અને એ લીટી સાથે લગભગ કાટખુણો કરે એવી લીટી મરીચિમાંથી દક્ષિણ તરફ દોરશો, તો તે નવી લીટી એક અત્યંત ચળકતા તારામાં થઇને જશે. (જુઓ સાથેનું ચિત્ર) આ તારાનું નામ 'અભિજિત્.' જેમ હાલમાં ધ્રુવ સ્થિર દેખાય છે અને બીજા તારાઓ તેની આસપાસ ફરતા દેખાય છે, તેવી જ રીતે હજારો વર્ષ પહેલાં અભિજિત્ સ્થિર દેખાતો અને બીજા તારાઓ(ધ્રુવ સુદ્ધાં) તેના આસપાસ ફરતા દેખાતા. આનો પુરાવો આપણાં શાસ્ત્રોમાંથી મળે છે. અભિજિત્નું યામ્યોત્તર સાંજના ૭ ક. ૫૯ મીનીટે, અને અસ્ત રાતના ૩ ક. ૨૦ મીનીટે છે.

વસિષ્ઠ અને અભિજિત્ને જોડનારી લીટીને અભિજિત્ની દિશામાં લંબાવવાથી તે શ્રવણના ત્રણ તારાઓમાં થઇને જશે. આ ત્રણ તારાઓ મૃગ-(નક્ષત્ર)ના પેટમાંના બાણની પેઠે એક જ સીધી લીટીમાં આવેલા છે; અને એ ત્રણેમાં વચલો સૌથી ચળકતો છે. આ વચલાને આપણે 'શ્રવણ-યોગતારા' કહીશું. શ્રવણની વાર્તા રામાયણમાં પ્રસિદ્ધ છે. વચલો તારો તે પુત્ર શ્રવણ, અને આજુબાજુના બે તારા તે તેનાં માબાપ. એમને તે કાવડમાં બેસાડી ફેરવે છે. શ્રવણને આકાશગંગાના તટ પર વિચરતો આપણે જોઇએ છીએ, અને દૂર દશરથ (અભિજિત્) પણ માલુમ પડે છે.



પણ આ માસનું સૌથી અગત્યનું દૃશ્ય તો મંગળનું છે. મંગળનું ઓળખાણ આપણે પાંચમા અંકમાં કર્યું છે. મંગળ આ માસમાં જેટલો પૃથ્વીની નજદીક આવે છે તેટલો નજદીક ૧૦૯ વર્ષ સુધીમાં પાછો કદિ આવતો નથી. જન્માષ્ટમી (તા. ૨૨મી ઑગસ્ટ) સુધીમાં તે આપણી વધારેમાં વધારે નજદીક આવતો જશે, અને ત્યારપછી તે દૂર જતો જશે. એટલે જન્માષ્ટમીને દિવસે તે વધારેમાં વધારે નજદીક હશે. આ દિવસોમાં તે ખુબ લાલ અને સ્હેજ મોટો દેખાશે.

પૃથ્વી ઉપર તો આપણે ટેલિફોન તાર કે વાયરલેસથી દૂર દૂર સંદેશા મોકલી વાતો કરી શકીએ છીએ. પણ હવે તો મોટા બુદ્ધિમાન ખગોળશાસ્ત્રીઓએ મંગળ ઉપર પણ સંદેશા મોકલવાના પ્રયત્નો કરવા માંડ્યા છે. કારણકે એમ મનાય છે કે મંગળ પણ આપણી પૃથ્વી જેવી જ એક પૃથ્વી છે, અને એના ઉપર પણ માણસો રહે છે.

આપણી પૃથ્વીને એક ચંદ્ર છે, તો મંગળને

બે છે. આપણી પૃથ્વી પોતાની ધરી ઉપર ૨૪ કલાકમાં ફરી રહે છે, તો મંગળને પોતાની ધરી પર ફરતાં ૨૪ કલાક ને ૩૭ મીનીટ થાય છે. પણ સૂર્યની આસપાસ ફરવાની એની ચાલ પૃથ્વી કરતાં ઘણી જ ધીમી છે. પૃથ્વીને સૂર્યની ચોમેર ફરી રહેતાં ૩૬૫ દહાડા લાગે છે, જ્યારે મંગળને ૬૮૭ દિવસ લાગે છે.

કદમાં મંગળ પૃથ્વી કરતાં બહુ જ નાનો છે; માત્ર પૃથ્વીના સાતમા ભાગ જેવડો. ગ્રહ જેમ નાનો તેમ એના ઉપર ગુરુત્વાકર્ષણ ઓછું હોય. તેથી મંગળ ઉપર આપણી પૃથ્વીના $\frac{2}{5}$ ભાગ જેટલું જ ગુરુત્વાકર્ષણ છે. એટલે વસ્તુઓના વજનમાં પણ ફેર પડે. જે ચીજ અહીં તોલમાં પાંચ શેર લાગે તે ત્યાં બશેર થાય! અહીં જે માણસ બે ફુટ કુદી શકે તે જ માણસ મંગળ ઉપર તેટલા જ બળમાં પાંચ ફુટ કુદી શકે!

કહે છે કે મંગળ ઉપર પાણી બહુ ઓછું છે. આપણે ત્યાં ત્રણ ભાગનું પાણી ને એક ભાગની જમીન છે; પણ મંગળમાં તો એક જ ભાગનું પાણી અને ત્રણ ભાગની જમીન છે. અને એ જમીન પણ ઘણીખરી ભુરાં રણવાળી છે. ત્યાંની જમીનનો રંગ રાતો હશે, તેથી જ તે રાતો દેખાય છે. લીલોતરી ને ઝાડપાન ત્યાં બહુ જ ઓછાં ઉગે છે. ત્યાંની હવા પણ બહુ જ પાતળી અને સુકી. આપણે તો ત્યાં જીવી પણ ન શકીએ.

મંગળ પૃથ્વીની ધરી બહારનો પાસેમાં પાસેનો ગ્રહ છે. એટલે દૂરબીનમાંથી બીજા બધા કરતાં તે મોટો અને ચોકખો દેખાય છે. દૂરબીનમાંથી જોતાં મંગળના ઉત્તરદક્ષિણના બે છેડા ઉપર ધોળાં ધાબાં અને વચ્ચે આડીઅવળી લીટીઓ દેખાય છે. ખગોળશાસ્ત્રીઓ એવી કલ્પના કરે છે કે એ ધોળાં ધાબાં તે એના ઉત્તર તથા દક્ષિણ ધ્રુવ ઉપર જામેલા બરફનાં છે. ત્યાંના ઉનાળામાં એ બરફ પીગળે છે તેથી એ ધાબાં નાનાં થતાં દેખાય છે. અને જે આડીઉભી આકૃતિવાળી લીટીઓ દેખાય છે તે ત્યાંની ગંજાવર મોટી નહેરો હશે. કારણકે મંગળમાં પાણી તો ઓછું છે જ. તેથી ઉનાળામાં ધ્રુવ તરફથી પીગળી આવેલા બરફનું પાણી ઝીલી લઇ તેનો ઉપયોગ કરવા માટે એ નહેરો બાંધી હશે.

આટલે બધે દૂરથી પણ મંગળ પરની એ નહેરો દેખાય છે તો એ કેટલી મોટી હશે? અને એવી રાક્ષસી નહેરો બાંધનારા લોકો કેટલા બુદ્ધિમાન હશે? આવી કલ્પના કરીને, આપણી પૃથ્વીના મોટા મોટા બુદ્ધિમાન ખગોળશાસ્ત્રીઓ મંગળના લોકો ઉપર સંદેશા મોકલીને તેમની સાથે વાતચીત કરવાના, અથવા બને તો એમના તરફથી કંઈ પણ સંદેશા કે માહીતી મળે તો તે મેળવવાના અનેક પ્રયત્નો કર્યા કરે છે.

અને એવા પ્રયત્નો માટે વધારે સારામાં સારો અવસર હવે આવી પહોંચ્યો છે. આવતી જન્માષ્ટમીએ (૨૨મી ઑગસ્ટે) મંગળ આપણી પૃથ્વીની નજીકમાં નજીક આવવાનો છે. એ વેળા તેના ઉપર જુદી જુદી રીતે સંદેશા મોકલવાની અનેક તૈયારીઓ ખગોળશાસ્ત્રીઓએ કરી રાખી છે. વળી મંગળ એટલો બધો નજીક આવે છે એ તકનો લાભ લઇ તેના ઉપર શું છે તે જોવા સારૂ તથા બની શકે તો તેની છબીઓ પાડી લેવા સારૂ મોટાં રાક્ષસી દૂરબીનો અને કૅમેરાઓ પણ તૈયાર કરવામાં આવ્યા છે. હવે શું થાય છે તે જોઇએ.

જન્માષ્ટમીની રાતે તેનું યામ્યોત્તર ૧૨ ક. ૫૭ મીનીટે થશે. તેના ઉદય અને અસ્ત અનુક્રમે સૂર્યાસ્ત અને સૂર્યોદય વખતે જ (લગભગ) થવાથી દેખાશે નહિ.

હરિહર ભટ્ટ

ઉગતી પ્રજા

ત્રીજું વિદ્યાર્થી સંમેલન : ઉમરેઠ

પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના પ્રમુખપણા નીચે 'ઉમરેઠ વિદ્યાર્થી મંડળ' નામનું ઉગતી પ્રજાનું એક મંડળ ઉમરેઠમાં ત્રણેક વર્ષથી સ્થપાયું છે. તેનો ઉદ્દેશ એવો છે કે "વિદ્યાર્થીઓનાં શરીર સુંદર ને સુદ્દઢ થાય, તેમનાં મન કેળવાય, નીતિના માર્ગ તેમને અઘરા ન પડે એમ થાય, સાહિત્ય અને કળાના અભ્યાસથી તેમનું જીવન રસભીનું થાય, મનુષ્ય માત્રના ધર્મનાં વિશાળ તત્ત્વો જાણી તેમની જીંદગી પ્રભુમય થાય, એવા ઉદ્દેશ પોષવાને દર વર્ષે એક 'સંમેલન' ભરવાની યોજના રાખવી." અને "એ વિદ્યાર્થી સંમેલન વિદ્યાર્થીના પ્રશ્નોમાં રસ લેનાર દરેક વ્યક્તિને માટે છે."

આવું ત્રીજું સંમેલન આવતી દીવાળી ઉપર ભરાશે. એ પ્રસંગે લેખો લખાવી વંચાવવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. વિદ્યાર્થી આલમમાં બુદ્ધિ, વિવેક, જ્ઞાન વગેરેના સંસ્કાર જાગે અને તેમનો આત્મા વિકસે એ ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓ લેખો લખી મોકલે એવી યોજના ઘડાઈ છે. એ વિષે 'ઉમરેઠ વિદ્યાર્થી મંડળ'ના મંત્રીઓ તરફથી મળેલી પત્રિકા અમે નીચે આપીએ છીએ.

"પ્રિય કુમાર મિત્રો,

ઉમરેઠમાં તમારા જેવા કુમારોનું એક 'વિદ્યાર્થી મંડળ' છે. મંડળના પ્રમુખ પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી છે. ભાવનાસૃષ્ટિના દ્રષ્ટા (લેખક) તરીકે તમે એમને ઓળખો છો. આ મંડળ તરફથી દર વર્ષે દીવાળી ઉપર ઉમરેઠના વિદ્યાર્થીઓનું અને વિદ્યાર્થીઓના પ્રશ્નોમાં રસ લેતા શખ્સોનું એક સંમેલન ભરવામાં આવે છે. ગયા વર્ષના સંમેલનના પ્રમુખ શ્રી મટુભાઈ કાંટાવાળા થયા હતા. એમના ભાષણમાંના થોડા ઉતારા કુમારના પહેલા અંકમાં આવેલા એ તમે વાંચ્યા હશે. આવતા સંમેલનના પ્રમુખપદે કવિશ્રી નાનાલાલ બિરાજશે. ઉમરેઠના કુમારો તરફથી તમારી પાસે એક વિવેકભરી માગણી અહીં અમે કરીએ છીએ. સંમેલનના કાર્યક્રમમાં ગુજરાતના કુમારોને હાથે પ્રસિદ્ધ થતાં હસ્તલિખિત માસિકો વગેરે પત્રોનું તથા તેઓના કળામય નમુનાઓનું પ્રદર્શન ભરવાનો એક ક્રમ રાખવામાં આવ્યો છે. આવાં હસ્તલિખિત પત્રો તથા નમુનાઓ સંમેલન પછી સર્વને પાછા રવાના કરવામાં આવશે. જેમને આવાં હસ્તલિખિતો કે કળાના નમુના મોકલવા હોય તેઓએ આસો શુદ પુનમ પહેલાં અમને મળી જાય તેમ મોકલવાં. ગુજરાતના કુમારોને આ પત્ર દ્વારા અમે વિનંતિ કરીએ છીએ કે કળા અને સંસ્કારી મનોભાવના આ મેળામાં ફુલ નહિ તો ફુલની પાંખડી મોકલી મેળાને દીપાવશો. પત્રવ્યવહાર નીચેને સરનામે કરશો.

મંત્રીઓ, વિદ્યાર્થી સંમેલન સ્વાગત સમિતિ
ઉમરેઠ (જીલ્લો ખેડા)

યુવક સંઘ : ભરૂચ

ભરૂચમાં ત્રણેક વર્ષ ઉપર બેત્રણ સંસ્થાઓ ચાલતી હતી. તેના મુખ્ય ચાલકોનું બહારગામ જવાનું થવાથી તે સંસ્થાઓનું કામ ધીમું પડ્યું. એટલે તા. ૮મી સપ્ટેમ્બર ૧૯૨૩ને દિવસે કેટલાક યુવકોએ, સામાન્ય કાર્યોમાં સાથે મળી કામ કરવા માટે 'આર્ય તત્વબોધિની સભા' સ્થાપી. તેમાં પંદરથી ત્રીસ વર્ષની વયના યુવકો સભાસદ થઇ શકે એવો નિયમ હતો. ધીમે ધીમે તેમને મદ્રાસમાં ઉપડેલી, વિશ્વબંધુત્વ પ્રચારક યુવક સંઘ (ધી ઇન્ટરનૅશનલ લીગ ઑફ યૂથ) ની શાખાની ખબર પડી; અને પોતાની 'તત્વબોધિની સભા'ના ઉદ્દેશો પણ એ 'સંઘ'ને મળતા હોવાથી પોતાની સભાને 'યુવક સંઘ'ના રૂપમાં ફેરવવા ઠરાવ્યું.

એ અરસામાં ડૉ. એરૂન્ડેલ, જે 'વિશ્વ-યુવક સંઘ'ના એક સમર્થ પ્રચારક છે તે ભરૂચ આવ્યા, અને આ સભા સાથે વાતચીત કરી, ગઇ તા. ૧૮મી એપ્રિલ ૧૯૨૪ ને દિવસે તેમણે સર્વ સભાસદોની સંમતિથી 'આર્ય તત્વબોધિની સભા'ને 'ભરૂચ યુવક સંઘ'ના રૂપમાં ફેરવી નાખી. એ યુવક સંઘના ઉદ્દેશો નીચે પ્રમાણે છે.

(૧) હિન્દની પ્રાચીન સંસ્કૃતિના અભ્યાસને ઉત્તેજન આપવા પ્રયાસ કરવા. (૨) જાતીય કે કોમીય ભેદભાવ રાખ્યા વિના વિશ્વબંધુત્વની ભાવના ખીલવવા પ્રયત્ન આદરવા. (૩) જુદા જુદા ધર્મો પ્રતિ સહિષ્ણુતા કેળવવા યત્ન કરવા. (૪) વિશ્વની ધાર્મિક, સામાજિક અને રાજકીય પરિસ્થિતિથી વાકેફ રહેવું જરૂરનું હોવાથી તે સંબંધનો અભ્યાસ કરવા સારૂ યુવકવર્ગને પ્રોત્સાહન આપવું; પરન્તુ પોતાના નામ નીચે કોઇપણ પ્રકારના રાજકીય કે ધાર્મિક ઝગડાઓમાં ન પડવું. (૫) સંસ્થાનો

સભ્ય પોતાને જે યોગ્ય લાગે તે વ્યક્તિગત પ્રવૃત્તિ ઉપાડવા સ્વતંત્ર છે. (૬) આ સંસ્થા હમેશને માટે 'ઇન્ટરનૅશનલ લીગ ઑફ યૂથ'ની શાખા રહેશે.

અમને જણાવતાં આનંદ થાય છે કે જે ઉદ્દેશથી 'કુમાર' માસિક નીકળે છે તેવા જ ઉદ્દેશો પર ઠેરઠેર આવી સક્રિય હીલચાલો શરૂ થઇ ચુકી છે. અમને આશા છે કે આવાં જુદાં જુદાં મંડળો અને સંઘોના સભાસદો ઉદારતાથી એકબીજાના કામમાં સહકાર આપતા રહેશે અને એં રીતે પોતાનો વિકાસ અને સમાજની સેવા કરશે. 'આઉટ-ડોર' અને 'ઇન-ડોર' રમતો તેઓ ભલે રમે; પણ સાથેસાથે ઉદ્યોગ અને નાના ધંધાના અભ્યાસવર્ગો પણ તેઓ ચાલુ કરે એમ અમે ઇચ્છીએ છીએ.

મહાવીર વિદ્યાલયનું સંમેલન

ગઇ તા. ૩૭ ઑગસ્ટને દિવસે મુંબાઇમાં મહાવીર વિદ્યાલયના જુના તથા હાલના વિદ્યાર્થીઓનું સ્નેહસંમેલન થયું હતું. એ પ્રસંગે જૈન કોમના બીજા વૃદ્ધ અને યુવાન આગેવાનોએ પણ હાજરી આપી હતી. મુંબાઇ જેવા કામકાજની ધમાલવાળા શહેરમાં વિદ્યાર્થીઓનાં આવાં મંડળો થતાં રહે એ બહુ ઈચ્છવાજોગ છે.

પણ સંમેલનના ઉત્સવોમાં તેમણે જે પ્રસંગો ગોઠવ્યા હતા તેમાં સ્થાનિક કૉલેજોનું અનુકરણ માત્ર કરવામાં ભુલ કરી હતી. જ્ઞાતિનાં આવાં સંમેલનોમાં નાનાંમોટાં સૌને રસ લેતાં કરવાં હોય તો તેમની સૌની સગવડતા અને વખતની અનુકૂળતાનો વિચાર કરીને જ ઉત્સવનો કાર્યક્રમ ગોઠવવો જોઇએ. અને બધું કામ પણ સાદી અને સંસ્કારી ભાષામાં ચાલવું જોઈએ.

કેટલાક સંવાદો વગેરે જે નાટ્યપ્રયોગો ગોઠવ્યા હતા તેમાં બહુ જ છુટ અને અમર્યાદ ચેષ્ટાઓ હતી. એ દૂર કરીને ભવિષ્યમાં શુદ્ધ, સંસ્કારી વાતાવરણ ઉભું કરે, તથા જીવનની ભવ્ય બીનાઓ પ્રકટ કરે એવા પ્રસંગો ભજવી બતાવશે તો તેથી કોમને વધુ ફાયદો થશે. બીજી કોમોના અવગુણોની હાંસી કરવાના કરતાં પરકોમના સદ્‌ગુણો લેવાની હંસવૃત્તિ જ વિદ્યાર્થીઓએ તો રાખવી ઘટે. ભજવાએલા નાટ્યપ્રયોગોમાં રાણા પ્રતાપવાળો પ્રયોગ સારી રીતે રજુ થયો હતો; પરંતુ આ યુગમાં રવીન્દ્રનાથ ઠાકુરનાં 'મુક્ત ધારા' કે 'અચલાયતન' માંથી ચાલુ જમાનાને વધારે બંધબેસતા પ્રસંગો પણ મળી શકે.

રા. મોતીચંદ ગિરધરભાઇ કાપડીઆ જેવા સ્થિર પ્રકૃતિના સદ્દુદ્યોગી પુરુષ મહાવીર વિદ્યાલયના મંત્રી છે એ જાણીને ઉગતી પ્રજા માટે બહુ આશા બાંધી શકીએ. તેમને અમારી વિજ્ઞપ્તિ છે કે કોમમાં સર્જકશક્તિનાં માણસો ઉત્પન્ન કરવા સારૂ તેમણે વિદ્યાલયમાં કલા અને સુવ્યવસ્થાનું વાતાવરણ લાવવું જોઇએ. જ્ઞાતિનાં બાળકો યુનિવર્સિટીની ડિગ્રીઓ મેળવી જાય તેથી જ સંતોષ લઇ બેસી રહેવું ઠીક નથી. તેમના સર્વદેશી વિકાસ માટે ઘણું થવું જોઇએ.

પુસ્તકો: નવાં અને જુનાં



કુમારિકાધર્મ: લેખક-પ્રકાશક, આવજી દામજી શાહ. કીં. ૦-૪-૦

બાળપણ કરતાં યે કૌમાર વધુ નિર્દોષ અને તેજસ્વી હોય. કારણકે વય વધતાં તેજ અને રૂપ વધે એ કુદરતી છે. કૌમારવ્રત એ દેશનું ખરૂં દ્રવ્ય છે; એટલે કોઇ બાળકે કૌમારને યોગ્ય ગુણો અને ધર્મો ભુલવા ન જોઇએ.

એ ગુણો અને ધર્મો કયા છે તે આ નાના પુસ્તકના લેખક બતાવે છે. અને એ દરેક ઉપર શીખામણની પાંચ પાંચ વાતો મુકે છે. એ સઘળી વાતો સારી, ઉપયોગી અને અનુભવથી લખાએલી છે. ધર્મ, નીતિ અને વ્યવહારની નજરે જોતાં પણ આ બધું અમને અમૂલ્ય લાગ્યું છે.

પણ આપણી કુમારિકાઓને તો છીછરી વસ્તુઓ ને મોજશોખ ગમે છે. ધર્મ ને નીતિમાં તેમને શ્રદ્ધા નથી બેસતી, પણ શંકા થાય છે. ધર્મ ને નીતિના આ નિયમો રસપૂર્વક વાંચીને પાળવા જેટલું દૈવત પ્રભુ આપણી કુમારિકાઓને આપો.

માધુકરી



તપસ્વિની રાબેયા

ઇસ્લામ ધર્મમાં રાબેયા નામની એક મહા તપસ્વી બાઇ થઇ ગઇ. એ સ્ત્રી હોવા છતાં પણ તેનો ત્યાગ અને સંયમ કોઇ પણ પુરુષને શરમાવે એવાં હતાં.

એનો જન્મ બસરામાં એક ગરીબ કુટુંબમાં થયો હતો. અરબી ભાષામાં 'રાબા' શબ્દનો અર્થ 'ચોથું' એવો થાય છે. રાબેયા એના દરિદ્ર પિતાની ચોથી પુત્રી હોવી જોઈએ. નાનપણમાં જ તેનાં માતપિતા ગુજરી ગયાં અને બીજે જ વર્ષે બસરામાં મોટો દુકાળ પડયો. રાબેયાને પોતાનું ઘર છોડવું પડયું રસ્તામાં તેને નિરાધાર માની કેટલાક બદમાશોએ પકડી અને નજીવી રકમે એક શ્રીમંતને ત્યાં દાસી તરીકે વેચી દીધી.

રાબેયાનો માલિક-શેઠ ઘણો જ ક્રૂર માણસ હતો. તે એની પાસે સખત મજુરી કરાવતો, અને કામ પુરૂં ન કરી શકે તો નિષ્ઠુરપણે માર મારતો. આ અપમાન અને સજા રાબેયાને અસહ્ય લાગ્યાં તેથી એક દિવસે લાગ જોઇને પોતાના શેઠને ત્યાંથી એ નાસી છૂટી. ઉતાવળમાં શ્વાસભેર નાસવા જતાં માર્ગમાં તે પડી ગઇ અને એથી તેનો હાથ ભાંગી ગયો. આવી અવસ્થામાં શું કરવું એનો તે વિચાર કરવા લાગી. તેની આંખ આગળ સર્વત્ર અંધકાર ફરી વળ્યો. છેવટે પાછી તે પોતાના જુના શેઠને ત્યાં જઈ રહી, અને દિવસની સખ્ત મજુરી પુરી થયે રાત્રે પ્રભુની ઉપાસનામાં ઘણોખરો સમય ગાળવા લાગી.

આ પ્રમાણે કેટલાક દિવસ નીકળી ગયા. એકવાર રાત્રે તેનો શેઠ અચાનક ઉંઘમાંથી જાગી ઉઠયો. તે વેળા રાબેયા પોતાની નાની ઓરડીમાં જમીન પર માથું ઝુકાવી નિત્યના નિયમ પ્રમાણે પરમાત્માની પ્રાર્થના કરતી હતી. રાબેયાનો અવાજ સાંભળી શેઠ તેની ઓરડી તરફ ગયો. ત્યાં જઇને જુએ છે તો રાબેયાનું મોં અપૂર્વ દૈવી તેજથી પ્રકાશતું હતું. શેઠને લાગ્યું કે પોતે જેને એક દાસી-ગુલામડી ગણે છે તે કોઇ સામાન્ય સ્ત્રી નથી. તે દિવસથી તેણે રાબેયાને પૂજનીય ગણી પોતાની નોકરીમાંથી મુક્ત કરી. તે પછી રાબેયા પોતાના શેઠની રજા મેળવી બહાર નીકળી પડી અને કઠોર તપશ્ચર્યા શરૂ કરી દીધી.

કુરાન તેનું અત્યંત માનીતું પુસ્તક હતું. રાતદિવસ તે કુરાનના જ વાંચન અને વિચારમાં લીન રહેતી. યોગાભ્યાસ માટે તેણે કેટલોક સમય અરણ્યમાં પણ ગાળ્યો હતો. ત્યાર પછી તે મક્કા તરફ ચાલી નીકળી, અને મક્કામાં જ તેનું અવસાન થયું. તે આખર સુધી કુમારી જ રહી હતી, અને ઇશ્વરની સેવામાં જ પોતાની જીંદગી ગાળી હતી. આજે એને થઇ ગયાને લગભગ ૧૨૦૦ વર્ષ થયાં હશે.

રાબેયાને કોઈએ એકવાર પુછયું કે 'તમે વિવાહ કેમ નથી કરતાં?' ત્યારે એણે જવાબ આપ્યો કે 'મારે શરીર જ કયાં છે? મેં મારૂં શરીર તો પ્રભુને અર્પી દીધું છે.'

રાબેયાની રહેણી વિષે એક જણ કહે છે કે "રાબેયાને ત્યાં જઇને મેં જોયું તો તેના ઘરમાં એક ભાંગેલો પાણીનો ઘડો પડયો હતો. એ ઘડામાંથી જ તે પાણી પીતી. પાથરવા માટે એક જુદી સાદડી પડી હતી. ઓશીકા તરીકે એક ઇંટ મુકી હતી. મને આ દેખાવ જોઇ બહુ દુઃખ થયું. મેં કહ્યું, 'તપસ્વિની! મારા ઘણા મિત્રો શ્રીમંત છે. આપની આજ્ઞા હોય તો હું એમને આપને વિષે વાત કરૂં.' રાબેયાએ જવાબ દીધો કે 'ઈશ્વરની મદદ સિવાય હું કોઇની મદદ નથી માગતી. પ્રભુ શું ગરીબોને તેમની ગરીબાઇને કારણે જ ભુલી જતો હશે? ખુદાની નજરમાં તો ગરીબ ને અમીર સૌ સરખાં છે.'"

એક માણસે લખ્યું છે કે "એક દહાડો હું અને સુફીઆન, રાબેયા માંદી હતી તેને જોવા સારૂ ગયા. રાબેયાનો તપઃ-પ્રભાવ અમને એટલો બધો ઉગ્ર લાગ્યો કે અમારા મોંમાંથી કેમે કર્યો શબ્દ પણ ન નીકળે. છેવટે રાબેયાએ સુફીઆનને કહ્યું કે 'તમારે જે કંઇ કહેવું હોય તે કહી નાખો.' સુફીઆને કહ્યું કે 'આપ જો અંતઃકરણપૂર્વક ઇશ્વરની પ્રાર્થના કરો તો ખુદા જરૂર આપનું દર્દ દૂર કર્યાં વિના ન રહે.'

આ સાંભળતાં જ રાબેયાની આંખમાં અનેરૂં તેજ ચમક્યું. તે બોલી, 'સુફીઆન! મને જે દર્દ થયું છે તે જ શું ખુદાની મરજીથી નથી થયું? શું તેમાં ઇશ્વરનો પોતાનો જ હાથ નથી? જો ઈશ્વરની ઇચ્છા જ એવી હોય તો પછી તેની વિરુદ્ધ અરજ ગુજારવી એ શું ઇશ્વરનું અપમાન કરવા બરાબર નથી? ભક્ત તો પોતાના માલિકની આજ્ઞા અને ઈચ્છા વિરુદ્ધ કંઇ પણ ન કરી શકે.'

(યુગધર્મ, અષાડ-૧૯૮૦)

બાર વર્ષનો બહાદુર કુમાર

ગોંડળના ચરખડી ગામે નદીકાંઠે ત્રણ સ્ત્રીઓ ન્હાતી હતી. રમત રમતમાં તે સ્ત્રીઓ ઉંડા પાણીમાં ન્હાવા ઉતરી અને જરા વધુ ઉંડા પાણીમાં ઉતરી જવાયાથી ડુબવા લાગી. નદીના કાંઠા પર આ વખતે બ્રાહ્મણનો એક છોકરો બેઠેલો; તે તરત પાણીમાં પડ્યો, અને તે બાઇઓને તેણે બચાવી લીધી. પચીસ પચીસ વર્ષના આપણા ગ્રૅજ્યુએટો અને શિક્ષણના હિમાયતીઓ શરીરવિકાસની કળાઓ પર ધ્યાન આપશે? અફસોસ છે કે, આપણી બાળરમતો કે જેમાંથી આપણી બહાદુરીની તાલીમ અપાય છે, તે નવી કેળવણીએ ભુંસી નાખી છે. (સૌરાષ્ટ્ર, તા. ૧૨-૭-૨૪)

વીર પુત્રોનો બાગ

લંડનની મોટી પોસ્ટ ઑફિસની પાસે જ 'વીરપુત્રોનો બાગ' એ નામનો એક મોટો બગીચો છે. એ બાગમાં, લંડનમાં જે જે વીર કુમારો અત્યાર સુધીમાં પારકાંનું રક્ષણ કરતાં મરણ પામ્યા છે તેમનાં બાવલાં છે. એ સ્મારકોમાં નાનામાં નાનું બાવલું એક આઠ વર્ષના કુમારનું છે. તેણે પોતાની નાની બ્હેનનાં કપડાં સળગેલાં જોઇ તે ફાડી નાખી તેને બચાવેલી; પણ તેમ કરતાં તેનાં પોતાનાં કપડાં સળગી ઉઠયાં અને પોતે બળી ગયો. એનું નામ હેન્રી જેઇમ્સ ચિસ્ટો.

અવ્વાઈ માઈ

દ્રાવિડ પ્રાંતમાં અવ્વાઇ માઇ નામે મીરાંબાઇ જેવી કોઇ મહાતેજસ્વી ભક્તાણી થઇ ગઇ. તે નિત્ય વિષ્ણુમંદિરમાં બેસી રહેતાં. કોઇવાર તેની પીઠ મૂર્તિની તરફ હોય, તો કોઇવાર તે પોતાના લાંબા પગ બરોબર મૂર્તિની સામે પસારીને બેસે. કોઈ ભાવિક પણ બાળભક્ત એક વેળા ત્યાં દર્શને આવી ચઢયો. અવ્વાઈ માઇનો ઇશ્વર સાથેનો ગાઢ સંબંધ આ ભક્ત નહોતો જાણતો; તેથી રાતી આંખ કરીને તેણે તો અવ્વાઇ માઇને થોડી અસત્યાગ્રહી ગાળો સંભળાવી!

અવ્વાઇ માઇ તો ખડખડ હસી ઉઠયાં. તેના હાસ્યથી મંદિર ગાજી ઉઠયું. માઈ પેલા ભક્તને સંબોધીને બોલ્યાં, 'આવ દીકરા! અહીં બેસ બાપુ! તું ક્યાંથી આવ્યો? તેં મને તીખું કહ્યું. પણ એક વાત મને કહે. હું તો ઘરડી થઇ પણ મને એકે ય જગ્યા એવી ન મળી કે જ્યાં ભગવાન ન હોય. જ્યાં પગ પસારૂં ત્યાં તે સામો ને સામો જ. હવે તું કોઈ એવી જગ્યા બતાવે કે જ્યાં તે નથી તો તો જરૂર તે દિશામાં પગ પસારૂં!'

પેલો બાળભક્ત તો વિનયી હતો. અજ્ઞાનને લીધે અવ્વાઈ માઇને ઓળખી નહોતો શક્યો. એ તો ગભરાયો. આંખે તો મોતી સરખાં આંસુ ચડયાં, ને દડદડ માના અંગુઠા ઉપર ટપકવા માંડયાં. માએ પગ ખેંચી લીધા. પેલાએ પકડી લીધા. 'મા હું ભુલ્યો, મને માફ કરો; મને ઉગારો.' અવ્વાઇએ પગ તાણી લીધા ને પોતાના મોટા હાથવતી તેને પકડીને ચાંપ્યો, બચ્ચીઓ ભરી ને વળી ખડખડ હસીને બોલી ઉઠયાં, 'જા, જા. વળી માફ તે શું કરવાનું હોય? તું તો મારો દીકરો છે. મને તારા જેવા ઘણા યે દીકરા છે, હોં. તું ડાહ્યો દીકરો કે તારા મનમાં કંઇક શંકા આવી કે તુરત મને તેં કહી દીધી. જા, શ્રીરંગ ભગવાન તારી રક્ષા કરશે. પણ માને સંભારજે, હોં બેટા!'

(નવજીવન, તા. ૫-૬-૨૪)

પરદુઃખભંજન મિ. સીમન્ડ્ઝ

દક્ષિણ આફ્રિકાની લડતને અંગે એક ડેપ્યુટેશન વીલાયત ગએલું. ગાંધીજી તેમાં હતા. એ વેળા તેમને મદદ કરનાર એક જુવાન અંગ્રેજ મિત્રનું સ્મરણ, ગાંધીજી 'સત્યાગ્રહના ઈતિહાસ' માં નીચે પ્રમાણે નોંધે છે.

"પણ બધાને એક કોરે મુકી દે એવી મદદ કરનાર દક્ષિણ આફ્રિકામાં મળેલો એક અંગ્રેજ મિત્ર હતો. તે હિન્દુસ્તાનમાં રહેલ. તેનું નામ સીમન્ડ્ઝ હતું. અંગ્રેજીમાં એક કહેવત છે કે 'દેવતાઓ જેઓની ઉપર વ્હાલ રાખે છે તેઓને તે પોતાની પાસે વહેલા લઈ જાય છે.' ભરજુવાનીમાં આ પરદુઃખભંજન અંગ્રેજને યમદૂત લઇ ગયો. પરદુઃખભંજન વિશેષણ વાપરવાનું ખાસ કારણ છે. આ ભલો ભાઇ જ્યારે મુંબાઈમાં હતો ત્યારે, એટલે ૧૮૯૭ ની સાલમાં, મરકીનાં હિન્દી દર્દીઓમાં બેધડક થઇને રખડેલ, અને તેઓને તેણે મદદ કરેલ. ચેપી રોગવાળાઓને સહાય કરતાં મરણનો લેશમાત્ર પણ ડર ન રાખવો એ તો તેના ખમીરમાં ઘડાઇ ગએલું હતું. તેનામાં જાતિ કે રંગદ્વેષનો છાંટો યે ન હતો. તેનો મીજાજ અતિશય સ્વતંત્ર હતો. તેનો એક સિદ્ધાંત હતો કે નાના પક્ષ એટલે 'માઇનૉરિટી' ની સાથે જ હંમેશાં સત્ય વસે છે. એ સિદ્ધાંતને વશ થઈને તે જોહાનિસબર્ગમાં મારી તરફ ખેંચાએલ; અને વિનોદમાં મને ઘણી વખત સંભળાવેલું કે જો તમારો પક્ષ મોટો હોય તો તમે ખચીત માનજો કે હું

તમને મુદ્દલ સાથ ન દઉં. કેમકે 'મૅજોરિટી'ના હાથમાં સત્ય પણ અસત્યનું સ્વરૂપ લે છે એમ હું માનનારો છું. એનું વાચન બહોળું હતું. જોહાનિસ્બર્ગના એક કરોડપતિ સર જ્યૉર્જ ફેરરનો તે અંગત વિશ્વાસુ મંત્રી હતો. શૉર્ટહૅન્ડ લખવામાં તે એક્કો હતો. વીલાયતમાં અમે પહોંચ્યા ત્યારે તે અનાયાસે જ આવી પહોંચેલ. મને તેના ઠેકાણાની પણ ખબર ન હતી. પણ અમે તો જાહેર માણસો રહ્યા, એટલે અખબારે ચઢેલા; તેથી આ ભલા અંગ્રેજે અમને શોધી કાઢ્યા, અને જે કંઈ મદદ બની શકે તે કરવા તૈયારી બતાવી. 'મને પટાવાળાનું કામ સોંપશો તો એ પણ કરીશ; અને જો શૉર્ટહૅન્ડનો ખપ હોય, તો તો તમે જાણો જ છો કે મારા જેવો કુશળ માણસ તમને બીજો ન જ મળે.' અમને તો બન્ને મદદ જોઈતી હતી. અને આ અંગ્રેજે રાત અને દહાડો, વગર પૈસે અમારૂં વૈતરૂં કર્યું છે એમ કહેવામાં હું લેશમાત્ર અતિશયોક્તિ નથી કરતો. રાતના બાર બાર અને એક એક વાગ્યા સુધી તો એ હમેશાં ટાઇપરાઇટર ઉપર હોય જ. સંદેશા દઇ જવા, ટપાલે જવું, એ પણ સીમન્ડ્ઝ કરે. અને બધું હસતે મુખે. મને ખબર હતી કે એની કમાણી મહીનાની લગભગ ૪૫ પૌંડ હતી. પણ એ બધું મિત્રો વગેરેને મદદ કરવામાં એ વાપરી નાખતો. તેની ઉમર તે વખતે ત્રીસેક વર્ષની હશે, પણ તે અવિવાહિત રહેલો અને એમ જ જીંદગી ગાળવા તેણે વિચાર રાખેલો. કંઈક પણ લેવા મેં એને ઘણો આગ્રહ કરેલો, પણ એમ કરવાની એણે ચોકખી ના પાડી. 'જો હું આ સેવાનો અવેજ લઉં તો હું ધર્મભ્રષ્ટ થાઉં' એ તેનું વચન હતું. મને યાદ છે કે છેલ્લી રાત્રે અમારૂં બધું કામ આટોપતાં, સામાન વગેરે બાંધતાં, અમને સવારના ત્રણ વાગેલા; ત્યાંસુધી તે પણ જાગેલ. બીજે દિવસે અમને સ્ટીમર ઉપર વળાવીને જ તે અમારાથી વિખુટો પડયો. એ વિયોગ પણ દુઃખદાયી હતો. પરોપકાર એ ઘઉંવર્ણી ચામડીનો જ વારસો નથી એ મેં તો ઘણે પ્રસંગે અનુભવેલું છે."

(નવજીવન, તા. ૫-૬-૨૪.)

ભલો જૉન ડેવી



એ કોણ હતો એમ જો તમે પુછશો, તો કોઇપણ અમેરિકાવાસી કહેશે કે 'વનસ્પતિનો વૈદ્ય, વ્હાલો જૉન.'

જૉન ડેવી ૮૮ વરસ ઉપર અમેરિકાના એક ખેતરમાં જન્મ્યો હતો. બહારથી એ બીજા કોઇ છોકરા જેવો જ દેખાતો; પણ એના અંતરમાં વનસ્પતિ તરફ અગાધ પ્રેમ ભર્યો હતો. જૉનનું કુટુંબ મોટું હતું. તેથી એ ઉઠતો કે તરત કામે જતો. છતાં પોતાની નવરાશની વેળા એ જંગલનાં ઝાડોમાં ગાળતો. પક્ષીઓ ને વૃક્ષોનો એ પરમ મિત્ર બની ગયો હતો. ઇતિહાસ, વિજ્ઞાન અને કળાની પાઠપરંપરા જૉન નહોતો ભણ્યો. અરે, એ લખીવાંચી પણ ન જાણતો.

એ એકવીસ વરસનો જુવાન થયો ત્યારે કોઇને એણે નામ લખતાં અને કાગળ વાંચતાં જોયો. તે જ દિવસે જૉન શહેરમાં ગયો અને પોતાના પૈસામાંથી એક શબ્દકોષ અને બાઇબલ ખરીદ્યાં. પાછા વળતાં આખે રસ્તે એ વિચારતો ગયો કે પેલો માણસ શીખ્યો તો મને કેમ ન આવડે? દહાડાનું કામ પુરૂં થયે એ રાત જાગી પુસ્તકોમાં કલાકોના કલાક ગાળતો અને વાંચતાં શીખતો.

આ દરમ્યાન એ વનસ્પતિનો પ્રેમ વિસર્યો ન હતો. વૃક્ષો સારૂ કામ કરવા તરફ એની જીંદગીનો ઝોક હતો.

જ્યારે જૉન આધેડ ઉમ્મરે પહોંચ્યો ત્યારે તેને ઉજ્જડ જેવા એક કબ્રસ્તાનના રખવાળની નોકરી મળી. ત્રણ વર્ષ સુધી જૉને વાળીચોળીને સાફ કરવાનું, વૃક્ષો વાવવાનું અને સમારવાનું કામ ચલાવ્યું. સમય જતાં એણે એક વાડી લીધી અને એ ફળફુલ તથા તાજાં શાક વેચવા લાગ્યો. ફુરસદનો વખત તેણે વનસ્પતિઉછેરનું પુસ્તક લખવામાં વીતાવ્યો. પણ એ પુસ્તક એને કોઇ છપાવી આપે નહિ. એ પુસ્તકનું નામ સાંભળીને સૌ મજાક કરતા: 'વૃક્ષોનો વૈદ્ય.'

પણ પહાડ હચમચાવે તેવી જોરાવર જૉનની શ્રદ્ધા હતી. તેણે પૈસા ઉછીના લીધા અને પુસ્તક છપાવી બહાર પાડ્યું. હાલ એ અમૂલ્ય પુસ્તકને ઘણાંએ સંઘરી રાખે છે.

પ્રતિદિન જૉન પોતાના અંતરમાં શું શોચતો? રોગી ઝાડને સાજાં કરવાં, લીલી ઝાડીઓ અને જંગલોને જતન કરી જાળવવાં. દેશમાં ઝાડપાન ન હોય તો દેશ છાયાસુનો અને પક્ષીઓનાં ગીત વિનાનો સુક્કો રણ જેવો બની જાય.

હવે જૉને પોતાનું 'દેવદૂત' માસિક પ્રસિદ્ધ કર્યું. અત્યારલગી લોકો કેવળ બેદરકારીથી ઝાડની ડાળીઓ ભાંગતા અને ઝાડને થએલા જખમ રૂઝાવાની વાટ ન જોતા. પણ જૉન વૃક્ષોનો વાઢકાપશાસ્ત્રી (સરજન) બન્યો. ઝાડનાં સુકાએલાં અંગો એ સંભાળપૂર્વક કાપતો, જંતુનાશક પ્રવાહીથી જખમને ધોતો અને માટીથી એવી તો ચતુરાઇથી મલમપટ્ટા બાંધતો કે ઝાડ વધવા માંડે ત્યારે પણ એ બાંધેલો ભાગ છુટો ન પડતો. ઝાડની છાલ ઉપરથી સડેલો ભાગ કે ઉધઈનું કારણ એ કાઢી સાફ કરતો. દરેક ઝાડને અનુકૂળ પડે તેવું ખાતર એ પુરતો.

પૂર્વે કોઈએ નહિ કરી હોય તેવી ગુપ્ત સેવા જૉન કરી ગયો છે. લોકો કહે છે કે અમેરિકાની લીલોતરીનો ખરો પ્રેમી ગયો.